સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૯૬ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# રિલાયન્સ દ્વારા રશિયાના ક્રૂડ ઓઈલની ખરીદી બંધ

## વાડીનારની નાયરા બ્રાન્ડની રોસનેફ્ટ સહિત રશિયાની બે ઓઈલ કંપનીઓ પર પૂર્ણ પ્રતિબંધનો અમલ

**નવી દિલ્હી, તા. ૨૧**

અમેરિકા દ્વારા યુક્રેન યુદ્ધના સંદર્ભમાં રશિયાને ભીસમાં મુકવા તેના ક્રુડતેલ વ્યાપારને ઠપ્પ કરવા જે વ્યાપક પ્રતિબંધાત્મક આદેશો જાહેર કર્યા છે તેના ટાર્ગેટમાં ભારત જે રશિયા પાસેથી તેની આવશ્યકતાના ૪૦% જેવું ક્રુડ ખરીદે છે તે પણ છે.

ભારત અને અમેરિકા વચ્ચે ટેરિફમાં તે મોટો મુદો છે તે વચ્ચે દેશની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી ઓઈલ રીફાઈનરી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીએ તેના જામનગરની રીફાઈનરી માટે રશિયન ક્રુડતેલ ખરીદી બંધ કરવાની સતાવાર જાહેરાત કરી છે.

કંપનીએ એક નિવેદનમાં જાહેર કર્યુ છે કે તા.૨૦ નવે.થી તેણે રશિયન ક્રુડતેલ ખરીદી બંધ કરી છે તે રસપ્રદ છે કે તા.૨૧થી અમેરિકાએ ભારતમાં સક્રિય રોસનેફટ (નાયરા) સહિત રશિયાની બે ઓઈલ કંપનીઓ પર પ્રતિબંધો અમલી બનાવ્યા છે તેના કલાકો પુર્વે જ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીએ પોતે રશિયન ક્રુડતેલ ખરીદી બંધ કરી હોવાની જાહેરાત કરી હતી.

ભારતનું ૭૦% ઓઈલ આ બે રશિયન કંપની મારફત ખરીદાય છે અને રિલાયન્સ તેનો જામનગર રીફાઈનરી માટે રોજના ૫ લાખ બેરલ ખરીદી છે. આ કંપની નાયરા




જે ગુજરાતમાંજ વાડીનાર પાસે અગાઉથી એસ્સારની રીફાઈનરી ધરાવે છે.

અમેરિકાએ રશિયન ક્રુડતેલ મુદે ભારત પર વધારાના ટેરિફ લાદયા છે જે કુલ ૫૦% ટેરિફનો ભાગ છે. રિલાયન્સ ક્રુડતેલ રીફાઈન કરી પેટ્રોલ-ડિઝલ સહિતના ઉત્પાદનો યુરોપમાં વેચે છે તે હવે નોન-રશિયન ક્રુડતેલ મારફત આગળ વધારશે.

અમેરિકાએ રશિયાને ઝુકાવવા યુરોપને પણ તેની ક્રુડતેલ-ગેસ માટે જે રશિયા પર આધાર છે તે તબકકાવાર બંધ કરવા જણાવ્યું છે. રિલાયન્સના જણાવ્યા મુજબ છેલ્લે તા.૨૦ નવે. રશિયન ક્રુડતેલ કાર્ગો તેની રીફાઈનરીમાં આવ્યુ હતું અને રિલાયન્સે તેના આ અંગેના તમામ કરાર પુરા કર્યા છે. છેલ્લે રશિયાથી ૧૨ નવે. રિલાયન્સ માટે ક્રુડતેલ કાર્ગો રવાના થયો હતો.

રિલાયન્સ એ એક જ સ્થળે આવેલી ૧.૪ બિલિયન બેરલ પ્રતિ દિવસ ક્રુડતેલ રિફાઈન કરતું દુનિયાનું સૌથી મોટું યુનિટ છે. જો કે ભારતની સરકારી ખરીદી હજું રશિયા કેન્દ્રીત છે પણ અમેરિકા પાસેથી એલપીજી વિ. ખરીદી પણ શરૂ કરી છે. જો કે તબકકાવાર રશિયન ક્રુડતેલ ખરીદી સરકારી રિફાઈનરીઓએ પણ ઘટાડી છે.

# જી-૨૦ સમિટમાં ભાગ લેવા મોદી દક્ષીણ આફ્રીકા રવાના

## ત્રણ દિવસના પ્રવાસમાં દુનિયાના દિગ્ગજ નેતાઓને મળશે વડાપ્રધાન મોદી

નવી દિલ્હી, તા. ૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે સવારે દક્ષિણ આફ્રિકાના ત્રણ દિવસના પ્રવાસ માટે રવાના થયા. મોદી આજે સાંજે ૬ વાગ્યા સુધીમાં દક્ષિણ આફ્રિકા પહોંચે તેવી અપેક્ષા છે. તેઓ જોહાનિસબર્ગમાં ૨૦મા ૫૨૦ સમિટમાં ભાગ લેશે.

આ વર્ષની ૫૨૦ બેઠકનું આયોજન દક્ષિણ આફ્રિકા કરી રહ્યું છે. સ્મોદી ૨૧ થી ૨૩ નવેમ્બર સુધી દક્ષિણ આફ્રિકામાં રહેશે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન ત્રણ મુખ્ય સત્રોમાં ભાષણ આપશે.સમિટ દરમિયાન, PM મોદી અનેક દેશોના નેતાઓ સાથે વ્યક્તિગત મુલાકાત કરશે. તેઓ



ભારત-બ્રાઝિલ-દક્ષિણ આફ્રિકા (IBSA) દેશોની બેઠકમાં પણ હાજરી આપશે. ૨૦૧૬માં દ્વિપક્ષીય મુલાકાત અને ૨૦૧૮ અને ૨૦૨૩માં બે બ્રિક્સ સમિટ બાદ, મોદીની દક્ષિણ આફ્રિકાની આ ચોથી સત્તાવાર મુલાકાત છે.આ દરમિયાન, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૫૨૦ સમિટનો બહિષ્કાર કર્યો છે. અમેરિકાથી એક પણ અધિકારી હાજરી આપી રહ્યા નથી.

જતા પહેલા, મોદીએ એક નિવેદન આપીને કહ્યું,

અનુસંધાન પાના ૭ પર

# કોલકાતાથી ઢાકા સુધી ૫.૨ તિવ્રતાનો ધરતીકંપ

## સવારે આવતા ભૂકંપથી કોઈ જાન હાની થઈ નથી

નવી દિલ્હી, તા. ૨૧

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. શુક્રવારે સવારે ૧૦.૧૦ વાગ્યે આવેલા આ ભૂકંપનો આંચકો સમગ્ર બંગાળ અને ઢાકા સુધી અનુભવાયો હતો. બંગાળના અનેક જિલ્લાઓમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે.

અહેવાલો અનુસાર, શુક્રવારે સવારે બાંગ્લાદેશમાં ભૂકંપ આવ્યો, જે તુંગીથી આશરે ૨૭ કિલોમીટર પૂર્વમાં હતો. યુરોપિયન-મેડિટેરેનિયન સિસ્મોલોજિકલ સેન્ટર (EMSC) અનુસાર, ભૂકંપ પછી ઘણા વિસ્તારોમાંથી હળવા આંચકા નોંધાયા હતા.

ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૨ હતી. અત્યાર સુધી કોઈ નુકસાનના સમાચાર નથી. કૂચ બિહાર, દક્ષિણ દિનાજપુર, માલદા અને નાદિયાના અનેક વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું મૂળ સ્થાન બાંગ્લાદેશ હોવાનું જણાવવામાં આવે છે. બાંગ્લાદેશના અનેક વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

આપણી પૃથ્વીની સપાટી

અનુસંધાન પાના ૭ પર

# લાંચના નાણામાંથી ખરીદાયેલુ સોનું પરત મળી શકે નહીં : કોર્ટ

## સોનાના વધેલા ભાવ અદાલત માટે નવો મુદ્દો બન્યો

નવી દિલ્હી, તા. ૨૧

સોનાના ભાવમાં થયેલા વધારાએ સીબીઆઈની એક ખાસ કોર્ટ સમક્ષ ભ્રષ્ટાચારના એક કેસમાં ઝડપાયેલ સોનું પરત કરવું કે કેમ તે એક ફેકટર બની ગયુ છે અને તેથી હાલ આ સોનુ સીબીઆઈ કોર્ટ કસ્ટડીમાંજ રહેશે તે નિશ્ચિત કર્યુ છે.

રેલવેમાં ભરતી સમયે થયેલા એક સ્કેનમાં લાંચ પુર્વે લેવડ-દેવડમાં સોનાના બીસ્કીટનો ઉપયોગ થયો હતો. આ કેસમાં નોકરી ઈચ્છુક પાસેથી રેલવેના એ રૂા.૫૮ લાખની રકમ જે લાંચના સ્વરૂપમાં મેળવી હતી તે વડોદરાના એક ધનરાજ જવેલર્સના માલીક રાજેન્દ્ર લાડલાને પાસેથી સોનુ ખરીદવા આપ્યા હતા.

લાડલાએ આ રકમ હરીક્રિષ્ના જવેલર્સને આપી તેના બદલામાં સોનાના બિસ્કીટ મેળવ્યા હતા. તેમાં જયારે આ સોનાના બિસ્કીટ પશ્ચીમ રેલવેના લાંચીયા અધિકારી એસ.કે.તિવારી જેઓ પશ્ચીમ રેલવે વડોદરામાં ચીફ કોમર્શિયલ મેનેજર તરીકે ફરજ બજાવતા હતા તેમને સુપ્રત કરતા હતા તે સમયે સીબીઆઈના છટકામાં ઝડપાઈ ગયા હતા.આ તપાસમાં સીબીઆઈએ પહેલા સોનાના બિસ્કીટ તથા બાદમાં તે ખરીદવા માટે હરિક્રિષ્ના જવેલર્સને જે રોકડ રકમ અપાઈ હતી તે પણ ઝડપી લીધી હતી. હવે હરિક્રિષ્ના જવેલર્સના અમૃતલાલ સોનીએ તેણેજ સોનુ વેચ્યુ હતું તે કાનૂની વ્યવહાર હતો તેથી તે સોનુ પરત આપવા અરજી કરી હતી.જણાવ્યું હતું કે તે આ લાંચ પ્રકરણમાં કયાંય સંડોવાયેલ નથી તેણે ફકત આરોપીને સોનુ વેચ્યું હતું. હવે તેનું સોનું અને નાણા બન્ને કબજે થયા છે તો તેને સોનુ પાછુ મળવું જોઈએ તે તેના વ્યાપારીક કામકાજ અને જીવનનિર્વાહ માટે સોનાનો ધંધો

અનુસંધાન પાના ૭ પર



# મેક્સિકોની ફાતિમા બોશે મિસ યુનિવર્સનો તાજ જીત્યો

## ભારતની મણિકા વિશ્વકર્મા ટોપ-૧૨માં પહોંચવામાં પણ નિષ્ફળ

નવી દિલ્હી, તા. ૨૧

મિસ યુનિવર્સનો ખિતાબ જીતવો એ દરેકનું સ્વપ્ન છે, અને આ વખતે ૨૦૨૫મા, મેક્સિકોની ફાતિમા બોશને ૧૩૦ દેશોના સ્પર્ધકોને હરાવીને મિસ યુનિવર્સનો તાજ પહેરાવવામાં આવ્યો છે. વિવાદ છતાં, ૨૫ વર્ષીય ફાતિમા બોશને મિસ યુનિવર્સનો તાજ પહેરાવવામાં આવ્યો. મિસ થાઈલેન્ડના ડિરેક્ટર નવાટ ઈત્સાગ્રીસિલ દ્વારા શોની વચ્ચે

અનુસંધાન પાના ૭ પર

# બોરીસ જોનસનની બેદરકારીના કારણે બ્રિટનમાં કોવિડ ૨૩૦૦૦ને ભરખી ગયો

## તત્કાલીન વડાપ્રધાને કોરોનાને ગંભીર ન ગણ્યો અને લોકડાઉન સહિતના પગલા લેવામાં વિલંબ કર્યો હોવાનો તપાસ રીપોર્ટ

**નવી દિલ્હી, તા. ૨૧**

બ્રિટનમાં કોવિડ-૧૯ મહામારી દરમિયાન સરકારની કામગીરી અંગે થયેલી તપાસનો રિપોર્ટ ગુરુવારે જાહેર કરવામાં આવ્યો છે, જેમાં તત્કાલીન વડાપ્રધાન બોરિસ જોન્સનના નેતૃત્વ પર ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

રિપોર્ટમાં એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો છે કે જોન્સન સરકારના બિન-ગંભીર વલણ અને નિર્ણયો લેવામાં થયેલા વિલંબને કારણે આશરે ૨૩,૦૦૦ લોકોના જીવ બચાવી શકાયા હોત. ઉલ્લેખનીય છે કે સમગ્ર બ્રિટનમાં કોવિડને કારણે કુલ ૨૩૨,૧૧૨ લોકોના મોત થયા હતા. તપાસમાં જાણવા મળ્યું છે કે નિયમો બનાવવામાં વિલંબ અને સરકારની "અસ્તવ્યસ્ત ઝેરી કાર્યશૈલી''ને કારણે સમસ્યા વધુ વકરી હતી. તપાસ સમિતિના પ્રમુખ, પૂર્વ ન્યાયાધીશ હીથર હેલેટે જણાવ્યું કે, "બોરિસ જોન્સન ૨૦૨૦ની શરૂઆતમાં કોરોના વાયરસના ખતરાનું યોગ્ય આકલન કરવામાં નિષ્ફળ રહ્યા હતા. જે સમયે મહામારીને પહોંચી વળવા માટે ઊર્જા લગાવવી જોઈતી હતી, તે સમયે સરકાર યુરોપિયન યુનિયનમાંથી બ્રિટનને અલગ કરવાની પ્રક્રિયા જેવા અન્ય કાર્યોમાં વ્યસ્ત હતી.''રિપોર્ટમાં સૌથી મોટો ખુલાસો લોકડાઉન અંગે કરવામાં આવ્યો છે. જોન્સને ૨૩ માર્ચ, ૨૦૨૦ના રોજ દેશમાં લોકડાઉનની જાહેરાત કરી હતી, પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ચૂક્યું હતું.તપાસમાં કહેવાયું છે કે જો સરકારે માત્ર એક અઠવાડિયા પહેલા, એટલે કે ૧૬ માર્ચે લોકડાઉન લગાવી દીધું હોત, તો ૨૩,૦૦૦ લોકોના જીવ બચાવી શકાયા હોત. તપાસમાં બોરિસ જોન્સનના પોતાના વર્તન પર પણ ટિપ્પણી કરવામાં આવી છે.

અનુસંધાન પાના ૭ પર

# મધ્ય પ્રદેશમાં જોરદાર ઠંડી ૧૨ શહેરોમાં પારો ૧૦ ડીગ્રી

## બદ્રીનાથમાં તાપમાન માઈનસ ૬ ડિગ્રી નોંધાયું : દિલ્હીમાં પ્રદૂષણ વધ્યું

નવી દિલ્હી, તા. ૨૧

મધ્યપ્રદેશમાં છેલ્લા ૧૫ દિવસથી ભારે ઠંડી પડી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં ભોપાલ અને ઈન્દોર સહિત ૧૨ શહેરોમાં તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે ગયું છે. રાજગઢમાં સૌથી ઓછું તાપમાન ૭.૫ ડિગ્રી નોંધાયું છે. જબલપુરમાં ગાઢ ધુમ્મસ છવાયું છે. શુક્રવારે ઈન્દોર, ભોપાલ, રાજગઢ, શાજાપુર અને સિહોરમાં કોલ્ડવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે.

ઉત્તરાખંડમાં છેલ્લા કેટલાક સમયથી વરસાદના અભાવે વાતાવરણમાં ભેજનો અભાવ છે, જેના કારણે ઠંડી પડી રહી છે. બદ્રીનાથમાં તાપમાન માઈનસ ૬ ડિગ્રીથી નીચે છે. મેદાનીય વિસ્તારોમાં સવારનો ધુમ્મસ છવાયેલો છે. હવામાનશાસ્ત્રીઓના મતે, આગામી થોડા દિવસો સુધી રાજ્યમાં હવામાન એવું જ રહેશે. વધુ હિમવર્ષા થવાની સંભાવના છે.

આ દરમિયાન, દિલ્હી-હ્નઝ્રઈમાં પ્રદૂષણ સતત વધી રહ્યું છે. ગુરુવારે, દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૫૦૬ હતો, જે જોખમી કેટેગરીમાં આવે છે. વિશ્વભરમાં વાયુ પ્રદૂષણને માપતી આંતરરાષ્ટ્રીય સંસ્થાૌંઊ એર દ્વારા

અનુસંધાન પાના ૭ પર

# ગોધરાના ઘરમાં આગ લાગતા એકજ પરિવારના ચારનાં મોત

## પુત્રની સગાઈની હરખભેર તૈયારી કરતો દોસી પરિવાર સવારે જાગી ન શકયો

ગોધરા, તા. ૨૧

ગોધરા શહેરના બામરોલી રોડ પર આવેલા ગંગોત્રીનગર વિસ્તારમાં આજે (૨૧ નવેમ્બર) વહેલી સવારે એક અત્યંત હૃદયદ્રાવક અને કંપાવી દેનારી ઘટના સામે આવી છે, જ્યાં 'શરણાઈ'ના સૂર રેલાય એ પહેલાં જ એક હસતા-ખેલતા પરિવારના ચાર સભ્યનાં કરુણ મોત નીપજ્યાં છે. પ્રસંગની ખુશીને માતમના ઘેરા શોકમાં ફેરવી નાખનારી આ ઘટનાએ સમગ્ર ગોધરા શહેરને સ્તબ્ધ કરી દીધું છે.

બામરોલી રોડ પર અંકુર સોસાયટીની બાજુમાં આવેલા ગંગોત્રીનગર (સેતુ ક્લબ પાસે)માં રહેતો અને શહેરમાં જાણીતા 'વર્ધમાન જ્વેલર્સ'ના વ્યવસાય સાથે સંકળાયેલો કમલભાઈ દોશીનો પરિવાર આજે ભારે ઉત્સાહમાં હતો. આજે સવારે જ તેમના ૨૪ વર્ષીય પુત્ર દેવ દોશીની સગાઈ માટે આખો પરિવાર હરખભેર વાપી જવા રવાના થવાનો હતો.

ગઈકાલે રાત્રે પિતા કમલભાઈ દોશી (ઉં.વ. ૫૦), માતા દેવલબેન દોશી (ઉં.વ. ૪૫) અને તેમના બે આશાસ્પદ યુવાન પુત્ર દેવ (ઉં.વ. ૨૪) અને રાજ (ઉં.વ. ૨૨) આવતીકાલના શુભ પ્રસંગની ચર્ચા કરતાં અને હસી-મજાક કરતાં સૂતાં હતાં. તેમને ક્યાં ખબર હતી કે એ રાત તેમની છેલ્લી રાત સાબિત થવાની છે.

મળતી માહિતી મુજબ, મોડીરાત્રે કે વહેલી સવારે ઘરના ગ્રાઉન્ડ ફ્લોર પર રાખેલા સોફામાં શોર્ટસર્કિટ કે અન્ય કોઈ કારણોસર આગ લાગી હતી. દુર્ઘટનાનું સૌથી કરુણ પાસું એ રહ્યું કે ઘર ચારે તરફ કાચથી સંપૂર્ણપણે પેક હતું, જેના કારણે આગમાંથી પેદા થયેલો ઝેરી ધુમાડો બહાર નીકળી શક્યો નહીં અને સમગ્ર ઘરમાં ભરાઈ ગયો. ગાઢ નિદ્રામાં સૂતેલા પરિવારને જાગવાની કે બચવાની જરા પણ તક મળી ન શકી

અનુસંધાન પાના ૭ પર

# બ્રાઝિલમાં જળ વાયુ સંમેલન સંકુલમાં આગમાં ૧૩ ઘાયલ

## સમિટમાં પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ સહિત ૧૯૦ દેશના ડેલિગેટ્સ હાજર હતા

નવી દિલ્હી, તા. ૨૧

ગુરુવારે બ્રાઝિલના બેલેમ શહેરમાં UN COP૩૦ ક્લાઈમેટ સમિટના મુખ્ય સ્થળે આગ લાગી હતી, જેમાં ૧૩ લોકોને ઈજાલ થઈ હતી. આગ લાગી ત્યારે ભારતના પર્યાવરણમંત્રી ભૂપેન્દ્ર યાદવ પણ ભારતીય પ્રતિનિધિમંડળ સાથે હાજર હતા, જોકે તેઓ અને અન્ય અધિકારીઓ સુરક્ષિત રીતે ઘટનાસ્થળેથી નીકળી ગયા.

ધ ન્યૂયોર્ક ટાઈમ્સ મુજબ, સ્થાનિક સમય અનુસાર બપોરે ૨ વાગ્યે (ભારતીય સમય મુજબ રાત્રે ૧૦.૩૦ વાગ્યે) કન્વેન્શન હોલની અંદરના પેવેલિયનમાં આગ લાગી હતી. આ કાર્યક્રમ સમયે ૧૯૦થી વધુ દેશોના ૫૦,૦૦૦થી વધુ ડિપ્લોમેટ, પત્રકારો અને એક્ટિવિસ્ટ પેવેલિયનમાં ભેગા થયા હતા.

ભારતીય મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ઘટના સમયે બ્લૂ ઝોનમાં ભારતીય પ્રતિનિધિમંડળ સાથે યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસ અને ભારતના પર્યાવરણમંત્રી ભૂપેન્દ્ર યાદવ પણ હાજર હતા. આગની જાણ થતાં જ બધાને સ્થળ પરથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

આગના કારણે હજારો લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાસ્થળના વીડિયો અને ફોટામાં લોકો પોતાનો જીવ બચાવવા માટે ભાગતા જોવા

અનુસંધાન પાના ૭ પર

પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો તથા સુરત જિલ્લા માટે ખબરપત્રી જોઈએ છે.



મો .નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫



# પૂર્વ વિધાનસભા મતદાર ક્ષેત્રમાં ભવ્ય એકતા પદ યાત્રા

## એકતા પદયાત્રામાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા

સુરત, તા.૨૧

અખંડ ભારતના શિલ્પી અને રાષ્ટ્રીય એકતાના પ્રતીક સરદાર વલ્લભભાઈ પટેલના ૧૫૦મી જન્મજયંતિના ઉજવણીના ભાગરૂપેસમગ્ર દેશમાં "યુનિટી રન/પદયાત્રા"નું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેનો હેતુ સરદારશ્રીના આદર્શો લોકો અપનાવે,દેશના નાગરિકોમાં રાષ્ટ્રભક્તિ, સામાજિક જવાબદારી અને એકતાની ભાવના વધુ મજબૂત બને તેમજ 'એક ભારત—શ્રેષ્ઠ ભારત'ના સપનાને આગળ ધપાવવા સૌ એકજુટ થઇ આગળ આવે તેવો રહેલો છે. જેના ભાગરૂપ તા. ૨૦/૧૧/૨૦૨૫, ગુરુવારના રોજ ૧૫૯-સુરત પૂર્વ વિધાનસભા માટે "એકતા પદયાત્રા"નો પ્રેરણાદાયી કાર્યક્રમ ભવ્યરીતે યોજાયો હતો.

આ કાર્યક્રમમાં સંસદ સભ્યશ્રી મુકેશભાઇ દલાલ, ૧૫૯-સુરત પૂર્વ વિધાનસભાના ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી રાજેન્દ્રકુમાર કાપડીયા, પૂર્વ સ્થાયી સમિતિ ચેરમેન શ્રી રાજેશભાઈ દેસાઈ, શ્રી મધુભાઈ કથીરિયા,કોર્પોરેટરશ્રીઓ, પત્રકાર મિત્રો અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમની શરૂઆત સુરત રેલ્વે સ્ટેશન ખાતે સ્થિત સરદાર સાહેબની પ્રતિમાને પ્રતિમાને પુષ્પાંજલિ અને સુત્રાંજલિ અર્પણ કરી, વંદન અને આશીર્વાદ મેળવીને કરવામાં આવી હતી.

આ પ્રસંગે, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવેલ અને સાંસદ શ્રી મુકેશભાઈ દલાલ તથા શ્રી મધુભાઈ કથીરિયા દ્વારા પ્રસંગોચિત ઉદબોધન કરવામાં આવેલ. મહાનુભાવોએ પોતાના સંબોધનમાં ગુજરાતના ગૌરવ સરદાર સાહેબની સંગઠનશક્તિ, દુરદર્શિતા અને ૫૬૨ રજવાડાઓને એકત્રીત કરી અખંડ ભારતના નિર્માણમાં આપેલા યોગદાનની યાદ અપાવી હતી. તેમના નીડર અને નિર્ભય સ્વભાવ, દેશ પ્રેમ તેમજ રાજનીતિક કુનેહ, દુરન્દેશી દ્રષ્ટિ અને નિસ્વાર્થ રાષ્ટ્ર સેવાને બિરદાવી સમાજના તમામ લોકો એક જૂટ થઈ "એક ભારત—શ્રેષ્ઠ ભારત" અને "વિકસિત ભારત જ૨૦૪૭" ના સપનાને સાકાર કરવા સક્રિયપણે જોડાય તેવી અપીલ કરી હતી. કાર્યક્રમના ભાગરૂપ મંચ પરથી એકતા, સ્વદેશી

અનુસંધાન પાના ૭ પર

# આરોગ્ય વિભાગે પનીર, ચીજના લીધેલા પૈકીના છ નમુના ફેઇલ

## ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ છ દુકાનદારો વિરુદ્ધ કેસ દાખલ કરશે

સુરત, તા.૨૧

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય હસ્તકના ફુડ વિભાગ અને જેતે ઝોનના સેનિટેશન સ્ટાફને ડે.કમિશનશ્રી (ડી) (એચ.એન્ડ એચ.) તથા આરોગ્ય અધિકારી અને ડેઝીગ્નેટેડ ઓફીસરશ્રીની સુચના તથા સીધા માર્ગદશન હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ખાદ્ય પદાર્થોની સંસ્થાઓની સઘન ચેકીંગ હાથ ધરી સંસ્થાઓમાંથી તા.૦૩/૧૧/૨૦૨૫ થી તા.૧૫/૧૧/૨૦૨૫ સુધીમાં કરવામાં આવેલ કામગીરી દરમ્યાન પનીર એનાલોગ, ચીઝ એનાલોગ અને ઘી નુ ઉત્પાદન તેમજ વેચાણ કરતી સંસ્થાની સ્થળ તપાસ કરવામાં આવેલ, જે નમુનાઓ લઈ પૃથ્થકરણ સારૂ પબ્લીક હેલ્થ લેબોરટરી, સુરત મહાનગરપાલિકા ખાતે મોકલી આપવામાં આવેલ છે. વધુમાં આશરે જે પૈકીના કુલ-૬ નમુનાઓ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ અને તેના નીતિ-નિયમો અનુસાર ફુડ એનાલીસ્ટ શ્રી, પબ્લીક હેલ્થ લેબોરેટરી, સુ.મ.પા. દ્વારા અનસેફ હોવાનો અભીપ્રાય આપેલ છે.



# સ્કેટ ખાતે હેન્ડ્સ-ઓન Arduino અને રોબોટિક્સ વર્કશોપ યોજાયો

## વિજ્ઞાન પ્રવાહના ધો.૧૧-૧૨ના ૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

સુરત, તા.૨૧

સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનીકેશન વિભાગ દ્વારા IEEE ગુજરાત વિભાગના સહયોગથી ધોરણ ૧૧ અને ૧૨ (વિજ્ઞાન)ના વિદ્યાર્થીઓ માટે Spark It Up ૨.૦ નામનું હેન્ડ્સ-ઓન વર્કશોપ ૨૦ નવેમ્બર ૨૦૨૫ના રોજ SCET કેમ્પસમાં યોજાયું. લાન્સર્સ આર્મી સ્કૂલ, સી.સી. શાહ સાર્વજનિક હાઈસ્કૂલ, વનિતા વિશ્રામ, લૂડઝ કોન્વેન્ટ અને મેટાસ એડવેંટિસ્ટ સ્કૂલના ૫૦થી વધુ વિદ્યાર્થીઓએ તેમાં ભાગ લીધો હતો. વર્કશોપનો હેતુ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક ઉત્સુકતા જગાડવાનો હતો. તેમને Arduino માઈક્રોકન્ટ્રોલર, સેન્સર્સ, એમ્બેડેડ સિસ્ટમ્સ અને પ્રારંભિક રોબોટિક્સનો પ્રાયોગિક અનુભવ આપવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ પ્રોજેક્ટ્સ બનાવીને શીખ્યા હતા જેમાં અલ્ટ્રાસોનિક સેન્સરથી રડાર નૅવિગેશન,સોઈલ મોઈશ્ચર આધારિત ઓટો સિંચાઈ LDR આધારિત ઓટો સ્ટ્રીટ લાઈટ MPU૬૦૫૦ આધારિત નૅવિગેશન PIR મોશન ડિટેક્શન લાઈટ બ્લૂટૂથ નિયંત્રિત રોબોટિક કારનો સમાવેશ થાય છે. આ પ્રવૃત્તિઓથી તેમની સર્જનાત્મકતા, સમસ્યા હલ કરવાની કુશળતા અને ટેકનોલોજી ક્ષેત્રમાં આગળ વધવાની પ્રેરણા મજબૂત બનશે.




# આવતીકાલથી સુરતમાં ત્રણ દિવસ સીટેક્ષ-૨૦૨૫નું ભવ્ય આયોજન

## સીટેક્ષ-સુરત ઈન્ટરનેશનલ ટેક્સ્ટાઇલ એક્સ્પોમાં ફાયબર મશીનનું ભારતમાં પ્રથમવાર લોન્ચીંગ

સુરત, તા.૨૧

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર અને સુરત ટેક્ષમેક ફેડરેશનના સંયુકત ઉપક્રમે આગામી તા. ૨૨, ૨૩ અને ૨૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ત્રિદિવસીય 'સીટેક્ષ—સુરત ઈન્ટરનેશનલ ટેક્ષ્ટાઈલ એક્ષ્પો—૨૦૨૫'નું આયોજન કરાયું છે.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ પ્રદર્શન 'સીટેક્ષ' શ્રેણીનું આ ૧૨મું પ્રદર્શન છે. ચેમ્બરના અતિ મહત્વકાંક્ષી પ્રદર્શનનો પ્રમુખ ઉદ્દેશ સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગને વૈશ્વિક સ્તરે એક નવી દિશા અને ગતિ આપવાનો છે. ટેક્ષ્ટાઈલ ટેકનોલોજી એન્ડ મશીનરી માટે યોજાનારા આ એકઝીબીશનનો સીધો લાભ સુરતના વિકાસશીલ ટેક્ષ્ટાઈલ ઉદ્યોગને મળે છે.

આ એકઝીબીશનમાં ઈન્ડસ્ટ્રીયલ ફેબ્રિકસ માટે ગ્લાસ ફાયબર મશીનને ભારતમાં પ્રથમ વખત લોન્ચ કરવામાં આવશે. આ મશીનરી ઈલેકટ્રીક સરકીટ, કાર, બિલ્ડીંગ કન્સ્ટ્રકશન માટે તેમજ રેલ્વે ટ્રેકમાં નીચે મૂકવામાં આવતું ફેબ્રિક બનાવે છે. ઈન્ડસ્ટ્રીમાં મલ્ટીપર્પઝ ઉપયોગમાં લેવાતું ફેબ્રિક આ મશીનરી બનાવે છે, જેનું ભારતમાં પ્રથમ વખત સીટેક્ષ એકઝીબીશનમાં લોન્ચીંગ કરવામાં આવશે.

સુરત ટેક્ષમેક ફેડરેશનના જોઈન્ટ સેક્રેટરી શ્રી ભાવેશ વઘાસિયા અને ટ્રેઝરર શ્રી મહેન્દ્ર કુકડીયાએ સંયુકતપણે જણાવ્યું હતું કે, ભારતમાં પ્રથમ વખત ચેમ્બરના સીટેક્ષ એકઝીબીશનમાં મોટરાઈઝ સાથેનું બાર ઓપરેટવાળું હાઈ સ્પીડ ક્રોકેટ નીટિંગ મશીનનું પ્રદર્શન કરવામાં આવશે. પ્રથમ વખત વેલ્વેટ સરકયુલર, હાઈ સ્પીડ વેલ્વેટ એરજેટ, હાઈ સ્પીડ વૉર્પિંગ મશીન, હાઈ સ્પીડ સરકયુલર મશીન ચેમ્બરના એકઝીબીશનમાં પ્રદર્શિત કરવામાં આવશે. ટેક્ષ્ટાઈલ મશીનરીમાં ટેકનોલોજી અપગ્રેડ થઈ રહી છે. સુરતમાં સીટેક્ષ પ્રદર્શનમાં હાઈ સ્પીડ રેપિયર લુમ, હાઈ સ્પીડ એરજેટ લુમ, હાઈ સ્પીડ વોટરજેટ લુમનું પ્રદર્શન કરવામાં આવશે. ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, સીટેક્ષ

અનુસંધાન પાના ૭ પર

# સુરત શહેરમાં બિસ્માર બનેલા ૪૪ રસ્તાઓનું સમારકામ પૂર્ણ

## પેચવર્ક અને રીસરફેસિંગ દ્વારા ૨૯૭૪.૫૯ મે.ટન હોટમીક્ષનો ઉપયોગ કરાયો



સુરત, તા.૨૧

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના માર્ગોને સુગમ અને સલામત બનાવવા માટે માર્ગ સુધારણા કામગીરીને વેગ આપવામાં આવ્યો છે. શહેરના વિવિધ ઝોનમાં કુલ ૪૪ રસ્તાઓ પર પેચવર્ક અને રીસરફેસિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે.

શહેરના સાઉથ ઝોન-એ, ઈસ્ટ ઝોન-બી, વેસ્ટ ઝોનના, નોર્થ ઝોન, સેન્ટ્રલ ઝોન,સાઉથ વેસ્ટ ઝોનના ૦૧ રોડ, ઈસ્ટ ઝોન —એ, સાઉથ ઝોન-બી સહિતના કુલ ૯ ઝોનમાં મળી ૩૪ રસ્તાઓ પર પેચવર્કની જરૂરિયાત જણાતા ૪૧૮.૯૬ મે.ટન હોટમીક્ષ મટીરીયલનો ઉપયોગ કરીને રસ્તાઓને મોટરેબલ બનાવવામાં આવ્યા. પેચવર્ક દ્વારા રસ્તાઓના ખાડા તથા નુકસાનગ્રસ્ત સપાટીનું મરામત કરી વાહનવ્યવહાર સુગમ બનાવવામાં આવ્યો છે.

ઉપરાંત, ૧૦ રસ્તાઓ પર રીસરફેસિંગના કામો પણ હાથ ધરાયા. જેમાં સાઉથ ઝોન-એ, વેસ્ટ ઝોન, નોર્થ ઝોન, સેન્ટ્રલ ઝોન, સાઉથ વેસ્ટ ઝોન, ઈસ્ટ ઝોન-એ અને સાઉથ ઝોન-બીનો સમાવેશ થાય છે. રીસરફેસિંગની કામગીરીમાં ૨૫૫૫.૬૩ મે.ટન હોટમીક્ષનો ઉપયોગ કરવામાં આવ્યો, જેના દ્વારા માર્ગોની સપાટી વધુ મજબૂત, સમતલ અને ટકાઉ બનાવવામાં આવ્યા છે.

આમ કુલ ૨૯૭૪.૫૯ મે.ટન હોટમીક્ષનો ઉપયોગ કરીને શહેરભરના ૪૪૧૪ મીટર લંબાઈ અને ૨૪,૩૪૯.૫૮ ચો.મી. વિસ્તાર જેટલા માર્ગોનું મરામત પૂર્ણ કરવામાં આવ્યું. આ કામગીરીને કારણે મોટા પાયે દિવસ-પ્રતિદિવસ મુસાફરી કરતા નાગરિકોને રાહત મળશે અને વાહન વ્યવહારની ગતિમાં પણ સુધારો થશે.

માર્ગ સુધારણા કામગીરીની ગુણવત્તા અને પ્રગતિની ખાતરી કરવા માટે જુદા જુદા ઝોનના

અનુસંધાન પાના ૭ પર



# ઓલપાડ તાલુકા પ્રાયમરી ટીચર્સ ક્રેડીટ સોસા.ની મિટીંગ

## મંડળીનો શતાબ્દી મહોત્સવ ઉજવાશે

સુરત, તા.૨૧

ધી ઓલપાડ તાલુકા પ્રાયમરી ટીચર્સ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લિમિટેડની એક અગત્યની મિટિંગ મંડળીનાં પ્રમુખ કિરીટભાઈ પટેલનાં અધ્યક્ષસ્થાને યોજવામાં આવી હતી. આ પ્રસંગે મંડળીનાં ઉપપ્રમુખ બળદેવભાઈ પટેલ સહિત તમામ કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

મંડળીનાં મુખ્ય સેક્રેટરી મહેશભાઈ પટેલે સૌ કારોબારી સભ્યોને શાબ્દિક આવકાર આપી મિટિંગની સંક્ષિપ્ત માહિતી આપી હતી. મંડળીનાં જોઈન્ટ સેક્રેટરી ભરતભાઈ પટેલે ગત સભાનાં એજન્ડાનું વાંચન કર્યુ હતું જેને સર્વાનુમતે બહાલ રાખવામાં આવ્યું હતું. પ્રમુખસ્થાનેથી કિરીટભાઈ પટેલે મંડળીની સ્થાપનાનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં હોઈ મંડળીનાં શતાબ્દી મહોત્સવની ઉજવણીનાં આગોતરા આયોજન બાબતે સવિસ્તર ચર્ચા હાથ ધરી હતી. આ તકે તેમણે આગામી ૧૦ જાન્યુઆરી ઉજવણીની સંભવિત તારીખ જાહેર કરી કારોબારી સભ્યોને એકમેકનાં યોગ્ય સંકલનથી વિવિધ જવાબદારીઓ બજાવવા અંગેની રૂપરેખા રજૂ કરી હતી. અંતમાં મંડળીનાં બીજા જોઈન્ટ સેક્રેટરી શશીકાંત પટેલે આભારવિધિ આટોપી હતી.




# વરાછામાં સરદાર પટેલ એકતા દોડનો આરંભ કરાવતા કાનાણી

## સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપ વરાછા વિધાન સભામાં યુનિટી માર્ચ

સુરત, તા.૨૧

દેશની એકતાના પ્રતિક સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે વરાછા વિધાનસભા વિસ્તારની 'સરદાર ૧૫૦ યુનિટી માર્ચ' પદયાત્રાને મીનીબજાર સ્થિત સરદાર પટેલની પ્રતિમા ખાતેથી સાંસદશ્રી મુકેશભાઈ દલાલ, મેયરશ્રી દક્ષેશ માવાણી અને ધારાસભ્યશ્રી કુમાર કનાણીએ ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. પદયાત્રામાં મોટી સંખ્યામાં શહેરીજનો જોડાયા હતા.

સુરત મહાનગર પાલિકા અને સુરત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સરદાર પ્રતિમા મીનીબજાર થી સરથાણા નેચર પાર્ક સુધીની એકતા પદયાત્રા પૂર્ણ થઈ હતી. સરદાર પ્રતિમા મીનીબજાર થી સરથાણા નેચર પાર્ક સુધીમાં વિવિધ સ્થળો પર એકતા પદયાત્રાનું ભવ્ય સ્વાગત કરાયું હતું.

વરાછા વિધાનસભામાં યોજાયેલી યુનિટી માર્ચ પ્રસંગે મેયરશ્રી દક્ષેશભાઈ માવાણીએ જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના ઉપક્રમે સમગ્ર દેશમાં કાશ્મીરથી કન્યાકુમારી સુધી તેમજ શહેરોથી ગામડાંઓ સુધી રાષ્ટ્રીય એકતા અને સંકલ્પનો માહોલ સર્જાયો છે. આ જ ઉજાસ વચ્ચે વરાછા વિધાનસભામાં પણ યુનિટી માર્ચનું આયોજન કરવામાં આવ્યું છે.

મેયરશ્રીએ વધુમાં જણાવ્યું કે, "સરદાર વલ્લભભાઈ પટેલ એવા મહાન રાષ્ટ્રપુરુષ હતા, જેમનું વ્યક્તિત્વ અને કાર્ય શબ્દોમાં સમાવી શકાય તેમ નથી. સરદાર સાહેબના ત્યાગ, શિસ્ત, નિષ્ઠા અને રાષ્ટ્રીય એકતા પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતા આજે પણ દેશના દરેક નાગરિક માટે પ્રેરણાસ્ત્રોત છે. યુનિટી માર્ચ માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ સરદાર સાહેબના બલિદાનને વંદન કરી રાષ્ટ્રીય એકતાની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બનાવવાનો અવસર છે.

યુનિટી માર્ચ પ્રસંગે ધારાસભ્યશ્રી કુમાર કાનાણીએ જણાવ્યું હતું કે, "ભારતને આઝાદી અપાવવાની લડતમાં અસંખ્ય સ્વાતંત્ર્ય સેનાનીઓએ પોતાના પ્રાણોની આહુતિ આપી છે. આ મહાન યજ્ઞમાં મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવા વિઝનરી નેતાઓનું યોગદાન અવિસ્મરણીય છે. દેશ આઝાદ થયા

અનુસંધાન પાના ૭ પર

# રંગ ઈન્ટરનેશનલ સ્કૂલના બાળ વૈજ્ઞાનિકોની સિદ્ધિ

## વિજેતા ત્રણ કૃત્રિઓ હવે જિલ્લા કક્ષાના પ્રદર્શનમાં રજૂ કરાશે

અંકલેશ્વર, તા.૨૧

અંકલેશ્વરની રંગ ઈન્ટરનેશનલ સ્કૂલનાં બાળ વૈજ્ઞાનિકોએ તાજેતરમાં યોજાયેલા એસ.વી.એસ. (ક.મા. મુનશી શાળા વિકાસ સંકુલ) કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં શાનદાર પ્રદર્શન કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે.

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT), ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET), ભરૂચ આયોજિત આ પ્રદર્શન તારીખ ૧૨/૧૧/૨૦૨૫ ને બુધવારના રોજ શ્રી રંગ નવચેતન વિદ્યા મંદિર, વાલિઆ ખાતે યોજવામાં આવ્યું હતું. રંગ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ આ પ્રદર્શનમાં અલગ-અલગ પાંચ વિભાગોમાં ભાગ લઈને પાંચ નવીન કૃતિઓ રજૂ કરી હતી, જેમાં તેમના વૈજ્ઞાનિક અભિગમ અને નવીન વિચારસરણીનું પ્રદર્શન થયું હતું. શાળાએ કુલ ત્રણ (૦૩) પુરસ્કારો પ્રાપ્ત કરીને નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. આ ત્રણેય વિજેતા કૃતિઓ હવે આગામી સમયમાં જીલ્લા કક્ષાએ શાળાનું પ્રતિનિધિત્વ કરશે.

રંગ ઈન્ટરનેશનલ સ્કૂલ પરિવારે આ મોટી સિદ્ધિ બદલ તમામ વિજેતા વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકોને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. શાળાએ જણાવ્યું હતું કે, આ સફળતા વિદ્યાર્થીઓની મહેનત, શિક્ષકોના અસરકારક માર્ગદર્શન અને શાળા દ્વારા પૂરા પાડવામાં આવેલા સહયોગી વાતાવરણનું પરિણામ છે.

આ મહાન સિદ્ધિ બદલ રંગ ઈન્ટરનેશનલ સ્કૂલના આચાર્યશ્રીએ તમામ વિજેતા વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકોને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યું હતું કે, "બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં અમારા વિદ્યાર્થીઓની આ સફળતા તેમની જિજ્ઞાસા અને સખત મહેનતનું પ્રતીક છે. મને ગર્વ છે કે અમારા વિદ્યાર્થીઓ માત્ર પુસ્તકિયું જ્ઞાન જ નહીં, પરંતુ વાસ્તવિક જીવનની સમસ્યાઓના ઉકેલ માટે વૈજ્ઞાનિક

અનુસંધાન પાના ૭ પર

# આર્ટ ઓફ લિવિંગ અંકલેશ્વર દ્વારા ધાબળાનું વિતરણ

## જરૂરિયાતમંદોને ૩૦૦ ધાબળા વિતરીત કરાયા

સુરત, તા.૨૧

ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી દ્વારા સ્થાપિત આર્ટ ઓફ લિવિંગ સંસ્થા સમાજના ઉત્થાન માટેની અનેક સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલ છે. જ્યારે ઠંડીની શરૂઆત થઈ ચૂકી છે ત્યારે આર્ટ ઓફ લીવિંગ અંકલેશ્વરના સ્વયંસેવકો દ્વારા શહેરની અનેક જગ્યાઓ પર ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું.

સ્વયંસેવકો દ્વારા શહેરના વિવિધ વિસ્તારો જેમકે ગડખોળ પાટિયા, GIDC વિસ્તારના વિવિધ વસાહતોમાં રહેતા જરૂરિયાતમંદ વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ, બાળકો વગેરેને લગભગ ૩૦૦થી વધુ ઉચ્ચ ગુણવતાવાળા ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું. આર્ટ ઓફ લિવિંગના સેવકોએ આ આ સહાય દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને ઊષ્ણતા અને સંવેદનાનો સહારો આપ્યો. આ પહેલ સમાજ પ્રત્યેની કરુણા, જવાબદારી અને એકતાનો સુંદર સંદેશ આપે છે. આપના આવતીકાલ ના પ્રકાશન માં ઉપરોક્ત માહિતી આવરી લેવા વિનંતી.

# એઆઈથી ડરવાની જરૂર નથી, તેને જાણવાની જરૂર છે : મિત દેસાઈ

## એ.આઈ નવિ દુનિયાની પાંખો છે જગતપર મંડાયેલી આંખો છે : કાનજી ભાલાળા

સુરત, તા.૨૧

આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ કલ્પનાથી પણ આગળ છે જે માનવજીવનને પ્રભાવિત કરે છે. તેવા વિષય સાથે યોજાયેલા ૧૩૪માં થર્સ-ડે થોર્ટ કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, સમયની સાથે જીવવા માટે સમયની સાથે બદલાવું પડે છે. જીવનમાં બદલાવની શરૂઆત વિચારથી થાય છે. તેથી શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી વિચારોનું વાવેતર કાર્યક્રમનું આયોજન થાય છે. સમય ઝડપથી બદલાય રહ્યો છે તેમાં મહત્વનું પરિબળ A.I. છે. એ.આઈ પુરૂ સમજાય તે પહેલા જનરેટીવ એ.આઈ માણસના જીવનમાં ઝડપથી ગોઠવાય રહ્યું છે. આગ, ચક્ર, વિજળીની શોધ માણસના જીવનમાં સુખ-સુવિધા અને પ્રગતિ આપી છે. તેજ રીતે કોમ્પ્યુટર, ડીઝીટલ ટેકનોલોજી, ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને હવે આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ વર્તમાન સમયની મહત્વની ક્રાંતિ છે. એ.આઈ એટલે આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ એટલે કૃતિમ બુદ્ધિ. જે સદીનું સૌથી મોટું પરિવર્તન છે. ચેટજીપીટી એ જનરેટીવ A.I. નું ટુલ્સ છે. જે નવું સર્જન કરી શકે છે. માણસની જેમ વાતો કરી શકે છે. ડેટાની આધારે તમારા સવાલોના ત્વરિત જવાબો આપી શકે છે. કવિતાલખી શકે, વાર્તા બનાવી શકે છે. પત્રો, પાવર પ્રેજન્ટેશન લેખ કે પ્રવચન પણ તૈયાર કરી આપે છે. CHAT એટલે વાતચિત અને GPT એટલે જનરેટીવ પ્રી ટ્રેઈન્ડ ટ્રાન્સફોર્મેર એટલે CHAT GPT હવે, માનવ જીવનમાં મહત્વની ભૂમિકા ભજવવા જઈ રહ્યું છે. AI હવે દુનિયાની રીતભાત બદલવા લાગ્યું છે. AI નવિ દુનિયાની પાંખો છે. તે જગતપર મંડાયેલી આંખો છે. તેનાથી ગુનેગારો શોધી શકાય અને મહત્વની બાબતો ઉપર નજર રાખી શકાય છે. AI એક ટુલ્સ છે સર્વજ્ઞ નથી પરંતુ તે વાપરવું માણસના હિતમાં છે. તેના પડકારો પણ છે. તાજેતરમાં જાપાનની ૩૨ વર્ષીય મહિલાએ તેના AI બોયફ્રેન્ડ સાથે લગ્ન કર્યા. આ આંખ ખોલનારી ઘટના છે. AI થી માણસની યાદ શક્તિ, લાગણીઓ અને સબંધોની ઉષ્મા ઘટવા લાગશે પરિણામે માણસ ભીડ વચ્ચે પણ એકલો થતો જશે. પરંતુ આ પડકારથી દુર ભાગવાની જરૂર નથી. AI સમજવાની જરૂર છે. તેનો ઉપયોગ જ પ્રગતિ ને ગતિ આપશે. AI અદ્રશ્ય મિત્ર છે. જે અપેક્ષા મુજબ મદદ કરે છે.

AI નિષ્ણાંત અને YOU + AI પુસ્તકના નિષ્ણાંત મિત દેસાઈએ જણાવ્યું હતું કે, AI નો ઉપયોગ હવે માનવ જીવનમાં અનિવાર્ય છે. તેથી તેને શીખવાની જરૂર છે. તેમણે જણાવ્યું હતું કે, જયારે કોઈ વસ્તુની જાણકારી ન હોય ત્યારે ડર વધુ હોય છે. તે જ રીતે ટેકનોલોજી અને AI થી ડરવાની જરૂર નથી. તેને જાણવાની જરૂર છે AI અને હવે જનરેટીવ AI માણસને કોઈ પણ પ્રશ્નોના જવાબ સમગ્ર વિશ્વમાં ચાલતી પરિસ્થિતિના આધારે સાર કાઢીને આપી શકે છે. આવનારા થોડા વર્ષોમાં દુનિયામાં ગજબનું પરિવર્તન આવશે તે માટે માત્ર AI જ જવાબદાર રહેશે. માણસે AI નો ગુલામ ન બન્યુ હોય તો જાણકારી મેળવી AI ના માલીક બનો. તેમણે AI ને સમજવા માટે પાંચ ડગલા માંડવા અપીલ કરી હતી. (૧) AI વિશે જાણો, (૨) CHAT GPT ડાઉનલોડ કરો, (૩) AI ને પ્રશ્નો પૂછો, (૪) ડોમિન સાથે ડીવાઈસ ને જોડો, (૫) બચેલ સમયમાં સારા માણસ બનો. ગુજરાતી ભાષામાં AI વિશે પ્રાથમિક માહિતી અને તેને શીખવાની રીત અને જનરેટીવ AI નો મહત્તમ ઉપયોગ થાય તે માટે

અનુસંધાન પાના ૭ પર

# ભીડભંજન મહાદેવ મંદિરમાં ઘીના કમળના દિવ્ય દર્શન

સુરત, તા.૨૧

ઉધના ગામ સ્થિત શ્રી ભીડભંજન મહાદેવ મંદિરમાં માનગસર માસમાં ઘીના કમળના નદર્શનનો મેળો તા.૨૧મી નવેમ્બરથી પ્રારંભ થઈ રહ્યો છે. મહાદેવજીના તથા ભગવાન વિષ્ણુના પ્રિય એવા માગસર માસમાં આખો માસ શિવપૂજનનો મહિમા છે. તેથી અહીં સૌ હરિભક્તો માટે સવારે ૮થી ૧૧માં ૨૦ મિનિટની શિવપૂજાનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ વિશ્વનું એક માત્ર શિવાલય જ્યાં આખો માગસર માસ ઘીના કમળ મહાપૂજા થાય છે. જેના દર્શન માત્રથી અખૂટ પુણ્ય પ્રાપ્ત થાય છે. અસલ સુરતીઓ પેઢી દર પેઢી અહીં ઘીના કમળ મહાપૂજાના યજમાન તરીકે લાભ લઈ રહેલા છે. શ્રી દત્તજયંતિના રોજ ભગવાન દત્તાત્રેયના ઘીના કમળમાં અદ્દ્ભૂત દર્શન કરાવવામાં આવે છે.

# અરૂગલા એક સ્વાદિષ્ટ પત્તેદાર ભાજીની જાણી લઈએ ખૂબી





ભારતીય તહેવારો અને તેમાં પણ દિવાળીના દિવસો હોય ત્યારે ઘર-સજાવટની સાથે રસોઈઘરમાંથી મધઝરતી વાનગીઓની સોડમ આવવા લાગે છે. દિવાળીમાં ચટાકેદાર ફરસાણ તથા મધમીઠી મીઠાઈઓ ખાવાનો આનંદ અનેરો હોય છે. અનેક વખત દિવાળી બાદ વજન વધી ગયું હોય છે. દિવાળી બાદ અંગ્રેજી નવા વર્ષને વધાવવા વજનને નિયંત્રણમાં રાખવું જરૂરી બની જાય છે.

જો વજનને નિયંત્રણમાં રાખવું હોય તો અત્યારથી જ વિવિધ પત્તેદાર શાકભાજી ખાવાની શરૂઆત કરવી જોઈએ. શું આપે અરૂગલા ભાજીનું નામ સાંભળ્યું છે? મેથી-પાલક-તાંદળજો-સરસવ-સૂવાની ભાજીથી આપણે જાણકાર છીએ. અરૂગલા ભાજી કે રોકેટ ભાજીનો આપણે વધુ ઉપયોગ કરતાં નથી. અન્ય ભાજી જેવાં જ પત્તેદાર ભાજીના ગુણો આ રોકેટ ભાજીમાં સમાયેલાં છે. તેનો ઉપયોગ સલાડ, શાક કે અન્ય ચાટની વાનગીમાં ઉપરથી સજાવટમાં કરી શકો છો.

અરૂગલાને રોકેટ, રૂકોલા, તારામીરા, સફેદ મીર્ચ, રોક્વેટ વગેરે નામથી ઓળખવામાં આવે છે. સરસવની ભાજીની જેમ અરૂગલા ભાજી પણ તેના ચટપટા સ્વાદ તથા સ્વાસ્થ્ય લાભ માટે ખાસ ખવાય છે. હજી લોકોમાં અન્ય ભાજીની સરખામણીમાં તે વધુ પ્રચલિત નથી બની. વૈજ્ઞાનિક નામ એરૂકા વેસિકેરિયા છે.

અરૂગલા ક્રૂસિફેરસ બૈસિસેકી વેજિટેબલ પરિવારનો હિસ્સો ગણાય છે. પત્તા-કોબી, બ્રોકલી જેવાં શાક સાથે તેને સરખાવામાં આવે છે. તેનો ઉપયોગ શાક બનાવીને કરી શકાય છે પરંતુ તેનો સૌથી વધુ ઉપયોગ સલાડ તરીકે કાચી ખાવામાં કરવામાં આવે છે. તેની સ્મુધી બનાવી શકાય છે. ઈટાલિયન વાનગી જેવી કે પિત્ઝા કે પાસ્તામાં તેનો ઉપયોગ છૂટથી કરવામાં આવે છે. જે વાનગીનો સ્વાદ વધારવામાં મદદ કરે છે.

અરૂગલાના એક કપ પાનમાં ૨૦-૨૫ કેલરી, ૩ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૨.૫ ગ્રામ પ્રોટીન, દોઢ ગ્રામ ફાઈબર હોય છે. તે વિટામિન સી, વિટામિન ઈ તથા વિટામિન કેનો ભંડાર ધરાવે છે. વળી અનેક ખનીજ તત્ત્વો પણ સમાયેલાં છે. જેવા કે આયર્ન, ઝિંક, મેગ્નેશિયમ, કેલ્શિયમ, પોટેશ્યિમ, પ્રોટીન તથા ફોસ્ફરસ જેવા વિવિધ પોષત તત્ત્વો સમાયેલાં છે. અરૂગલાના લીલાછમ પાનમાં સ્વાસ્થ્ય માટે ગુણકારી તેવાં ઍન્ટિઓક્સિડન્ટ, ફાઈબર તથા ફાઈટોકેમિકલ્સ જોવા મળે છે. તેના પાન જેટલાં ગુણકારી છે તેટલાં જ ગુણકારી તેના ફૂલ તથા તેલ ગણાય છે.

રૂગલા કે આગુર્લા એક પ્રકારની સલાડની ભાજી ગણાય છે. કેટલાંક યુવા-સંપન્ન ખેડૂતો દ્વારા આ ભાજીની ખેતી થતી જોવા મળે છે. ગારધિર કે ભૂમધ્ય સાગરીય સલાડના પાન તરીકે અરૂગલા ઓળખાય છે. વર્તમાન સમયમાં જીમનેશિયમમાં જતાં યુવાવર્ગમાં બૉડીબિલ્ડીંગનો શોખ વધવા લાગ્યો છે. તેમના દ્વારા અરૂગલા પાનનું સેવન લોકપ્રિય બનવા લાગ્યું છે. શરીરના અનેક સૂક્ષ્મ પોષક તત્ત્વોની ઊણપ પૂર્ણ કરવામાં મદદ કરે છે.

ભારતનાં ઉત્તર પૂર્વીય રાજ્યોમાં ઑક્ટોબરના અંતિમ સપ્તાહમાં તેનું વાવેતર શરૂ કરવામાં આવે છે. તેની ખેતી માટે ૧૦થી ૨૫ ડિગ્રી સેન્ટીગ્રેડ તાપમાન જરૂરી હોય છે. રાજસ્થાન, પંજાબ, હરિયાણા રાજ્યો અરૂગલાના પાનની ખેતીમાં સૌથી મોટા ઉત્પાદક તરીકે આગળ આવેલાં છે. અમેરિકા તથા કેનેડામાં અરૂગલાના પાનની માગ સતત વધતી જાય છે. હાઈબ્રીડ પાનની ખેતી ખેડૂતોમાં વધુ લોકપ્રિય બની છે. કેટલીક જાત જોઈએ તો એસ્ટ્રો, રેડ ડ્રેગન, રૉકેટ તથા સ્લૉબોલ્ટ, વસાબી વગેરે ગણાવી શકાય. અરૂગલા પાનની ખેતીની ખાસ વિશિષ્ટતા એ છે કે તેની ખેતી ૪૦થી ૫૦ દિવસમાં પૂર્ણપણે તૈયાર કરી શકાય છે.

રૉકેટ ભાજીના સ્વાસ્થ્યવર્ધક લાભ:

વજનને નિયંત્રણમાં રાખવામાં લાભકારી: તહેવારોમાં સુંદર દેખાવું પ્રત્યેક વ્યક્તિને પસંદ હોય છે. તેમાં શરીર સુડોળ હોય તો તમારું વ્યક્તિત્વ વધુ ખીલી ઊઠે છે. તેના માટે થોડી મહેનત કરવી પડે છે. ભોજનમાં થોડું ધ્યાન આપવામાં આવે તો તેનો ફાયદો અવશ્ય મળે છે. અરૂગલા ભાજીનું સેવન કરવાથી વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે. કેમ કે આ ભાજીમાં કેલરીની માત્રા ઓછી હોવાની સાથે ફાઈબરનું પ્રમાણ વધુ છે. જેથી તારામીરા ભાજીનું સેવન કર્યા બાદ લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. જે વજનને ઘટાડવામાં મદદ કરે છે.

ઍન્ટિ-ઓક્સિડન્ટથી ભરપૂર: તારામીરા કે રૉકેટ ભાજીમાં ઍન્ટિ-ઓક્સિડન્ટની માત્રા ભરપૂર પ્રમાણમાં જોવા મળે છે. જે જૂની બીમારીને દૂર કરવામાં મદદ કરે છે. શરીરને વિવિધ પોષક તત્ત્વો મળવાથી અરૂગલા ભાજીનું સેવન પ્રમાણભાન રાખીને કરવું ઉત્તમ ગણાય છે. વિટામિન કેની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી છે. એક અધ્યયનથી જાણવા મળ્યું હતું કે અરૂગલાના પાનનો રસ ઉંદરને આપવાથી તેમની કોશિકામાં ઍન્ટિ-ડાયાબિટીક પ્રભાવ જોવા મળ્યો હતો.

કેલ્શ્યમથી ભરપૂર: સફેદ મિર્ચ તરીકે ઓળખાતી અરૂગલા ભાજીમાં કેલ્શિયમનું પ્રમાણ ભરપૂર જોવા મળે છે. જે હાડકાંની તંદુરસ્તી માટે લાભકારી ગણાય છે.

ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં ગુણકારી: ડાયાબિટીસની સમસ્યા ધરાવતી વ્યક્તિ માટે અરૂગલા ભાજીનું સેવન ગુણકારી ગણાય છે. પત્તેદાર શાકનું સેવન કરવાથી ટાઈપ-૨ ડાયાબિટીસનો ખતરો ઘટી શકે છે. અરૂગલામાં ભરપૂર માત્રામાં ફાઈબર સમાયેલું હોય છે. ફાઈબર યુક્ત આહાર બ્લડ શુગરને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. ઈન્સ્યુલિન રેસિસ્ટન્ટને ઓછું કરવામાં મદદ કરી શકે છે.

બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખવામાં મદદરૂપ: જેમનું બ્લડપ્રેશર વધુ રહેતું હોય તેમને માટે અરૂગલા ભાજીનું સેવન કરવું લાભકારી ગણાય છે. આ ભાજીનું સેવન શક્તિવર્ધક ગણાય છે. કેમ કે તેમાં શરીર માટે આવશ્યક ખનીજ તત્ત્વો સમાયેલાં છે, જે લોહીમાં કેલ્શિયમ તથા મેગ્નૈશ્યિમની માત્રા વધારવામાં મદદ કરે છે.આંખોની રોશની માટે લાભકારી: સતત મોબાઈલના ઉપયોગને કારણે આંખોની વિવિધ સમસ્યા બાળકોથી લઈને પ્રત્યેક વ્યક્તિમાં જોવા મળે છે. આંખોમાં બળતરા, ઝાંખપ કે દૂરનું ધૂંધળું દેખાવું વગેરે ગણાવી શકાય. અરૂગલાના પાનમાં વિટામિન એની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. જે રેટિનાની સુરક્ષા માટે લાભકારી ગણાય છે. લ્યૂટિન, જેક્સૈન્થિલ હોય છે જે વધુ પડતાં પ્રકાશથી આંખોને બચાવવામાં મદદ કરે છે. ઓમેગા-૩ મોતિયાબિંદુના ખતરાને ઘટાડવામાં મદદ કરે છે.

સામગ્રી: ૧ મોટો બાઉલ અરૂગલાના તાજા પાન બરફના પાણીમાં રાખવા, ૧ નાની વાટકી લાલ દ્રાક્ષ, ૧ નાની વાટકી સફરજનના ટુકડા, ૧ નાની વાટકી પનીર, ૧ નાની વાટકી પર્મિશન ચીઝ, ૧૦-૧૨ નંગ શેકેલી બદામ, સ્વાદાનુસાર સંચળ, ૧ નંગ લીબુનો રસ, ૧ નાની ચમચી મરી પાઉડર, ૧ નાની ચમચી ચાટ મસાલો, ૧ નાની ચમચી દળેલી ખાંડ. ૧ નાની ચમચી ઑલિવ ઓઈલ.



# પ્રજ્ઞા એટલે જ્ઞાન પ્રાપ્તિનું મનસાતીત કરણ

યૌગિક સાધનપથ પર જે આધ્યાત્મિક વિકાસ થાય છે તે વિકાસની ક્રમિકતા આ રીતે મૂકી શકીય- સામાન્ય ચેતના, ધારણા, ધ્યાન, સમાધિ. આ ક્રમિક વિકાસને પાંચ લક્ષણો દ્વારા સૂચવી શકાય. (I) ચિત્તની એકાગ્રતામાં બાધારૂપ વિઘ્નો ક્રમે ક્રમે ઘટતાં જાય છે અને સમાધિમાં તે બિલકુલ નથી. (II) સ્વનું ભાન (Self Consciousness) ક્રમે ક્રમે ઘટતું જાય છે અને સમાધિમાં તે બિલકુલ નથી. (III) ધ્યાતા અને ધ્યેયનું દ્વૈત ક્રમે ક્રમે ઘટતું જાય છે. સમાધિમાં આ દ્વૈત બિલકુલ રહેતું નથી. (IV) બાહ્ય જગત સાથેનો ઈન્દ્રિગત સંબંધ ઓછો થતો જાય છે. સમાધિમાં તે બિલકુલ રહેતો નથી. (V) સાધક ક્રમે ક્રમે મનસાતીત પ્રદેશમાં પ્રવેશતો જાય છે. સમાધિમાં તે મનમાંથી સંપૂર્ણ બહાર નીકળી મનસાતીત પ્રદેશમાં જ પહોંચી જાય છે. ચિત્તનો ઈન્દ્રિયો દ્વારા જગત સાથેનો સંબંધ સમાધિમાં રહેતો નથી, તેથી બેભાન અવસ્થા કે તેને મળતી અવસ્થાને પણ લોકો સમાધિ ગણી લે છે. સમાધિમાં બાહ્ય જગતનું ભાન રહેતું નથી, તે સાચું છે, પરંતુ બાહ્ય જગતનું ભાન ન રહેવું તે સમાધિનું મૂળભૂત લક્ષણ નથી. બાહ્ય જગતનું ભાન ચાલ્યું જાય એટલે સમાધિ સિદ્ધ થાય તેવું નથી. ઊંઘ, એનેસ્થેસિયાની અવસ્થા કે તીવ્ર વેદનાથી આવેલી બેભાનાવસ્થામાં પણ બાહ્ય જગતનું ભાન રહેતું નથી, પરંતુ આ અવસ્થાઓ સમાધિ કરતાં તદ્દન ભિન્ન પ્રકારની અને સાવ નિમ્ન કોટિની છે.

કોઈ વ્યક્તિ સમાધિનાં બાહ્ય લક્ષણોનું અનુકરણ કરવાનું કોઈક રીતે શીખી લે તો બાહ્ય અવસ્થાની દૃષ્ટિએ તે સમાધિમાં હોય તેમ લાગે છે, પરંતુ આંતરિક રીતે તેનો સમાધિમાં પ્રવેશ ન હોય તેમ બને. આ અવસ્થાને જડ સમાધિ કહે છે. ખરેખર તો 'જડતા' જ કહેવું જોઈએ. આવા પ્રકારની અવસ્થાનું આધ્યાત્મિક મૂલ્ય કશું નથી.

સમાધિનું ખરું લક્ષણ બાહ્ય જગતના ભાનનો લોપ નથી. આંતરચેતનાની અવસ્થા પરથી જ નક્કી થઈ શકે કે વ્યક્તિ સમાધિમાં છે કે નહીં!

આપણી અધ્યાત્મ પરંપરા પ્રમાણે સમાધિની યથાર્થતા જાણવા માટે સાત લક્ષણો છે:

(I) સમાધિ દરમિયાન ચહેરા પર તેજ છવાય જાય છે. સમાધિ સિવાયની ઊંઘ, એનેસ્થેસિયા આદિ બેભાનાવસ્થા દરમિયાન ચહેરો ફિક્કો પડી જાય છે.

(II) સમાધિ દરમિયાન સાધક પ્રગાઢ શાંતિ અને તીવ્ર આનંદ અનુભવે છે.

(III) ) સમાધિ દરમિયાન આંતરિક જાગૃતિ ટકી રહે છે. બાહ્ય અને આંતરિક, બંને પ્રકારની જાગૃતિનો લોપ થાય તો તે બેભાનવસ્થા છે.

(IV) સમાધિ દરમિયાન સાધક જે આસનમાં બેઠા હોય તે આસન છૂટે નહીં, શરીર લથડી ન પડે, ઊંઘમાં આસન છૂટી જાય, શરીર લથડી પડે.

(V) સમાધિ દરમિયાન શ્વાસોચ્છ્વાસની ગતિ મંદ અને સૂક્ષ્મ બની જાય છે.

(VI) સમાધિ દરમિયાન સાધક ઉચ્ચ ચેતનામાં પ્રવેશ કરે છે.

(VII) સમાધિમાંથી પાછો આવનાર સાધક બદલાઈને પાછો ફરે છે, સાધક ઉચ્ચ ચેતનાનું જ્ઞાન સાથે લઈને પાછો ફરે છે. સમાધિ સાધકના જીવનનું રૂપાંતર સિદ્ધ કરે છે.

ભ્રામક સમાધિ કે નિદ્રા આદિ બેભાનાવસ્થાથી સમાધિ ઉપરોક્ત રીતે જુદી પડે છે. આ લક્ષણો દ્વારા સમાધિની યથાર્થતા જાણી શકાય છે.

સમાધિ અધ્યાત્મભવનનું દ્વાર છે, મહાદ્વાર છે, સુવર્ણ દ્વાર છે. આમ છતાં સમાધિ અધ્યાત્મયાત્રાની આખરી અવસ્થા પણ નથી. સમાધિ પછી પણ અધ્યાત્મપથની ઘણી યાત્રાઓ બાકી રહે છે.

સંપ્રજ્ઞાત સમાધિ અને તેનાં સ્વરૂપો :

સર્ગક્રમે ચેતના સ્વરૂપ સ્થિતિમાંથી ઊતરતાં-ઊતરતાં પંચભતો અને ઈન્દ્રિયો સુધી પહોંચે છે. સમાધિમાં તેથી વિપરીત અપસર્ગની ઘટના ઘટે છે. સમાધિમાં ચેતનાનું કેન્દ્ર નિમ્ન સ્તરોની ચેતનામાંથી મુક્ત થતાં થતાં ઉચ્ચ સ્તરોની ચેતનામાં ગતિમાન થાય છે. ઊર્ધ્વ ચેતનાનાં પણ અનેક સ્તરો છે.

આમ હોવાથી ચેતનાનાં સ્તરો પ્રમાણે સમાધિનાં પણ અનેક સ્વરૂપો છે, જે સમાધિની ક્રમે ક્રમે વિકસતી જતી ભૂમિકાઓ છે. જેમ જેમ સાધકની ચેતના ઊર્ધ્વ ભૂમિકામાં વિકસતી જાય છે, તેમ તેમ તેને વધુ ને વધુ ઊર્ધ્વ ભૂમિકાની સમાધિની પ્રાપ્તિ થતી જાય છે.સાધારણ રીતે પ્રારંભની અવસ્થાઓના પરિપક્વ અભ્યાસથી સાધકનો આગળની ઉચ્ચ ભૂમિકામાં પ્રવેશ થાય છે. બાહ્ય ચેતનામાંથી મુક્ત થઈને સાધકનો સમાધિમાં પ્રવેશ થાય ત્યારે આ પ્રારંભની સમાધિને સંપ્રજ્ઞાત સમાધિ કહે છે. સંપ્રજ્ઞાત સમાધિની પણ અનેક ભૂમિકાઓ છે.

# ખૂબસૂરત વાળને બદ-સૂરત બનાવતા રોગ

ભગવાને આપણને આ અમૂલ્ય મનુષ્યદેહ આપેલ છે. તેમાં એક પણ વસ્તુ એવી નથી કે જે સાવ નકામી હોય. આજકાલ આપણે સારા દેખાવા માટે વાળની માવજત માટે બિનજરૂરી કન્ડિશનરો, શેમ્પુઓ, હેરસ્પ્રે, લોશનો વાપરીને વાળના રોગને સામેથી નોતરીએ છીએ. વાળના મોટા ભાગના રોગ આપણી અતિ આધુનિક ફેશનની સાથે જીવવાની ઘેલછાને લઈને થતા હોય છે.

વળી, વાળની અમક બીમારીઓ જેવી કે, ટાલ પડવી, અકાળે વાળ સફેદ થવા એ સામાન્ય બાબત છે, પરંતુ આજકાલ આપણે તેનો સ્વીકાર ન કરતા તેને ગંભીર ગણીને નકામા ઉપચારો કરીએ છીએ. આથી અહીં આવા અમુક વાળ સંબંધી રોગના યોગ્ય ઉપચારો આપવામાં આપ્યા છે તો હવે આપણે ખોટી ઘેલછાઓ છોડી કેવળ કુદરતી ઉપચારો દ્વારા વાળની માવજત કરીએપ

સૌપ્રથમ આવી સાવધાની રાખીએપ

વાળમાં થતા ખોડો, જૂ, લીખ વગેરે અટકાવવા માથાના વાળને નિયમિત યોગ્ય રીતે સાફ રાખવા.

જૂ કે લીખની તકલીફવાળા દર્દીના કાંસકા, રૂમાલ, સાબુ તેમજ માથામાં વપરાતી અન્ય વસ્તુઓ બીજાને વાપરવા ન આપવી, જેથી અન્ય વ્યક્તિને તકલીફ ન થાય.

જો ઘરમાં કોઈને જૂ, લીખની તકલીફ થાય તો ઘરના અન્ય સભ્યોએ પણ સાવધાની રાખવી તથા જરૂરી સારવાર લેવી.

વાળને સફેદ થતા કે ખરતા અટકાવવા નિયમિત લીલા પાંદડાવાળા શાકભાજી તથા ફળફળાદિ યોગ્યમાત્રામાં લેવા.

વાળ સંબંધી વિવિધ રોગ

ખોડો-જૂ-લીખ વગેરે માટેપ

૧.) સીતાફળના બીજનો પાઉડર અને લીબુનો રસ બન્ને ભેગાં કરી માથું ધોવું. જેથી જૂ, લીખથી રાહત મળશે.

૨.) ચણાના લોટને છાસમાં પલાળી, માથા ઉપર મસળીને બે કલાક પછી માથું ધોઈ નાખવું. જેથી ખોડો મટશે.

૩.) લીમડાના પાનને પાણીમાં વાટીને, તે પાણીથી માથું ધોવાથી ખોડામાં રાહત થાય છે.

૪.) લીબુના રસમાં કાળીજીરી વાટીને રાત્રે ચોપડવી. સવારે માથું ધોઈ લેવું તેનાથી જૂ, લીખ અને ખોડો મટશે.

વાળની ચમક માટે શું કરવુંપ

૧) ગરમ પાણીમાં આમળાનો ભૂકો નાખી, તેને ઉકાળીને એ પાણીથી વાળ ધોવામાં આવે, તો વાળ સુંદર અને ચમકીલા બને છે.

૨) છાલ સાથેની કાકડી ખાવાથી વાળ પર ચમક આવે છે.

૩) સરસિયાના તેલનું માલિશ કરવું કે આમળા, મહેંદી, દૂધી, ભાંગરાનો લેપ રોજ વાળમાં ઘસવો.

૪) ગૌમૂત્ર માથામાં લગાવીને થોડીવાર પછી વાળ ધોઈ નાખવા.

૫) રોજ કોપરેલ માથામાં ઘસવાથી વાળની ચમક વધે છે.

ટાલ પડી હોય તોપ

૧) તાંબાના વાસણમાં ૧ કપ દહીં નાખી ૩ દિવસ રહેવા દો. સવાર-સાંજ દહીં થોડું હલાવતા રહેવું. જે દિવસે દહીં લીલાશ પડતું અથવા ભુરાશ પડતું થઈ જાય ત્યારે તેને રાત્રે માથામાં ટાલવાળા ભાગમાં ઘસીને ચોપડવું, સવારે ધોઈ નાખવું. – પ્રયોગ માટેનું દહીં પૂરું થાય તે દિવસે નવું દહીં

તૈયાર થઈ ગયેલું હોવું જોઈએ તે રીતે આયોજન કરવું.

૨) દહીં અને મીઠું સમાન માત્રામાં મેળવીને જ્યાં-જ્યાં ટાલ પડી હોય ત્યાં રોજ રાત્રે ૫ મિનિટ માલિશ કરવું.

૩) તલના ફૂલ, ગોખરુ અને સિંધવ મીઠું કોપરેલમાં અથવા મધમાં નાખીને તેનો લેપ કરવાથી ટાલનો વિસ્તાર ઘટશેપ

૪) રાયની ભુક્કી દિવેલમાં મેળવીને રોજ ટાલ ઉપર ઘસવી.

૫) માથાની ટાલમાં રોજ ટર્પેન્ટાઈનનું તેલ ઘસવું.

વાળ ખરવા માંડે ત્યારેપ

૧) એકાદ ચમચી લીંબુનો રસ અને ૨ ચમચી કોપરેલ એ બંને બરાબર મિક્સ કરી રાત્રે માથામાં હળવે હાથે ઘસીને સવારે ધોઈ નાખવું. કુલ ૭ દિવસ આ મુજબ કરવાથી વાળ ખરતા અટકે છે.

૨) તલના ફૂલ, ગોખરું અને સિંધાલૂણને કોપરેલમાં નાખી તેનો લેપ માથામાં કરવો.

૩) દિવેલ ગરમ કરી વારંવાર વાળ ઉપર લગાડવું.

૪) માથા પર આમળાનો રસ ઘસવો.

૫) એરંડિયું ગરમ કરીને વાળ ઉપર હળવાશથી લગાડવું.

અકાળે વાળ સફેદ થવા માંડે ત્યારેપ

૧) ૨ ચમચી વરિયાળીના ચૂર્ણમાં ૨ ચમચી દળેલી ખાંડ પાણી સાથે સવારે અને રાત્રે ફાકી જવી. આ પ્રયોગથી અકાળે થયેલા સફેદ વાળ મૂળમાંથી કાળા ઊગે છે. તેમજ આ ઉપચારથી ચશ્માંના નંબર પણ ધીરે-ધીરે ઓછા થઈ શકે છે.

૨) નીબતેલ હળવે હાથે માથામાં ઘસીને સવારે ધોઈ નાખવું. ૨-૩ માસમાં સફેદ વાળ થતા અટકે છે.

૩) આમળાં, કાળા તલ, ભાંગરો (ભૃંગરાજ) અને બ્રાહ્મી સરખે ભાગે લઈ, વાટીને પાઉડર બનાવી રોજ સવાર-સાંજ ૧ ચમચી લેવો.

૪) ૨૫૦ ગ્રામ કોપરેલમાં ૧૦૦ ગ્રામ મેંદીના પાનાં ઉકાળવા. તે તેલ રોજ ચોળીને માથામાં લગાડવું.

# સંપ્રજ્ઞાત સમાધિનાં લક્ષણો આ પ્રમાણે છે

(૧) ચિત્ત બાહ્યજગતથી અલિપ્ત થઈ જાય છે.

(૨) પ્રજ્ઞાનો ઉદય થાય છે. સંપ્રજ્ઞાત એટલે સમ્યક્ પ્રજ્ઞાયુક્ત. પ્રજ્ઞા એટલે જ્ઞાન પ્રાપ્તિનું મનસાતીત કરણ. સાધક સ્થૂળ જગત, ઈન્દ્રિયો અને સ્થૂળ મનની ભૂમિકામાં જીવતો હોય છે, ત્યારે તેની પાસે જ્ઞાનનાં બે સાધનો હોય છે – જ્ઞાનેન્દ્રિયો અને અનુમાન. આમ પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણ દ્વારા તે જ્ઞાન પ્રાપ્ત કરે છે, પરંતુ સાધક જ્યારે આ અવસ્થાથી ઉપર જાય છે, ત્યારે સ્થૂળ જગત, જ્ઞાનેન્દ્રિયો અને સ્થૂળ મનથી તેની ચેતના છૂટી પડે છે અને જ્ઞાનનું એક નવું કરણ તેનામાં પ્રગટે છે, જે સામાન્ય બુદ્ધિ કરતાં ઘણું વ્યાપક, સત્યપૂત અને પૂર્ણ છે. સમાધિમાં ચેતના નવા પરિમાણમાં પ્રવેશે છે અને તેની સાથે પ્રજ્ઞાનો ઉદય થાય છે.ઉપરોક્ત બંને લક્ષણોનો સંપ્રજ્ઞાત સમાધિમાં પ્રારંભ થાય છે અને આગળની વધુ ઉચ્ચ પ્રકારની સમાધિની અવસ્થાઓમાં વધુ ને વધુ વિકસતાં જાય છે. આ બંને લક્ષણો સમાધિનાં બધાં સ્વરૂપોને લાગુ પડે છે.

આ ઉપરાંત નીચેનાં લક્ષણો સંપ્રજ્ઞાત સમાધિમાં જ જોવા મળે છે, અન્ય સમાધિ-સ્વરૂપોમાં નહીં.

(૩) વ્યષ્ટિ સ્થૂળ શરીર અને પુરુષ (અંતરાત્મા) વચ્ચે અનેક સૂક્ષ્મ શરીરો છે. તે જ રીતે સમષ્ટિ ભૌતિક જગત અને પરમ ચૈતન્ય વચ્ચે પણ ચેતનાનાં અનેક સ્તરો છે. વ્યષ્ટિ અને સમષ્ટિની આ રચના સમાંતર છે. સંપ્રજ્ઞાત સમાધિમાં સ્થૂળ શરીર સાથેના સંબંધથી મુક્ત થાય છે અને સૂક્ષ્મ શરીરમાંના કોઈ એકમાં અવસ્થિત થાય છે. જે ભૂમિકાની ચેતનામાં સાધક અવસ્થિત હોય તે ભૂમિકાની સમાધિમાં તે હોય છે તેમ સમજવું જોઈએ. સાધક જ્યારે આ બધાં સૂક્ષ્મ શરીરો કે પાંચે કોશો ભેદીને પાર નીકળી જાય ત્યારે તે ઉચ્ચ પ્રકારની સમાધિ પામે છે. અને અંતે કૈવલ્ય અવસ્થામાં અવસ્થિત થાય છે.

(૪) સંપ્રજ્ઞાત સમાધિની અવસ્થા દરમિયાન સાધકના ચિત્તમાં પ્રત્યયની હાજરી હોય છે. પ્રત્યય એટલે ચિત્તનો વિષય (Content of mind) સમાધિનાં ઉચ્ચ સ્વરૂપોમાં આ પ્રકારના પ્રત્યયની હાજરી હોતી નથી.

સંપ્રજ્ઞાત સમાધિના ચાર પ્રકારો છે:

(૧) વિતર્કાનુગત (૨) વિચારાનુગત (૩) આનંદાનુગત (૪) અસ્મિતાનુગત.

જે વિષયનો આધાર લઈને સાધક સમાધિમાં પ્રવેશ કરે છે, તે વિષયના સ્વરૂપને ખ્યાલમાં રાખીને સંપ્રજ્ઞાત સમાધિનાં આ ચાર સ્વરૂપો બતાવવામાં આવે છે. આ ચારે સ્વરૂપોમાં ક્રમિક વિકાસ જોવા મળે છે.

(૧) વિતર્કાનુગત સમાધિ:

અહીં વિતર્ક એટલે ચિત્તની ચંચળ અવસ્થા. ચિત્તની આ સ્વરૂપની અવસ્થા પર એકાગ્રતા કરવાથી તેનો નિરોધ થાય છે, સાધકનો સમાધિમાં પ્રવેશ થાય છે. સમાધિના આ સ્વરૂપને વિતર્કાનુગત સમાધિ કહે છે. આ સમાધિ દરમિયાન સાધકની ચેતના મનોમય કોશમાં હોય છે.

(૨) વિચારાનુગત સમાધિ:

વિચાર એટલે ચિત્તની સમ્યક્ વિચારણાની સ્થિતિ. ચિત્તની આ પ્રકારની અવસ્થા પર એકાગ્રતા કરવાથી તેનો વિરોધ થાય છે અને સાધકનો સમાધિમાં પ્રવેશ થાય છે. સમાધિના આ સ્વરૂપને વિચારાનુગત સમાધિ કહે છે. આ સમાધિ દરમિયાન સાધકની ચેતના વિજ્ઞાનમય કોશમાં હોય છે.


(૩) આનંદાનુગત સમાધિ:

ચિત્તના આનંદાનુભવ પર એકાગ્રતા કરવાથી સાધક જે સમાધિમાં પ્રવેશે છે, તેને આનંદાનુગત સમાધિ કહે છે. આ અવસ્થા દરમિયાન સાધકની ચેતના આનંદમય કોશમાં સ્થિત હોય છે.

# શું છે આ પોપકોર્ન બ્રેન સિંડ્રોમ?

આજનું ડિજિટલ જગત પ્રોદ્યોગિકી દ્વારા સંચાલિત એક તીવ્ર ગતિથી બદલાતું હોય છે. જેમાં આર્ટિફિશ્યલ ઇન્ટેલિજિન્સ, સોશ્યલ મીડિયા અને ઓનલાઇન સેવાનો ઊંડો પ્રભાવ આપણા પર પડયો છે. દુનિયામાં લગભગ બધે જ શિક્ષણ, કામકાજ અને સામાજિક જીવન શક્તિ બધું જ કામ ઉપકરણોથી જોડાયેલું છે. ડિજિટલ ઉપકરણોના માધ્યમ એ એક વ્યાપક અનુભવ બની ગયા છે. ડિજિટલ દુનિયામાં સફળ થવા રોજનું કોઇ નવીનતમ અને વિવિધ ડિજિટલ કૌશલથી જોડાવું આવશ્યક બની ગયું છે.

ડિજિટલ વ્યાપાર કરનાર સતત આપણી સમક્ષ નવીનતમ સુવિધા રાખે છે જેના કારણે શારીરિક કામ ખૂબ જ ઓછું કરી નાખ્યું. માનસિક કામકાજ ખૂબ મોટા પાયે વધી ગયું. જેના કારણે મગજમાં સ્થિરતા રહી શકતી નથી. ધાણી (પોપકોર્ન) ની જેમ મગજમાં વિચારો આવે છે કે ફૂટતાં રહે છે. આનું કારણ છે કે સતત ઉપકરણોનો વપરાશ (મોબાઇલનો વપરાશ) આ ઉપકરણોના વપરાશ નાનાં બાળકોથી માંડીને વયોવૃદ્ધ સુધી વધી ગયા છે.કોઇ મનપસંદ, શો ટીવી પર જોઇએ તેની સાથે તરત હાથમાં મોબાઇલ રાખી તેમાં રીલ જોવાનું ચાલુ કરે. થોડીવારમાં ટ્વિટર ચેક કરે તરત વૉટસ્ઍપ જોવે. થોડીવાર કોઇ બુક વાંચે, એક પાનું વાંચ્યુ નહીં કે તરત જ કોઇ ગીત સાંભળવાનું ચાલુ કરે. ગીત પૂરું ન સાંભળે ત્યાં કોઇની સાથે મોબાઇલ પર વાત કરે. કહેવાનું એ છે કે સતત મગજના વિચારો બદલાયા કરે. કોઇ એક કામમાં એકાગ્રતા રહેતી નથી. તેથી મનોવૈજ્ઞાનિકોએ આ એક મોટી સમસ્યાનો મુદ્દો કહ્યો છે. જેને નામ આપ્યું 'પોપકોર્ન બ્રેન સિંડ્રોમ' જેમ પોપકોર્ન ફૂટે તેમ મગજમાંથી વિચારો ફૂટતા રહે છે.આ સિંડ્રોમનો શિકાર લગભગ બધી જ ઉંમરના લોકો થાય છે. અસ્થિરતા વધવા લાગે છે. જેમ જીવન જરૂરિયાતની વસ્તુઓમાં ઓપ્શન વધી ગયા અને શું લેવું તે નક્કી



કરી શકાતું નથી. તેમ આ ઉપકરણોમાં સોશ્યલ મીડિયાના વધારો થતાં લોકો મૂંઝવણમાં રહે છે. ઉપકરણોના ઉપયોગ બિનજરૂરી રીતે વધુ વધી રહ્યો છે. જેના કારણે મગજની બીમારી વધતી જાય છે. એટલે કે માનસિક રીતે બીમાર પડી રહ્યાં છે.ઉપકરણોના માધ્યમથી લગભગ બધી જીવન જરૂરિયાત વસ્તુઓ મળી રહે છે. તેના કારણે લોકો અતિ આળસુ બની ગયા છે. જે વસ્તુની જરૂરિયાત હોય તેને ઘરમાં મંગાવીને વપરાશ કરે છે. શારીરિક કામ ઘટી ગયા છે જેની અસર પાચનક્રિયા પર પડી રહી છે. બહારના ભોજન જલદી મળી રહે છે. તેનો ઉપયોગ ખૂબ વધી ગયો છે. બહારના ખાદ્ય પદાર્થના કારણે શરીર પણ બીમાર પડી રહ્યું છે. જેનો પ્રભાવ પણ માનસિક રીતે માનસ પર પડે છે. આ કોઇ શારીરિક બીમારી ગણીયે કે માનસિક કહેવું એ મુશ્કેલ છે.ઉપકરણોનો વધુ ઉપયોગનું તાજું ઉદાહરણ છે. બેંગ્લોરના એક સત્તર વર્ષના યુવાન જે એક સંતાન છે. જેને શોર્ટ વીડિયો જોતાની લત લાગી ગઇ. સાતથી આઠ કલાક સતત યુટયૂબ અને ઈન્સ્ટાગ્રામ પર રીલ જોવામાં વિતાવ્યા. જેના કારણે તેને ભૂખ લાગી છે કે નહીં તે ખબર નહીં. આસપાસ કોણ છે તેની ખબર નહીં થોડા સમયમાં તે બધું જ ભૂલવા લાગ્યો. જે યુવાન કલાસમાં ટોપર કરતો તે પચાસ ટકાથી નીચે પણ નીચેનું રિઝલ્ટ આવ્યું. બધી વાતો પણ ભૂલવા લાગ્યો સુધારવા માટે ઘણું કાઉન્સેલિંગ કરાવ્યું પણ પરિણામ ખૂબ ઓછું મળ્યું.મોટી યુનિવર્સિટીના એક સંશોધન દ્વારા એવું જણાવ્યું કે જે વસ્તુ આપણને અધિક ગમતી હોય તેનું કારણ છે ડીપામાઇનનું વધુ સક્રિય થવું. આની શોધ માટે સાઇકોલોજિસ્ટ જેમ્સ ઓલ્ડ અને ડોકટર પીટલ મિલનરએ ઉંદર પર એક્સપરીમેન્ટ કર્યો. તેમણે ઉંદર પર ડીવાઇસ લગાવ્યા અને તેમના બિહેવીયર કેવા છે. તેમણે લગભગ હજારો ઉંદર પર એક સાથે ડીવાઇસ લગાવ્યા અને જોયું કે તેઓની વર્તણૂક કેવી છે.

## તંત્રી લેખ...-

**શુક્રવાર, તા. ૨૧ નવેમ્બર ૨૦૨૫**

# અનામતની મૂળભૂત ભાવના જાળવવાની સીજેઆઇની ચિંતા

અનામતનો મુદ્દો ફરી એકવાર ચર્ચાની એરણે છે. સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ જોયમાલા બાગચીની બેન્ચે અનામતને લગતા એક મામલાની સુનાવણી દરમ્યાન સ્પષ્ટ કરી દીધું છે કે, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓમાં ૫૦ ટકાથી વધુ અનામતની મંજૂરી નહીં અપાય. અગાઉ મર્યાદા તૂટી તો ચૂંટણી રોકી દેવાશે. ભારતીય રાજનીતિમાં અનામત એક સંવેદનશીલ મુદ્દો બની રહ્યો છે. રાજકીય પક્ષો તેનો ઉપયોગ મતદારોને, વિવિધ જાતિઓને પ્રલોભિત કરવા માટે કરતા રહ્યા છે. બીજી તરફ દેશના મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઈએ તાજેતરમાં અનુસૂચિત જાતિ અનામત માટે ક્રીમિલેયર (સમૃદ્ધ વર્ગ)ના સિદ્ધાંતનું સમર્થન કરતા નવેસરથી મહત્ત્વપૂર્ણ ચર્ચા છેડાઇ છે. ગવઈના વિધાન પાછળની સમજ એ છે કે, કઇ રીતે સકારાત્મક પહેલ કરીને અનામતના ઉદ્દેશને વધુ ન્યાયસંગત, મૂળભૂત ઉદ્દેશ અનુસાર અને પ્રભાવી બનાવી શકાય. ચીફ જસ્ટિસની પહેલનો હેતુ બંધારણીય સુરક્ષા

વ્યવસ્થાને નબળી પાડવાનો નહીં, પરંતુ એ સુનિશ્ચિત કરવાનો છે જે મુજબ અનામતનો લાભ વાસ્તવમાં જેમને ખરી જરૂર છે એ લોકો સુધી પહોંચાડી શકાય. અનુસૂચિત જાતિ સમુદાયના સૌથી ગરીબ, સામાજિક રીતે વંચિત લોકોને તેનો ફાયદો મળશે તો તેમનું ઉત્થાન થઇ શકશે. અનામત આજે પણ જરૂરી છે. દાયકાઓ સુધી પછાતપણાનો ભાવ અનુભવનાર અને વિકાસનાં માઠાં ફળનું સપનુંએ જોવાની હિંમત ન કરનાર જ્ઞાતિઓ-વર્ગો માટે અનામત મારફત વિશેષ માવજત લેવી શક્ય બને છે. ચીફ જસ્ટિસના તર્કનો વિરોધે થશે, પણ આ બાબતે મંથન જરૂરી છે. દેશમાં એવા અસંખ્ય કિસ્સા જોવા મળશે જેમાં આર્થિક, સામાજિક રીતે સંપન્નતા મેળવી લેનાર અનુસૂચિત જાતિના લોકો વારંવાર અનામતનો ફાયદો લેતા રહ્યા છે. બીજી તરફ પેઢી દર પેઢીથી અભાવમાં જીવતા શ્રમિકો, સફાઇ કામદાર, ભૂમિહીન મજદૂરોની સ્થિતિ જેમની તેમ જ રહે છે. એટલે જ મુખ્ય ન્યાયમૂર્તિ ગવઈએ તકોનું વધુ ન્યાયસંગત વિતરણ સુનિશ્ચિત કરવાની હિમાયત કરી છે. વાસ્તવમાં અત્યારની પરિસ્થિતિ અનામતના ન્યાયસંગત લાભ વંચિત વર્ગ સુધી પહોંચાડવા માટે તાર્કિક લાગી રહી નથી. જ્યારે કોઈ આઈએએસ અધિકારી કે વરિષ્ઠ અધિકારીનું સંતાન, સામાજિક રીતે હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગના કોઈ વ્યક્તિની તુલનાએ સમાન લાભો મેળવવાનો દાવો કરવાનું ચાલુ રાખે તો સ્વાભાવિક જ તેનાથી અનામતનો મૂળ હેતુ નબળો પડે છે. અગત્યનું એ છે કે, ક્રીમિલેયરને બહાર કરવાથી તેના સાથે જાતિગત ભેદભાવ નહીં થાય એમ પણ માની શકાય નહીં, પરંતુ આ માત્ર એવું દર્શાવે છે કે, કોઈ પણ ઐતિહાસિક રૂપથી ઉત્પીડિત સમૂહની અંદર, વંચિતપણાની સ્થિતિ જૂદી-જૂદી હોય છે. આવી સ્થિતિમાં સૌથી નિમ્ન સ્તરના લોકો રાજ્યનું સંરક્ષણ મેળવવા માટેની પ્રાથમિકતાના હકદાર છે. બેશક સ્પષ્ટ માનદંડ, સામાજિક પછાતપણાનું સાવધાનિપૂર્વક મૂલ્યાંકન કરવા અને દુરુપયોગને રોકવા માટેના નક્કર ઉપાય થવા જોઈએ. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ બી. આર. ગવઈએ કરેલી ટિપ્પણી એ જ બાબતની પરિચાયક છે કે, સામાજિક ન્યાયનું વિસ્તરણ થવું જોઈએ. અનામતની પાત્રતામાંથી અનુસૂચિત ક્રીમિલેયરને સમજી-વિચારીને બહાર કરવાથી સમાનતાના બંધારણીય વાયદાની પુષ્ટિ થઈ શકે છે. આ પહેલના વિરોધમાં એવો તર્ક આપી શકાય કે, જો અનુસૂચિત જાતિ વર્ગની અનામતના ઉપવર્ગીકરણને માન્યતા આપવામાં આવે તો અગાઉ તેનાથી લાભાન્વિત થઈ ચૂકેલા લોકોને સુરક્ષાકવચ મળી શકશે નહી. એવો તર્ક હોઈ શકે કે, અમુક વખતે અનામત વર્ગની કોઈ વ્યક્તિને ઉચ્ચ પદ પર પહોંચવા છતાં પણ કોઈ ભેદભાવ કે ઉપેક્ષાનો સામનો કરવો પડી શકે છે. નિઃસંદેહ આ કથનની તાર્કિકતા વિચારણીય છે.

## હાઈવે અકસ્માત : જાનહાનિ ઘટાડી શકાય છે

વિશ્વમાં દર વર્ષે બાર લાખ લોકો માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામે છે. વર્ષ ૨૦૨૪માં ભારતમાં કુલ ૪.૭૩ લાખ રોડ ઍક્સિડન્ટના મામલા નોંધાયા હતા, જેમાં ૧.૭ લાખ લોકોના જીવ ગયા હતા. મહારાષ્ટ્રની વાત કરીએ તો એક્પ્રેસવે તથા હાઈવેનું સારું નેટવર્ક હોવા છતાં માર્ગ અકસ્માતમાં થતાં મોતની સંખ્યામાં સતત વધારો થતો રહ્યો છે. મુંબઈ-નાગપુરને જોડતા સમૃદ્ધિ મહામાર્ગ પર જાન્યુઆરીથી સપ્ટેમ્બર વચ્ચે અકસ્માતમાં થયેલાં મૃત્યુમાં સોળ ટકાનો વધારો થયાનું નોંધાયું છે. જોકે, આ સાથે જ મુંબઈ-પુણે એક્પ્રેસવે પર આ સમયગાળા દરમિયાન રોડ ઍક્સિડન્ટમાં થયેલાં મૃત્યુમાં ૨૯નો ઘટાડો થયો છે. આ અકસ્માતો અને મૃત્યુ માટે અનેક પરિબળો જવાબદાર છે. હાઈવે પર થતાં અકસ્માતોમાં ઝડપી વેગ એકમાત્ર કારણ હોતું નથી. મહારાષ્ટ્રના એક્પ્રેસવે અને સમૃદ્ધિ મહામાર્ગ આ બે માર્ગો પર અકસ્માતની સંખ્યામાં વધારા-ઘટાડા વિશે નિષ્ણાતોનો અભિપ્રાય છે કે, માત્ર સ્પીડ નહીં અન્ય ટેક્નિકલ બાબતો પણ એમાં જવાબદાર છે. સૌથી પહેલા તો મુંબઈ-પુણે એક્પ્રેસવે પર ચાલકો વધુ પડતી ગતિએ વાહન ન ચલાવે એ માટે ગોઠવેલી ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મૅનેજમેન્ટ સિસ્ટમ કારગર નીવડી છે. આ ઉપરાંત, સમૃદ્ધિ મહામાર્ગ કૉંક્રીટથી બનેલો હોવાથી તેના પર ઝડપથી ચાલતાં વાહનોમાં ટાયર ફાટવાની ઘટનાઓ બને છે, જ્યારે એક્પ્રેસવે પર કૉંક્રીટની સાથે અન્ય મટિરિયલ ઉમેરવામાં આવ્યું હોવાથી ટાયરને નુકસાન થતું નથી. વળી, આ એક્પ્રેસવેથી વિપરીત સમૃદ્ધિ મહામાર્ગ પર ભારે વાહનો માટે રોકાવા માટે સુવિધા નથી, આથી લાંબા અંતરના આ પ્રવાસમાં ડ્રાઈવરનું ધ્યાન ભટકવાને કારણે અકસ્માતની શક્યતા વધી જાય છે. વળી, એક્પ્રેસવે પર સલામતી માટે મૂકવામાં આવેલા ક્રૅશ બૅરિયર, ઘાટ ક્ષેત્રમાં રાખવામાં આવેલી તકેદારીઓ અન્ય માર્ગો માટે પણ અમલમાં મૂકવા જેવી છે. સમૃદ્ધિ મહામાર્ગ પર ઔરંગાબાદના જામ્બરગામ ટૉલ પ્લાઝા, કડવાંચી ગામ તથા બુલઢાણા ખાતે અકસ્માતો સૌથી વધુ થાય છે, અહીં તકેદારી વધારવાની જરૂર છે. તો, મહામાર્ગ પર ખાસ કરીને ઈગતપુરી પાસેની ટનલ નજીક લોકો વાહનો ઊભાં રાખી સૅલ્ફીઓ ખેંચવા લાગી જાય છે, આના કારણે હાઈ-સ્પીડ ટ્રાફિક વચ્ચે અકસ્માતો થવાનું જોખમ ખાસ્સું વધી જતું હોવાનું નોંધવામાં આવ્યું છે.

**સુપ્રીમ કોર્ટે એવું કહ્યું છે કે, વિધાનસભાએ પસાર કરેલાં બિલો અંગે નિર્ણય લેવામાં મોડું થશે તો ટકોર જરૂર કરવામાં આવશે.**

# પ્રેસિડેન્શિયલ રેફરન્સ પર ચુકાદોઃ રાજ્યપાલો બેલગામ બનશે

## મતલબ કે, રાજ્યપાલો ફરી બેફામ રીતે વર્તતા થઈ જશે,

સુપ્રીમ કોર્ટે છ મહિના પહેલાં ઐતિહાસિક ચુકાદો આપેલો કે, વિધાનસભા કે સંસદે પસાર કરેલાં બિલો અંગે રાષ્ટ્રપતિ અને રાજ્યપાલોએ નિયત સમયમર્યાદામાં નિર્ણય લેવો પડશે અને રાજ્યપાલ આ બિલોને લટકાવી રાખી ના શકે. સુપ્રીમ કોર્ટના ચુકાદાની ભારે પ્રસંશા થયેલી પણ છ મહિનામાં જ સુપ્રીમ કોર્ટે ફેરવી તોળ્યું છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે નરેન્દ્ર મોદી સરકારે વાંધો લીધેલો ને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પ્રેસિડેન્શિયલ રેફરન્સ માગેલો અને ૧૪ સવાલો કરીને એ અંગે સ્પષ્ટતા કરવા માટે વિનંતી કરેલી.

સુપ્રીમ કોર્ટે પ્રેસિડેન્શિયલ રેફરન્સ અંગેના નિર્ણયમાં એકદમ ગુલાંટ લગાવીને જાહેર કર્યું છે કે, રાષ્ટ્રપતિ અને રાજયપાલો માટે બિલોને મંજૂરી આપવા માટે સમયમર્યાદા નક્કી ના કરી શકાય. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે રાજયપાલો પાસે વિધાનસભાઓ દ્વારા પસાર કરાયેલા બિલોને રોકવાની સંપૂર્ણ સત્તા છે એવું પોતે નથી માનતી પણ સાથે સાથે બિલોને મંજૂરી આપવા માટે કોઈ સમયમર્યાદા નક્કી ના કરી શકાય એ પણ સ્પષ્ટ છે.સુપ્રીમ કોર્ટના કહેવા પ્રમાણે, રાજયપાલ પાસે બિલોને મંજૂરી આપવી, તેમને પુનર્વિચારણા માટે પાછા મોકલવા અથવા રાષ્ટ્રપતિ પાસે મોકલવા એમ ત્રણ વિકલ્પ હોય છે પણ આ વિકલ્પો અજમાવવા માટે કે બિલોને મંજૂરી આપવા માટે કોઈ સમયમર્યાદા નક્કી કરવાની કોઈ જોગવાઈ બંધારણમાં નથી.સુપ્રીમ કોર્ટે તમિલનાડુના રાજયપાલ આર.એન. રવિ અને રાજય સરકારના વિવાદમાં ૮ એપ્રિલે આદેશ આપ્યો હતો કે, રાજયપાલે એક મહિનામાં વિધાનસભાએ પસાર કરેલાં બિલો અંગે નિર્ણય લેવો પડશે. જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ આર મહાદેવનની બેન્ચે તમિલનાડુ વિધાનસભામાં પસાર થયેલાં પણ રાજયપાલે રોકી રાખેલાં ૧૦ બિલોને પસાર થયેલાં જાહેર કર્યાં હતાં.

સુપ્રીમ કોર્ટે આ ડીમ્ડ સંમતિના આદેશને પણ ઊલટાવી દીધો છે. સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે, રાજયપાલ બિલને રોકી રાખે એ કિસ્સાઓમાં ન્યાયતંત્ર પણ ડીમ્ડ સંમતિ આપી શકતું નથી. મતલબ કે, કોઈ બિલ રાજયપાલ અથવા રાષ્ટ્રપતિને મંજૂરી માટે મોકલાય અને બંને સમયસર જવાબ આપવામાં નિષ્ફળ જાય તો નિયત સમમર્યાદા પછી બિલને મંજૂરી આપવામાં આવી છે એવું માનીને તેનો અમલ શરૂ કરી દેવાય પણ હવે એ પણ શક્ય નથી.

સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે, વિધાનસભાએ પસાર કરેલા બિલ અંગે રાજયપાલ પાસે ત્રણ બંધારણીય વિકલ્પો છેઃ સંમતિ આપવી, રાષ્ટ્રપતિ માટે અનામત રાખવું, બિલને રોકવું અને તેને વિધાનસભામાં પાછું મોકલવું. આમાંથી કયા વિકલ્પોનો ઉપયોગ કરવો તે નક્કી કરતી વખતે રાજયપાલ પોતાના વિવેકાધિકારનો ઉપયોગ કરે છે.સુપ્રીમ કોર્ટે રાજયપાલો દ્વારા રાષ્ટ્રપતિને મોકલવામાં આવેલા બિલ અંગે ૧૧ એપ્રિલે ચુકાદો આપેલો કે, રાષ્ટ્રપતિએ રાજયપાલ દ્વારા મોકલવામાં આવેલા બિલ અંગે પણ ૩ મહિનાની અંદર નિર્ણય લેવો પડશે. પ્રેસિડેન્શિયલ રેફરન્સ પરના ચુકાદામાં સુપ્રીમ કોર્ટની પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે આ બધી જ વાતોનો છેદ ઉડાવી દીધો છે. પોતે જ આપેલા ચુકાદાને ઊલટાવી દીધો છે અને કેન્દ્ર સરકારના વલણને સાચું ઠેરવી દીધું છે.

સુપ્રીમ કોર્ટે એવું કહ્યું છે કે, વિધાનસભાએ પસાર કરેલાં બિલો અંગે નિર્ણય લેવામાં મોડું થશે તો ટકોર જરૂર કરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટની આ ટીપ્પણી અર્થહીન છે કેમ કે સુપ્રીમ કોર્ટની ટીપ્પણીની રાજયપાલો પર અસર નથી થતી. આપણે ત્યાં રાજકારણીઓને પોતાને કાયદા અને બંધારણથી પણ પર માને છે તેથી બેફામ વર્તે છે. તેમના બેફામ વર્તનની ફરિયાદો કોર્ટ સુધી પહોંચે ત્યારે કોર્ટ તેમને ઠમઠોરે પણ છે પણ તેની કોઈ અસર થતી નથી.

સુપ્રીમ કોર્ટે છ મહિના પહેલાં તો ચુકાદો આપેલો કે, નિયત સમયમર્યાદામાં વિધાનસભાએ પસાર કરેલાં બિલો અંગે રાજયપાલોએ નિર્ણય લેવો પડશે. એ છતાં હજુ સંખ્યાબંધ બિલો એમ જ પડેલાં છે. હવે જે રીઢા રાજયપાલો પર સુપ્રીમ કોર્ટના ચુકાદાની અસર ના થતી હોય તેમના પર ટકોરની અસર થાય એવી આશા કઈ રીતે રાખી શકાય ?

સુપ્રીમ કોર્ટના પાંચ માનનિય ન્યાયાધિશોએ પોતાના જ્ઞાનનો ઉપયોગ કરીને બંધારણીય જોગવાઈઓનું અર્થઘટન કરીને જ પ્રેસિડેન્શિયલ રેફરન્સ પર ચુકાદો આપ્યો છે. ચુકાદો તેથી તેના વિશે ટીપ્પણી કરવાનો મતલબ નથી પણ આ ચુકાદાના કારણે આપણે પાછા ત્યાં જ પાછા આવીને ઊભા રહી ગયા છીએ કે જયાં છ મહિના પહેલાં હતા.

મતલબ કે, રાજયપાલો ફરી બેફામ રીતે વર્તતા થઈ જશે, બેલગામ થઈ જશે કેમ કે આ ચુકાદાએ તેમને ભરોસો આપી દીધો છે કે, સુપ્રીમ કોર્ટ પણ હવે તેમનું કશું ઉખાડી શકે તેમ નથી ને પોતે બેલગામ બનીને વર્તે તો કોઈ કશું તોડી શકવાનું નથી. કેન્દ્ર સરકારના તો ચાર હાથ તેમના પર છે જ પણ સુપ્રીમ કોર્ટ પણ લાચાર છે તેથી તેમની દાદાગીરી વધશે. રાજયપાલોની સત્તાનો દુરૂપયોગ કરીને વિરોધ પક્ષોની સરકારોને કનડવાનો ખેલ ફરી શરૂ થઈ જશે.

સુપ્રીમ કોર્ટનો ચુકાદો બધાંએ માથે ચડાવવો પડે પણ આ ચુકાદાથી લોકશાહીનાં મૂલ્યો ખતરામાં આવી જશે. લોકશાહીમાં બંધારણ સર્વોપરિ છે અને તેનો અમલ કરાવવાની જવાબદારી ચૂંટાયેલી સરકારની હોય છે. લોકશાહીમાં ચૂંટાયેલી સરકાર બંધારણની મર્યાદામાં રહીને તમામ નિર્ણયો લેવાનો અધિકાર ધરાવે છે પણ કેટલાક રાજયપાલો પોતાને રાજયોની ચૂંટાયેલી સરકાર કરતાં ઉપર માનીને વર્તી રહ્યા છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાથી તેમના પર લગામ આવશે અને રાજયપાલો બંધારણને વફાદાર થશે એવી આશા ઊભી થયેલી પણ આ ચુકાદાએ એ આશા પર પાણી ફેરવી દીધું છે.

રાજયપાલો બંધારણીય હોદ્દો છે અને બંધારણીય હોદ્દા પર બેઠેલી દરેક વ્યક્તિની જેમ રાજયપાલોએ પણ બંધારણને વફાદાર રહીને વર્તવાનું હોય છે. કમનસીબે રાજયપાલો આ દેશના બંધારણ તરફ નહીં પણ જેમણે તેમના તરફ રાજયપાલપદનો ટુકડો ફેંકી દીધો તેના તરફ વફાદારી બતાવી રહ્યા છે. આ વફાદારી બતાવવાના ઉત્સાહમાં રાજયપાલો સુપર પાર્લામેન્ટ તરીકે વર્તી રહ્યા છે અને ચૂંટાયેલા પ્રતિનિધીઓની બનેલી વિધાનસભાએ પસાર કરેલાં બિલોને રોકી રાખે છે. વાસ્તવમાં તેમને આવો કોઈ અધિકાર નથી.

સુપ્રીમ કોર્ટના ચુકાદાએ રાજયપાલોને પોતાની મરજી થાય એટલા સમય સુધી વિધાનસભાએ પસાર કરેલા બિલને રોકવાનો અબાધિત અધિકાર આપી દીધો છે. કોઈ પણ બિલ રાજયપાલ પાંચ-સાત વર્ષ રોકી રાખે એ ચૂંટાયેલી સરકારના અધિકારનું હનન છે પણ સુપ્રીમ કોર્ટ આ હનન સામે લાચારી બતાવે તો બીજું તો કોઈ શું કરી શકે?

**એ જ રીતે બંગાળની પાર્ટી ઇન્ડિયન સેક્યુલર ફ્રંટ પણ તેની જેમ જ સેક્યુલર નથી.**

# સેક્યુલરિઝમની વિચિત્ર વ્યાખ્યા

• જેમ કોઇ એમ કહે કે ઇન્દિરા ગાંધી દ્વારા બનાવવામાં આવેલ કોંગ્રેસને ગાંધી અને નેહરુની કોંગ્રેસ સાથે કોઇ લેવાદેવા નથી.એ સાચું કે દેશના ભાગલા બાદ ઝીણાની મુસ્લિમ લીગ ભંગ કરી દેવામાં આવી હતી, પરંતુ એ પણ એક તથ્ય છે

અમેરિકાની મુલાકાતે ગયેલા રાહુલ ગાંધીનું જો માનીએ તો ગાંધીજી, નેહરુ, સુભાષચંદ્ર બોઝ, સરદાર પટેલ અને આંબેડકર વગેરે બધા જ એનઆરઆઇ એટલે કે પ્રવાસી ભારતીય હતા અને ગુરુનાનક દેવ થાઈલેન્ડ પણ ગયા હતા. આ એવી તથ્યહીન અને ભેજાંગેપ વાતો છે કે જ્યારે કોઈ આ પ્રકારની વાતો કરે તો આજકાલ એમ કહેવામાં આવે છે કે લાગે છે કે વોટ્સએપ યુનિવર્સિટીમાંથી ભણી આવ્યો છે. ખબર નહીં કોંગ્રેસના નેતા અને પ્રવક્તા રાહુલ ગાંધીની આ વાતોને કેવી રીતે સાચી ઠેરવશે, પરંતુ તેઓ તેમના એ દાવાને સાચો ગણાવવા માટે એડી-ચોટીનું જોર લગાવી રહ્યા છે કે કેરળમાં રાજકીય અસર ધરાવતી પાર્ટી ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ એટલે કે આઇયુએમએલ સેક્યુલર છે. રાહુલે દાવો કર્યો કે આ પાર્ટીમાં કશું જ બિન-સેક્યુલર નથી. કોંગ્રેસી નેતાઓની સાથે સાથે કથિત સેક્યુલર તત્ત્વો પણ આપણને સમજાવવા નીકળી પડ્યા છે કે આઇયુએમએલ ખરેખર સેક્યુલર છે, પરંતુ કોઈ આવાં ટાઢા પ્હોરનાં ગપ્પાં મારે એનાથી કંઈ હકીકત બદલાઈ જવાની નથી કે તે છૂપાઈ શકવાની નથી. હકીકતમાં તો ખુદ જવાહરલાલ નેહરુ તેના વિરુદ્ધ હતા કે સ્વતંત્ર ભારતમાં આઇયુએમએલ જેવી કોઈ પાર્ટી બને. તેમણે ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગની રચનાની પહેલનો વિરોધ કરવાની સાથે જ તત્કાલીન ગવર્નર જનરલ લોર્ડ માઉન્ટબેટનને પણ કહ્યું હતું કે મુહંમદ ઈસ્માઈલ, જેઓ આઇયુએમએલની રચના કરવા જઈ રહ્યા હતા, તેમને એ વિચાર છોડી દેવાની સલાહ આપે. નેહરુનું માનવું હતું કે ભારતીય મુસલમાનોને મુસ્લિમ લીગ જેવા કોઈ પક્ષની જરૂર નથી. એટલું જ નહીં, તેમણે તેમની રાષ્ટ્ર નિષ્ઠા પર પણ સવાલ ઉઠાવ્યા હતા.એ ઠીક છે કે રાજકીય મજબૂરીઓને કારણે કોંગ્રેસે કેરળમાં ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ સાથે હાથ મિલાવી લીધા, પરંતુ તેનો એ મતલબ નથી કે એ કારણે તે સેક્યુલર થઈ ગઈ. એ જ રીતે બંગાળની પાર્ટી ઈન્ડિયન સેક્યુલર ફ્રંટ પણ તેની જેમ જ સેક્યુલર નથી. ઈન્ડિયન સેક્યુલર ફ્રંટની રચના બંગાળની ગઈ વિધાનસભા ચૂંટણી પહેલાં ફુરફુરા શરીફ દરગાહના પીરજાદા અબ્બાસ સિદ્દીકીએ કરી હતી. પહેલાં તેણે ડાબેરી પક્ષોને સેક્યુલર હોવાનું પ્રમાણપત્ર આપીને હાથ મિલાવ્યા, પછી કોંગ્રેસે પણ એવું જ કર્યું. મૌલાના અબ્બાસ કોઈપણ દષ્ટિએ એક કટ્ટરપંથી મુસ્લિમ નેતા છે. એક સમયે તેણે ટીએમસીનાં સાંસદ નુસરત જહાંને બેશરમ ગણાવી દીધાં હતાં, કારણ કે તેઓ એક મંદિરમાં ગયાં હતાં. એ જ રીતે તેણે કોલકાતાના મેયર ફરહદ હાકિમને કોમનો ગદ્દાર ગણાવી દીધા હતા, કારણ કે શિવરાત્રિ પર તેઓ પણ મંદિર ગયા હતા. જ્યારે બાંગ્લાદેશમાં એક દુર્ગા પૂજા પંડામાં કુરાન મૂકવામાં આવ્યું ત્યારે અબ્બાસે કહ્યું હતું કે આવું કરનારનું ગળું કાપી નાખવું જોઇએ. બાદમાં ખબર પડી કે કુરાન મૂકવાનું કામ એક જેહાદી મુસ્લિમે જ કર્યું હતું, જેથી હિંદુઓ વિરુદ્ધ હિંસા ભડકાવી શકાય. જે કોંગ્રેસ આવા ચરમપંથી મૌલાનાને સેક્યુલર હોવાનું પ્રમાણપત્ર આપીને તેની સાથે ચૂંટણી ગઠબંધન કરી શકે છે, તે જો ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગને સેક્યુલર ગણાવે તેમાં શું આશ્ચર્ય!રાહુલ ગાંધી ભલે હવે વાયનાડથી સાંસદ ન રહ્યા હોય, પરંતુ તેઓ અહીંથી ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગના ભરોસે જ પાછલી લોકસભા ચૂંટણી જીત્યા હતા. તેમણે તેને સેક્યુલર ગણાવીને તેનો આભાર જ નથી માન્યો, સાથે જ કેરળમાં તેની સાથે કોંગ્રેસનું ગઠબંધન પાકું કરવાનું પણ કામ કર્યું. તે ઉપરાંત મુસ્લિમ તુષ્ટીકરણની કોંગ્રેસની જૂની નીતિને નવેસરથી ધાર પણ આપી. જ્યારે રાહુલ ગાંધી દ્વારા આઇયુએમએલને સેક્યુલર ગણાવવા પર સવાલ ઉઠ્યા તો કોંગ્રેસી નેતાઓએ એમ કહીને તેમનો બચાવ કર્યો કે સવાલ ઉઠાવનારા એ જાણવાની જહેમત ઉઠાવે કે ઝીણાની મુસ્લિમ લીગને ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ સાથે કોઈ લેવાદેવા નથી. આ બિલકલુ એવી જ દલીલ છે,

જેમ કોઈ એમ કહે કે ઈન્દિરા ગાંધી દ્વારા બનાવવામાં આવેલ કોંગ્રેસને ગાંધી અને નેહરુની કોંગ્રેસ સાથે કોઈ લેવાદેવા નથી.એ સાચું કે દેશના ભાગલા બાદ ઝીણાની મુસ્લિમ લીગ ભંગ કરી દેવામાં આવી હતી, પરંતુ એ પણ એક તથ્ય છે કે ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગની રચના ઝીણાના સમર્થકો અને ભંગ કરવામાં આવેલી મુસ્લિમ લીગના નેતાઓએ જ કરી હતી. તેની રચના માટે ૧૯૪૮માં બોલાવવામાં આવેલ બેઠકમાં ઝીણાની મુસ્લિમ લીગના એ તમામ નેતા સામેલ થયા હતા, જેઓ પાકિસ્તાન જવાને બદલે ભારતમાં જ રહી ગયા હતા.

જે મુહંમદ ઈસ્માઈલ ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગનો પહેલો અધ્યક્ષ બન્યો, તેણે મુસ્લિમ લીગમાં રહેતા સમયે પાકિસ્તાન નિર્માણની હરસંભવ તરફદારી કરી હતી. બાદમાં આ જ ઈસ્માઈલ બંધારણ સભાનો સદસ્ય બન્યો અને ત્યાં તેણે મુસલમાનો માટે અલગ કાયદાની માંગ કરી હતી. ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગના નેતાઓના આવા જ વલણને કારણે સરદાર પટેલે તેમને ચેતવણી આફતાં કહ્યું હતું કે જે મુસ્લિમ નેતા ભારતમાં સંતુષ્ટ નથી, તેમના માટે અલગ પાકિસ્તાન બની ગયું છે.

**તાજેતરના અહેવાલો મુજબ, ભારતીય કર્મચારીઓમાંથી લગભગ ૫૯ ટકા કર્મચારી આવા બર્નઆઉટનો સામનો કરી રહ્યા છે**

# સત્તા-સિદ્ધિ ને અંદરનો ખાલીપોઃ આ છે આધુનિક ભારતીય પુરુષનો બર્નઆઉટ

## આનાથી પરિસ્થિતિ વધુ વણસે છે, કારણ કે દબાવેલો તણાવ આખરે કાર્યક્ષમતાના અભાવ અને કંપનીમાંથી રાજીનામું આપી દેવાના સ્વરૂપમાં બહાર આવે છે

આજનું કોર્પોરેટ ભારત વિશ્વની સૌથી ઝડપી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંનું એક છે, પરંતુ તેની સફળતાની ગાથાની પાછળ એક ચિંતાજનક અને વણઉકેલાયેલી સમસ્યા છુપાયેલી છેઃ કર્મચારીઓમાં વ્યાપક બર્નઆઉટ (ભિર્હિ- તન મનથી નિચોવાઈ જવું થાકી જવું ) .

તાજેતરના અહેવાલો મુજબ, ભારતીય કર્મચારીઓમાંથી લગભગ ૫૯ ટકા કર્મચારી આવા બર્નઆઉટનો સામનો કરી રહ્યા છે અને આ સ્થિતિનું આર્થિક પરિણામ ઘણું મોટું છે. કર્મચારીઓની ઉત્પાદકતામાં ઘટાડો અને નોકરી છોડવાના વધતા વલણને કારણે દેશને વાર્ષિક આશરે ૩૫૦ બિલિયન-૩૫૦ કરોડ ડૉલર (આજે ૧ ડૉલર= આશરે ૮૯ રૂપિયા) જેટલું પ્રચંડ નુકસાન થઈ રહ્યું છે, જે આપણા કુલ જીડીપીના ૮ ટકા જેટલું છે.

આ માત્ર આંકડા નથી, પરંતુ ભારતની કાર્યકારી શક્તિના સ્વાસ્થ્ય પરનો એક ગંભીર ચેતવણીનો સંકેત છે. આ સમસ્યાના કેન્દ્રમાં ઘણીવાર આધુનિક ભારતીય પુરુષ કર્મચારી જોવા મળે છે, જેના ખભા પર માત્ર કારકિર્દીની મહત્ત્વાકાંક્ષાનું જ નહીં, પણ પરંપરાગત રીતે 'ઘર ચલાવવાની અને સફળ થવાની' સામાજિક અપેક્ષાઓનું પણ ભારે વજન હોય છે. તેના માટે વર્કપ્લેસ પરનો તણાવ માત્ર એક અસુવિધા નથી, પરંતુ તેની ઓળખ અને અસ્તિત્વ પરનો હુમલો છે.

ભારતીય પુરુષ માટે સફળતાની વ્યાખ્યા ઘણીવાર તેના પગાર ધોરણ, પદ અને સંપત્તિ સાથે સંકળાયેલી હોય છે. આ સામાજિક દબાણ તેને સતત હાંસલ કરવા-ઉતાવળે પામવા-વધારાના કલાકો કામ કરવા અને અશક્ય સમયમર્યાદા પૂરી કરવા માટે મજબૂર કરે છે.

આ અહેવાલ મુજબ, લગભગ અડધા કર્મચારીઓએ વર્કપ્લેસના તણાવને તેમની સૌથી મોટી માનસિક સ્વાસ્થ્ય સમસ્યા ગણાવી છે. પુરુષમાં આ તણાવ ઘણીવાર ગુસ્સો,ચીડિયાપણું,અનિદ્રા અને ક્યારેક તો હાઈ બ્લડ પ્રેશર અથવા પાચન સંબંધિત રોગોમાં પરિવર્તિત થાય છે.

આપણે જે બર્નઆઉટની વાત કરીએ છીએ એ માત્ર થાક નથી. તે એક એવી સ્થિતિ છે જ્યાં વ્યક્તિ પોતાની જોબ સાથેનું ભાવનાત્મક જોડાણ ગુમાવી દે છે, નકારાત્મકતા અનુભવે છે, અને સિદ્ધિની ભાવનામાં ગંભીર ઘટાડો અનુભવે છે. ભારતીય સમાજમાં પુરુષને તેમની લાગણીઓ વ્યક્ત કરવા માટે ઓછી છૂટ હોય છે, પરિણામે, એ આ બર્નઆઉટની લાગણીઓને દબાવી દે છે.

આનાથી પરિસ્થિતિ વધુ વણસે છે, કારણ કે દબાવેલો તણાવ આખરે કાર્યક્ષમતાના અભાવ અને કંપનીમાંથી રાજીનામુ આપી દેવાના સ્વરૂપમાં બહાર આવે છે, જે સીધી રીતે ઉડીને નુકસાન પહોંચાડે છે. એક કાર્યક્ષમ પુરુષ કર્મચારી જ્યારે તણાવમાં હોય છે ત્યારે તેની નિર્ણય લેવાની ક્ષમતા ઘટે છે, સર્જનાત્મકતા ઓછી થાય છે અને ભૂલોનું પ્રમાણ વધે છે, જે સંસ્થાકીય પ્રગતિને ધીમી પાડે છે.

આ રીતે જીડીપીને થતું ૮ ટકા જેટલું નુકસાન અને કર્મચારીઓના માનસિક સ્વાસ્થ્યને થતી હાની અટકાવવા માટે, વ્યક્તિગત અને સંસ્થાકીય સ્તરે તાત્કાલિક પગલાં લેવા જરૂરી છે. ભારતીય પુરુષ કર્મચારીઓ આ મુશ્કેલી સામે લડવા માટે કેટલાક વ્યવહારુ ઉપાયો અપનાવી શકે છે. સૌ પ્રથમ, તેમણે સ્પષ્ટ સીમાઓ નક્કી કરવી (જી ર્ષ્હઙ્ઘટ્ઠિૈજ)જોઈએ. તમારા કામના કલાકો સ્પષ્ટપણે નક્કી કરો.સાંજે ૬ કે ૭ વાગ્યા પછી ઓફિસના ઈમેલ અને કોલનો જવાબ આપવાનું ટાળો. આ 'પાવરિંગ ડાઉન' સમયગાળો તમારા મગજને આરામ આપે છે અને કૌટુંબિક જીવનને સંતુલિત કરે છે. 'ના'કહેવાની કળા શીખો, ખાસ કરીને જ્યારે વધારાનું કામ તમારા અંગત સમયમાં દખલ કરતું હોય. આ ઉપરાંત, શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવી અનિવાર્ય છે. તણાવને અસરકારક રીતે નિયંત્રિત કરવા માટે નિયમિત કસરત અને પૂરતી ઊંઘ અનિવાર્ય છે. દિવસમાં માત્ર ૩૦ મિનિટની શારીરિક પ્રવૃત્તિ,જેમ કે દોડવું કે જીમમાં જવું, એન્ડોર્ફિન મુક્ત કરીને માનસિક તાણ ઘટાડવામાં મદદ કરે છે. માઈન્ડ ફુલનેસ કે ધ્યાન જેવી પદ્ધતિઓ પણ મનને શાંતિ આપે છે.

ત્રીજું, તમારે સપોર્ટ નેટવર્ક બનાવીને વાતચીત કરવી જોઈએ. પરંપરાગત વિચારધારાથી વિપરીત, લાગણીઓ વ્યક્ત કરવી એ નબળાઈ નથી, પરંતુ શક્તિ અને પરિપકવતાની નિશાની છે. મિત્રો,પરિવાર અથવા વ્યાવસાયિક માનસિક સ્વાસ્થ્ય સલાહકાર સાથે તમારા તણાવ વિશે ખુલ્લી વાત કરો. પુરુષોએ એકબીજાને ટેકો આપવા માટે 'બડી સિસ્ટમ' બનાવવી જોઈએ, જ્યાં એ બધા નિર્ણયના ભય વિના તેમની મુશ્કેલીઓ શેર કરી શકે.

ચોથો મહત્ત્વનો ઉપાય છે કામમાં 'માઈક્રો-બ્રેક્સ' લેવા. લાંબા સમય સુધી સતત કામ કરવાથી ઉત્પાદકતા ઘટે છે. દર ૯૦ મિનિટે ૫-૧૦ મિનિટનો નાનો બ્રેક લો. આ બ્રેક દરમિયાન તમારી ડેસ્ક પરથી ઊભા થઈ થોડું ચાલો અથવા દૂરની વસ્તુઓ પર ધ્યાન કેન્દ્રિત કરો. આ 'રીસેટ' બટન દબાવવા જેવું છે જે તમારા ફોકસને પાછું લાવે છે. અંતે, શોખ અને અંગત રસને પુનજીર્વિત કરવો જરૂરી છે. કામ સિવાયની પ્રવૃત્તિઓ જે તમને આનંદ આપે છે તે બર્નઆઉટની દવા છે.

સપ્તાહના અંતે તમારા શોખ,જેમ કે ગિટાર વગાડવું, રસોઈ કરવી કે પ્રકૃતિમાં સમય વિતાવવો,તેના માટે સમય કાઢો. આ પ્રવૃત્તિઓ જીવનમાં સંતુલન લાવે છે અને તમને કામની બહાર એક આગવી ઓળખ આપે છે. કંપનીઓએ પણ તેમના કર્મચારીઓના માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમોમાં રોકાણ કરવું જોઈએ, લવચીક કાર્ય કલાકો (ક્લીટેક્લી ઉીહક્ષ ર્ઉૈજિ) ઓફર કરવા જોઈએ અને 'ટોક્સિક' કાર્ય સંસ્કૃતિને સમાપ્ત કરવી જોઈએ.

જો ભારતે તેના જીડીપીને ૮ ટકા જેટલું મોટું નુકસાન અટકાવવું હોય અને તેની કાર્યકારી વસતિનું જીવનધોરણ સુધારવું હોય તો બર્નઆઉટને માત્ર એક વ્યક્તિગત સમસ્યા નહીં, પણ એક રાષ્ટ્રીય કટોકટી તરીકે જોવું પડશે. ભારતીય પુરુષ કર્મચારીએ સમજવું પડશે કે તેનું મૂલ્ય તેના કામના કલાકોથી નહીં, પરંતુ તેની કાર્યક્ષમતા અને સ્વસ્થ જીવનશૈલીથી નક્કી થાય છે.




# મનોજ બાજપાઈને બચ્ચને હાર્ટ એટેક આપી દીધો

## કેબીસીમાં મનોજ બાજપાઈએ કહ્યું, એક વાર આમણે મારો જીવ લઈ લીધો તો

મનોજ બાજપાઈની લોકપ્રિય વેબ સિરીઝ 'ધ ફેમિલી મેન ૩' આવી રહી છે. તેના પ્રમોશન માટે મનોજ બાજપાઈ તેના સાથી કલાકારો જયદીપ આહલાવત અને શારીબ હાશ્મી સાથે કૌન બનેગા કરોડપતિ ૧૭નો મહેમાન બન્યો હતો. આ એપિસોડના પ્રોમો ટીવી પર આવવાના શરૂ થયા છે. જેમાં મનોજ બાજપાઈ અને અમિતાભ બચ્ચન એકબીજા સાથે કામ કર્યાના અનુભવો અને યાદો તાજા કરતા દેખાય છે. તેમાં મનોજ બાજપાઈ કહે છે, એક વખથ એમિતાભ બચ્ચને તેને હાર્ટ એટેક આપી દીધો હતો.

મનોજ બાજપાઈએ કહ્યું, ''અમિતજીએ એક વખત મને મારી નાખ્યો હતો. માત્ર અમિતજીને કારણે મને હાર્ટ એટેક આવી ગયો હોત. મને ઉપર લઈ જવાનો એક આખો પ્લાન બનાવવામાં આવ્યો હતો. હું અવાક્ક રહી ગયો હતો કે આમણે આ શું કહી દીધું. એમણે મારો જીવ લઈ લીધો હતો.''

ત્યારે અમિતાભ બચ્ચન એવું કહેતા રહેતા જોવા મળે છે કે તેમને એક વખત હકીકત કહેવા દેવામાં આવે. જોકે, આ અંગે મનોજે કોઈ ખુલાસો તો ન કર્યો પણ લોકો એવું ધારે છે કે અમિતાભ બચ્ચને તેમની સાથે કોઈ મજાક કરી હશે. જ્યારે બીજા એક પ્રોમોમાં અમિતાભ બચ્ચન ઝંઝીરનો તેમનો જાણીતો ડાયલોગ બોલતા સાંભળવા મળે છે, ''જબ તક બૈઠને કો ના કહા જાયે, ખડે રહો, યે પોલિસ સ્ટેશન હૈ, તુમ્હારે બાપ કા ઘર નહીં.'' પરંતુ અમિતાભ આ ડાયલોગ ઓભજપુરી અદામાં બોલ્યા હતા, જેનાથી ઓડિયન્સને મજા પડી ગઈ હતી.

# ઘણા લોકોને લાગે છે કે મને હિન્દી બોલતાં નથી આવડતું : એલી અવરામ



**એલી અવરામે રૂઢિગત વિચારધારા, પોતે એક પ્રકારના રોલમાં બંધાઈ ગયા અંગે વાત કરી**

એલી અવરામે ફિલ્મ અને ઓટીટી પર ઘણી અલગ અલગ પ્રકારના રોલ કર્યા છે. ત્યારે એક ઈન્ટરવ્યુમાં એલીએ કહ્યું કે ઈન્ડસ્ટ્રીના તેના અંગેની પૂર્વધારણાઓમાંથી બહાર નીકળવું એ સૌથી મોટો પડકાર હતો. શરૂઆતમાં તેના માટે આ સમય ઘણો પડકારરૂપ હતો. એલીએ કહ્યું, ''લોકો હંમેશા ધારી લેતાં કે મારા દેખાવ પરથી મને ઓળખે છે.'' એલીએ કહ્યું કે તેના કારણે તેણે અલગ અલગ રોલ કર્યા હોવા છતાં લોકોએ તેને એક જ પ્રકારના રોલમાં બાંધી દીધી હતી.

એલી અવરામ મૂળ સ્વીડનની છે, છેલ્લે તે અભિષેક બચ્ચન સાથે 'બી હેપ્પી'માં જોવા મળી હતી. એલીએ કહ્યું, ''મેં બધું જ કર્યું છે, એક બંગાળી વાઈફથી લઈને મલંગમાં જેસી સુધી, આવનારી ફિલ્મમાં પણ હું એક ઈન્ડિયન રોલ કરી રહી છું, પરંતુ તેમ છતાં લોકોએ મને એક પ્રકારના રોલમાં બાંધી દીધી છે. મને એક ચોક્કસ બોક્સમાં જ ધારી લેવાય છે અને મેકર્સ વિચારે છે કે માત્ર મારા દેખાવને કારણે અમુક રોલ માટે હું બંધ બેસતી નથી.''

આગળ એલીએ કહ્યું, ''લોકોના મનમાં એક ધારણા બેસી ગઈ હતી કે અમુક રોલ હું નહી કરી શકું. ઘણા લોકોને એવું પણ લાગતું હતું કે મારા દેખાવના કારણે હું હિન્દી બોલી શકતી નથી, પરંતુ હું બહુ સારી રીતે હિન્દીમાં વાતચીત કરી શકું છું. બધી જ દષ્ટિકોણની વાત છે, મને વર્ષો સુધી આ ધારણાંમાં બાંધી દેવાઈ હતી.''

આ ધારણામાંથી કઈ રીતે બહાર નીકળી તે અંગે એલી અવરામે કહ્યું, ''મારા માટેની ઈન્ડસ્ટ્રીની ધારણા બદલવામાં ઘણો સમય લાગ્યો. પરંધુ સમય સાથે આ ધારણા બદલાઈ છે, ઓટીટી પ્લેટફર્મ્સના કારણે મારા જેવા કલાકારો માટે એક નવી કેડી કંડારાઈ છે. ઓટીટીએ લોકોને ખરેખર લોકોને મારી રેન્જ જોવામાં મદદ કરી છે. હવે ફિલ્મ મેકર્સ અને કાસ્ટિંગ ડિરેક્ટર્સ મારી નોંધ લે છે અને વિચારે છે કે હું મારી જાતને અમુક રોલમાં ઢાળી શકીશ.''

એલી કહે છે કે તે જે પ્રકારની કલાકાર હતી, તે આખરે હવે અનુભવી શકે છે. ''ડિરેક્ટર્સ હવે મારા અલગ અલગ રંગ સાથે પ્રયોગ કરવા ઉત્સુક પણ હોય છે. તેમનામાં પણ પ્રયોગ કરવાની ઈચ્છાશક્તિ છે, જે પહેલાં નહોતી.''

પોતાની સફરની શરૂઆત અંગે તેણે કહ્યું, ''હવે હું જે પ્રકારના રોલ કરી રહી છું, એને લાંબો સમય લાગ્યો તેમ છતાં મને લાગે છે હું લોકોની મ રા વિશેની ધારણાઓ તોડવામાં સફળ રહી છું. મને લાગે છે કે મારી એક બિલકુલ અલગ હાજુ છે જે હું સ્ક્રીન પર જીવંત કરી શકું છું. હું બસ યોગ્ય તકોની રાહ જોઉં છું. મારે હવે એક્શન રોલ કરવા છે અને થોડાં ઊંડા પાત્રો કરવા છે, જેમાં મને હજુ લોકોએ જોઈ નથી.''

# 'દશ્યમ ૩' પહેલી બે ફિલ્મ જેવી નહીં હોય : જીતુ જોસેફ



મલયાલમ ફિલ્મ મેકર જીતુ જોસેફે મોહનલાલની ત્રણેય 'દશ્યમ' ફ્રેન્ચાઈઝીની ફિલ્મ ડિરેક્ટ કરી છે. હવે તેઓ 'દશ્યમ ૩' પર કામ કરી રહ્યા છે અને તેમનો દાવો છે કે, નવી ફિલ્મ તેનો એક નવો જ રસ્તો બનાવશે. મોહનલાલ, મીના, અંસિબા હસન અને એસ્થર અનિલની ફિલ્મ વિશે લાંબા સમયથી ચર્ચાઓ ચાલી રહી છે. કારણ કે ફૅન્સ જ્યોર્જકુટ્ટીના જીવનના આગળના પ્રકરણની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

પહેલી 'દશ્યમ' ૨૦૧૩માં આવી અને સમગ્ર દેશમાં લોકપ્રિય બની ગઈ હતી પછી તે ફિલ્મ હિન્દી, તેલુગુ, કન્નડા, સિંહાલા અને મેનેડ્રેનમાં પણ બની હતી. ૨૦૨૧માં તેની સિક્વલ આવી, તેને પણ પહેલી ફિલ્મ જેટલી જ સફળતા મળી. તેની પણ હિન્દી, તેલુગુ અને કન્નડામાં રીમેક પણ બની. હવે જીતુ જોસેફ 'દશ્યમ ૩' બનાવી રહ્યા છે, જેમાં તેઓ બોક્સ ઓફિસની અપેક્ષાઓ મુજબ કામ કરવાને બદલે બીજા ભાગની વાર્તાને સહજ આગળ વધારવાની કોશિશ કરી રહ્યા છે.

'દષ્યમ ૩' વિશે એક તાજેતરના ઈન્ટરવ્યુમાં જીતુ જોસેફે કહ્યું, ''મેં અત્યાર સુધીમાં એક જ ફ્રેન્ચાઈઝી માટે કામ કર્યું છે અને એ છે દશ્યમ. જોકે, એમાં મેં સહજ અભિગમ જ રાખ્ય છે. ફિલ્મના બીજા ભાગ માટે એવું જ કર્યું છે અને ત્રીજા ભાગમાં પણ એવું જ કરીશ.''

આગળ જીતુ જોસેફે કહ્યું, ''અમે જયારે ત્રીજી ફિલ્મની જાહેરાત કરી ત્યારે ઘણા લોકોએ એવું કહેલું કે બીજી ફિલ્મની સ્ક્રિપ્ટ સારી હતી તેથી ત્રીજી ફિલ્મ એનાથી પણ સારી હોવી જોઈએ. આ પ્રકારના નિવેદન ટાળવા માટે પણ હું તેનાથી સારી સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યો છું. પરંતુ આ વખતે મારું ધ્યાન માત્ર જ્યોર્જકુટ્ટી અને તેના પરિવાર પર જ છે અને પાર્ટ ૨ના સાત વર્ષ પછી જ્યોર્જકુટ્ટીના જીવનમાં શું થયું તેના પર આ ફિલ્મ છે.''

જીતુએ એવું પણ કહ્યું કે સમય સાથે પાત્રોમાં ફેરફાર થયો છે, તેમાં જ્યોર્જકુટ્ટી પરિવારની લાક્ષણિકતાઓ તો એમની એમ જ રહેશે, આ વાત દરેક પાત્રને લાગુ પડે છે, પછી તે રાની હોય, તેનાં બાળકો અંજુ અને અનુ હોય. ખાસ તો બાળકોના પાત્રો આગળ વધતાં રહે છે, કારણ કે અનુ પહેલાં એક નાની બાળક હતી અને હવે તે મોટી થઈ ગઈ છે. જીતુ જોસેફે કહ્યું, જ્યોર્જકુટ્ટી અને તેના પરિવાર આસપાસની દુનિયા આગળ વધી રહી છે. તેમણે જણાવ્યું, ''આસપાસની દુનિયા અને લોકો બદલાઈ ચુક્યા છે. પહેલા ભાગમાં, તેની આસપાસના લોકોને લાગતું હતું કે જ્યોર્જકુટ્ટી નિર્દોષ છે. બીજા ભાગમાં ઘણા લોકોને લાગતું હતું, ''ના, હકીકત કંઈક બીજી હોવી જોઈએ.'' પણ હવે એમના વિચાર બદલાયા છે. મેં ત્રીજા ભાગમાં પણ સહજ જ વાર્તા આગળ વધારવાની કોશિશ કરી છે. બીજા ભાગમાં પણ લખતી વખતે એ હિટ થશે એવી આશા નહોતી. ત્રીજો ભાગ પણ એ જ રીતે લખાઈ રહ્યો છે અને એમાં પણ હવે બીજી ફિલ્મ જેવું પરિણામ આવે એવી આશા છે.''

જાણીતો ગાયક કાશ્મીરમાં કોન્સર્ટ કરવા માટે છેલ્લા થોડા વખતથી ચર્ચામાં હતો, જ્યાં તેણે દાલ લેકમાં શેર-ઈ-કશ્મીર ઈન્ટરનેશનલ કોન્વોકેશન કોમ્પલેક્સમાં પર્ફોર્મ કર્યું હતું. આ કોન્સર્ટમાં તેણે મહોમ્મદ રફીને શ્રદ્ધાંજલિ પણ આપી હતી. આ કોન્સર્ટમાં તેણે એક મસ્જિદની આઝાન માટે પોતાનો કોન્સર્ટ અટકાવી દીધો હતો, તેનો વીડિયો વાયરલ થયો હતો. કારણ કે ૨૦૧૭માં તેણે દબાણપૂર્વક થોપવામાં આવતી ધાર્મિકતા અને લાઉડ સ્પીકરમાં આઝાન અંગે નિવેદન કરીને વિવાદ છેડ્યો હતો.

ત્યારે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં સોનુ નિગમે ટેક્નોલોજી અને તેના મહત્વ વિશે વાત કરી હતી. સોનુ નિગમે કહ્યું, ''એઆઈ સાથે આસિસ્ટન્ટ જેવું કામ લો, એને બોસની જેમ માન ન આપો. તમારી સર્જનાત્મકતાને મદદ કરવા માટે તેનો એક સાધન તરીકે ઉપયોગ કરો. પરંતુ એ ક્યારેય માણસના આત્માને, જે સંગીતને તેની ખરી સોડમ આપે છે, તેનું સ્થાન ક્યારેય નહીં લઈ શકે.''

જ્યારે અલગોરીધમ સાથે ચાલતા કન્ટેન્ટ અંગે સોનુ નિગમે જણાવ્યું, ''હાલ, મને એવું લાગે છે કે ભલે તમારી ફીડમાં આવતું સંગીત અલગોરીધમ આધારીત હોય, પરંતુ મને ખરેખર એ સાંભળવું ગમે છે, તેથી હાલ તો મને એમાં કોઈ તકલીફ લાગતી નથી. આપણે બસ રાહ જોવી પડશે અને જોવું પડશે કે એ કઇ રીતે આગળ વધે છે.''

આગળ સોનુ નિગમે કહ્યું કે પહેલાના સમયે લોકો ખાસ પ્રયત્ન કરતા અને સંગીત ખરીદવા માટે બહાર જતાં હતાં, જે એક ઊંડો વ્યક્તિગત અનુભવ હતો. હવે સમય બદલાતા કેસેટ અને આલ્બમનું સ્થાન સ્પોટીફાય અને અન્ય ઓડિયો પ્લેટફર્મે લીધું છે

# તમન્ના-શાહિદે ફાલ્ગુની શાને પિકોકની ફ્યુચરિસ્ટિક ડિઝાઇનમાં ગ્લેમરના રંગ પૂર્યા




ગુરુગ્રામમાં બ્લેન્ડર્સ પ્રાઇડ ફેશન ટુરના ભાગરૂપે યોજાયેલા શોમાં તમન્ના ભાટીયા અને શાહિદ કપૂરે ચાર ચાંદ લગાવી દીધા હતા. આ શોમાં તે બંનેએ ફાલ્ગુની શાને પિકોક માટે રૅમ્પ વૉક કર્યું હતું. તેમણે ટેક્નોલોજી આધારીત ફ્યુચરસ્ટિક શો રજૂ કર્યો હતો, તેમાં સ્ક્રીન પર બદલાતા વિઝ્યુઅલ્સ સાથે સ્ટેજ પર ફરતાં રોબોટ સહિતના દશ્યો જોવા મળ્યાં હતાં.

તમન્ના ભાટીયાએ શોની શરૂઆત કરી હતી. તેણે એક શાર્પ સ્લિટવાળા કાળા ડ્રેસમાં એન્ટ્રી કરી હતી. તેની સાથે તેણે આઇસી બ્લ્યુ મેક અપ કર્યો હતો. તેની ચાલથી જ સમગ્ર માહોલ જીવંત થયો હતો. બ્લેન્ડર્સ પ્રાઇડ દ્વારા તમન્નાની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી હતી, જેની કેપ્શનમાં લખાયું હતું, ''બ્લેન્ડર્સ પ્રાઇડ ફેશન ટુરમાં ભવિષ્યના વિશ્વની ફેશન ખઉલ્લી મુકાઈ હતી, જેમાં ફાલ્ગુનીશાનેપિકોક દ્વારા ફેશનને નવી વ્યાખ્યા આપવામાં આવી હતી, જેમાં શાહિદ કપૂર શો સ્ટોપર તરીકે અને તમન્નાએ ફેશનને નવા સ્તર પર પહોંચાડી હતી.''

જ્યારે શાહિદ કપૂરે ફેશનનું હોલોગ્રાફિક વર્ઝન રજૂ કર્યું હતું. તેણે ઓલ બ્લેક લૂકમાં ફિટેડ શર્ટ, ફ્લેર્ડ ટ્રાઉઝર અને સ્લીક બ્લેઝર પહેર્યું હતું. તેની હેરસ્ટાઇલ તેના લૂકને વધુ પોલિશ્ડ બનાવતી હતી. તેના આ અનુભવ વિશે શાહિદે એએનઆઈને જણાવ્યું હતું, ''આ બીજી વખત મેં ફાલ્ગુની અને શાને માટે રેમ્પ વોક કર્યું છે. કારણ કે મને લાગે છે એમની સ્ટાઈલ કૂલ અને એજી છે. એ લોકો જે કામ કરે છે, તેમાં બહુ સારા છે. તેઓ શું કરી રહ્યાં છે, તે બરાબર જાણે છે, એમના કટ, તેમનું ફિટ અને એમની સ્ટાઇલિંગ હંમેશા યોગ્ય હોય છે.''

# રાજકારણમાં બધું ચાલે, પણ સિનેમામાં રાજકારણીઓ નથી ચાલતાં!

અનુરાગ કશ્યપનું નામ વજનદાર ગણાય છે હિન્દી ફિલ્મોની દુનિયામાં પણ થિયેટરમાં રિલીઝ થઇને ગયા અઠવાડિયે ઓટીટી પ્લેટફોર્મ પર મુકાઇ ગયેલી 'નિશાનચી' ફિલ્મ બોક્સ ઓફિસ પર તો ભપ થઇ ગયેલી અને ઓટીટી પર પણ બહુ જોવાય એવી શકયતા નથી, કારણકે મૂળે ફિલ્મ જ નબળી તેમ જ બેતુકી છે.

આ 'નિશાનચી' ફિલ્મમાં ટાઇટલ રોલ ઐશ્વરી ઠાકરેએ કર્યો છે. આ ઐશ્વરી ઠાકરે એટલે મહારાષ્ટ્રના પ્રતિષ્ઠિત 'ઠાકરે ફેમિલી'નું ફરજંદ. બાલાસાહેબ ઠાકરેનો એ પ્રપૌત્ર અને જયદેવ ઠાકરે-સ્મિતા ઠાકરેનો સુપુત્ર. અનુરાગ કશ્યપ જેવા ડિરેકટરની ફિલ્મમાં ટાઇટલ રોલ (અને એ પણ ડબલ રોલ) કરવા મળે એ કંઇ નાનીસૂની વાત ન ગણાય, પણ 'નિશાનચી' ફિલ્મ પછી ઐશ્વરી ઠાકરેનું નામ પણ નિષ્ફળ 'પોલિટિકલ સન' (સ્ટાર સનની જેમ) તરીકે દર્જ થઇ ગયું છે.

ભવિષ્યમાં ભાઇ ઐશ્વરી ઠાકરે અભિનય ક્ષેત્રે મોટો મીર મારી શકશે કે કેમ, એ તો સમય જ સાબિત કરશે, પણ બોલિવૂડમાં રાજકારણીઓનાં સંતાનો બહુ સફળ થયા નથી. સોય ઝાટકીને કહી શકાય કે વધારે નિષ્ફળ જ ગયા છે.

મુંબઇ-ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝમાં 'નેપોકિડ' અને 'નેપોટિઝમ'નો મુદ્દો છેલ્લાં બે દશકાથી સતત ચર્ચાતો રહ્યો છે અને આ અંગારા પર તેલ રેડવાનું સૌથી વધુ કામ કંગના રનોતે કર્યું છે, પરંતુ આપણો મુદ્દો 'સ્ટાર-કિડ' નથી, અભિનયના અજવાળાં પાથરવા આવેલા 'પોલિટિશ્યન-કિડ' છે. રાજકારણીઓનાં સંતાનો ફિલ્મમાં ખાસ કશું ઉકાળી શકયા નથી. (સામા પક્ષે સચ્ચાઇ એ છે કે ફિલ્મસ્ટારો રાજકારણમાં ખાસ્સા એવા સફળ થયા છે પણ એ અલગ મુદ્દો છે).

તરત યાદ કરવા જેવું નામ ચિરાગ (રામવિલાસ) પાસવાનનું છે. આ ભાઇસાહેબ મોટા ઉપાડે 'મિલે ના મિલે હમ' (૨૦૧૧) ફિલ્મથી હીરો તરીકે છવાઇ જવા આવ્યા હતા પણ એવા ઊંધા માથે પછડાયા કે પિતાના પગલે રાજકારણમાં પાછા ચાલ્યા ગયા. મજા તો એ છે કે 'નેપોટિઝમ' નામનો સૌથી મોટો ગોકિરો કરનારી કંગના રનોત જ ચિરાગ પાસવાનની ફિલ્મની હીરોઇન હતી.

ચિરાગ પાસવાન પછી પણ રાજનેતાઓના પુત્ર-પૌત્રો-પુત્રી હિન્દી સિનેમામાં અભિનયનો એકડો ઘૂંટવા આવ્યા છે પણ કોઇનો કક્કો ચાલ્યો નથી. મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી અને સંસદસભ્ય મનોહર જોશીની ૨૮ વર્ષીય ગ્રાન્ડ ડોટર શર્વરી વાઘની તો પ્રથમ ફિલ્મ 'યશરાજ' બેનરની 'બંટી ઔર બબલી-ટૂ' (૨૦૨૧) હતી પણ એ પછી શર્વરીએ શું ઉકાળ્યું એ જાણવા માટે તમારે ગૂગલફૈબાને પૂછવા જવું પડે તેવી સ્થિતિ છે.

હવે તેની આલિયા ભટ્ટ સાથેની 'આલ્ફા'



**આ વીર પહાડિયા મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી સુશીલકુમાર શિંદેના પૌત્ર છે. આવા જ બેડલક (બીજું શું કહેવું?) હિમાચલ પ્રદેશના કોંગ્રેસી નેતા સુખરાવના પૌત્ર આયુષ શર્માના થયા છે.**

આવશે, તેનો કેટલો ફાયદો શર્વરી વાઘને થશે એ જોવાનું રહ્યું, કારણ કે મોટું બેનર કે મોટો સ્ટાર હોય તો પણ તમારી અભિનયની 'દુકાન' ચાલી જાય એવું કોઇ પતરે કોતરાયેલું સત્ય નથી,

નહીંતર અક્ષયકુમાર સાથે 'સ્કાયફોર્સ' ફિલ્મમાં ડેબ્યુ કરનારા વીર પહાડિયાની અત્યારે ચોમેર વાહવાહ થતી હોય, પણ ફિલ્મ અને વીર પહાડિયા બન્ને ફલોપ જ રહ્યાં.

આ વીર પહાડિયા મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી સુશીલકુમાર શિંદેના પૌત્ર છે. આવા જ બેડલક (બીજું શું કહેવું?) હિમાચલ પ્રદેશના કૉંગ્રેસી નેતા સુખરાવના પૌત્ર આયુષ શર્માના થયા છે. ભાઇ આયુષ શર્માના તો સુપરસ્ટાર સલમાન ખાનના જીજાજીને 'હીરો' બનાવવા ફિલ્મ પણ બનાવી અને સાથે એક્ટિંગ પણ કરી આપી છતાં આયુષ શર્મા નથી ચાલ્યો એ હકીકત છે.

રાજકારણીઓનાં સંતાનોના ફિલ્મ કનેકશન તપાસીએ તો નાનકડું અને રાહતરૂપ નામ એક જ મળે છેઃ અભિમન્યુ સિંહ, મધ્ય પ્રદેશના દિગ્ગજ કૉંગ્રેસી અર્જુન સિંહ (ના પુત્ર અજયસિંહનો દીકરો) ના પૌત્ર અભિમન્યુ સિંહે ૨૦૦૯થી હિન્દી ફિલ્મોમાં એન્ટ્રી કરીને 'આયેશા', 'યે સાલી ઝીદગી', 'જિસ્મ-૨', 'બ્લેકમેલ' જેવી ફિલ્મો તેમ જ 'કાલી કાલી આંખે' જેવી વેબસિરીઝ તેમનાં નામે બોલે છે. બેશક, અભિમન્યુ સિંહ એક સારા અભિનેતા તરીકેની નામના કમાયા છે, પરંતુ આજેય એ સાવ સેલેબલ કે સફળ સ્ટાર નથી બની શક્યો.

સફળ અને કંઈક અંશે સેલેબલ કેટેગરીમાં મૂકી શકાય તેવું એક જ નામ ઊડીને આંખે વળગે એવી હીરોઈન છેઃ મનિષા કોઈરાલા.

નેપાળના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી બિશેશ્વર કોઈરાલાના સંસદસભ્ય રહેલાં પુત્ર પ્રકાશ કોઈરાલાની પુત્રી મનિષાએ ૧૯૮૯માં સૌથી પહેલી નેપાળી ફિલ્મમાં કામ કરેલું, પણ ૧૯૯૧માં આવેલી સુભાષ ઘઈની 'સૌદાગર'થી તેણે બોલિવૂડમાં એન્ટ્રી લીધી અને પછી તો 'પ્રથમ પાંચમાં' પૂછાઈ તેવી સફળતા મનિષા કોઈરાલાએ મેળવી હતી, પરંતુ મનિષા કોઈરાલાના નાના ભાઈ સિદ્ધાર્થ કોઈરાલા પણ અભિનય ક્ષેત્રમાં આવ્યા અને પાંચ-છ ફિલ્મોમાં અભિનય પણ કર્યો, પરંતુ એ તમામ ફિલ્મો એવી છે (પૈસા વસૂલ, દેખ ભાઈ દેખ, દેશદ્રોહી-૨, મેઘા) જે આપણે ક્યારેય જોઈ નથી. મતલબ એક જ થયોઃ રાજકારણમાં બધું ચાલે પણ સિનેમામાં રાજકારણીઓ (કે તેના વારસદારો) નથી ચાલતા!હા, આ બધા વચ્ચે એક નામ એવું છે, જે હિન્દી અને મરાઠી સફળ ફ્લોપ ફિલ્મ્સ વચ્ચે હજુ પણ પોતાની 'દુકાન' સાચવીને બેઠો છે એ છે મહારાષ્ટ્રના પૂર્વ મુખ્ય મંત્રી વિલાસ રાવ દેસમુખનો ચિરંજીવ રિતેશ દેશમુખ!

# ઇન્ટરનેશનલ ક્રિકેટમાં પહેલીવાર બની આવી ઘટના, ૩૨ વર્ષના વિકેટકીપરે રચ્યો નવો ઇતિહાસ

ક્રિકેટની દુનિયામાં આજકાલ કોઈને કોઈ મેચ ચાલુ રહે છે. જેના કારણે રોજ નવા નવા રેકોર્ડ બની રહ્યા છે. હવે વેસ્ટ ઇન્ડીઝના વિકેટકીપર શાઈ હોપે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં મોટો નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. ન્યુઝીલેન્ડ વિરુદ્ધ બીજી વનડેમાં તેણે શાનદાર બેટિંગ કરીને શાનદાર સદી ફટકારી હતી. તેમણે મેચમાં ૬૯ બોલમાં કુલ ૧૦૯ રન બનાવ્યા હતા, જેમાં ૧૩ ચોગ્ગા અને ચાર છગ્ગા સામેલ હતા.

મેચમાં ચાર છગ્ગા ફટકારીને શાઈ હોપે ૨૦૨૫ માં ઈન્ટરનેશલ ક્રિકેટમાં ૫૦ છગ્ગા ફટકાર્યા છે. તેણે વિકેટકીપર તરીકે રમતી વખતે આ છગ્ગા ફટકાર્યા હતા. ઈન્ટરનેશનલ ક્રિકેટમાં આ પહેલી વાર છે જ્યારે કોઈ વિકેટકીપરએ એક કેલેન્ડર વર્ષમાં ૫૦ છગ્ગા ફટકાર્યા હોય. તેની પહેલા અન્ય કોઈ વિકેટકીપરે આ સિદ્ધિ હાંસલ કરી નથી કરી શક્યુ.

એડમ ગિલક્રિસ્ટે ૨૦૦૫ માં ૪૧ છગ્ગા અને જોસ બટલરે ૨૦૧૯ માં વિકેટકીપર તરીકે રમતી વખતે ૪૧ છગ્ગા ફટકાર્યા હતા. હવે, શાઈ હોપે શાનદાર પ્રદર્શન સાથે આ બંને રેકોર્ડને તોડી નાખ્યા છે.શાઈ હોપે ૨૦૧૬ માં વેસ્ટ ઈન્ડિઝ માટે ODI ડેબ્યૂ કર્યુ હતું અને ત્યારથી તે ટીમમાં મુખ્ય ખેલાડી રહ્યો છે. તેણે ૧૪૭ ODI માં કુલ ૬,૦૯૭ રન બનાવ્યા છે, જેમાં ૧૯ સદી અને ૩૦ અડધી સદીનો સમાવેશ થાય છે. ટેસ્ટમાં તેના ૨,૦૦૫ રન અને ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧,૪૦૩ રન છે.જોકે શાઈ હોપે ન્યૂઝીલેન્ડ સામેની મેચમાં સદી ફટકારી હતી, પરંતુ તેની ટીમ ૫ વિકેટથી હારી ગઈ હતી. હોપ સિવાય વેસ્ટ ઈન્ડિઝના બેટર સારું પ્રદર્શન



કરવામાં સફળ રહ્યા ન હતા, તેઓ માત્ર ૨૪૭ રન જ બનાવી શક્યા હતા. ત્યારબાદ ડેવોન કોનવે અને રચિન રવિન્દ્રએ પ્રથમ વિકેટ માટે ૧૦૬ રનની ભાગીદારી કરી. જેનાથી ન્યૂઝીલેન્ડની જીતનો પાયો નાખ્યો. કોનવેએ ૯૦ રન અને રવિન્દ્ર જાડેજાએ ૫૬ રન બનાવ્યા. ટોમ લેથમે ૩૯ રન અને મિશેલ સેન્ટનરે ૩૪ રન બનાવ્યા. આ ખેલાડીઓએ કિવી ટીમને જીત અપાવવામાં મદદ કરી.

# ચોક્કસ એજન્ડા ધરાવતા લોકો ગંભીરને દોષ આપે છે: કોટક

## ભારતીય ટીમનો બેટિંગ કોચ કહે છે કે ખરાબ હિત ધરાવતા અને સ્વાર્થી લોકો આમ કરી રહ્યા છે



પ્રવાસી સાઉથ આફ્રિકા સામેની કોલકાતા ખાતેની પ્રથમ ક્રિકેટ ટેસ્ટમાં ભારતના પરાજય બાદ ચીફ કોચ ગૌતમ ગંભીરની આકરી ટીકા થઈ રહી છે અને પરાજયનો દોષ તેની ઉપર ઢોળવામાં આવી રહ્યો છે ત્યારે ટીમના બેટિંગ કોચ સિતાંશુ કોટકે તેના ચીફ કોચનો બચાવ કરતાં ટીકાકારો પ્રત્યે નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે કેટલાક ખરાબ હિત ધરાવતા અને સ્વાર્થી લોકો આમ કરી રહ્યા છે. તેઓ કાંઈક અલગ જ એજન્ડા ધરાવે છે.

ગૌતમ ગંભીર ભારતીય ટીમનો કોચ બન્યો ત્યાર બાદ છેલ્લા એક વર્ષમાં ભારતે ઘરઆંગણે ચોથી વાર ટેસ્ટ ગુમાવી હતી. જેમાં સાઉથ આફ્રિકા સામેનો તાજેતરનો ૩૦ રનનો પરાજય પણ સામેલ હતો.

ગૌતમ ગંભીર, ગૌતમ ગંભીર બસ આ જ શબ્દ સાંભળવા મળે છે. હું આમ કહી રહ્યો છું કેમ કે બું પણ ટીમના સ્ટાફમાં છું અને મને પણ દુઃખ થાય છે તેમ કોટકે શનિવારથી શરૂ થતી બીજી ટેસ્ટ અગાઉ પત્રકારોને જણાવ્યું હતું.

તેણે ઉમેર્યું હતું કે ગંભીરની ટીકા ક્યારેક એજન્ડા આધારિત હોય તેમ લાગે છે. કદાચ કેટલાક લોકો અંગત રીતે આ પ્રકારનો એજન્ડા ધરાવતા હોય છે. તેમને શુભેચ્છા પણ આ બાબત સારી નથી. કોલકાતા ખાતે ૧૨૪ રનના ટારગેટ સુધી પહોંચવામાં નિષ્ફળ રહેલી ભારતીય ટીમની ટીકા કરવાની સાથે ગંભીરે ઇડન ગાર્ડન્સની પિચનો બચાવ કર્યો હતો અને પરાજય માટે ટીમના બેટર્સને દોષિત ઠેરવ્યા હતા. આ બાબતથી ગંભીર પ્રત્યેનો વિરોધ અને નારાજગી વધી ગઈ છે. કોલકાતાની પિચ એકદમ સ્પિન લેતી વિકેટ હતી અને ભારત આવા સામાન્ય ટારગેટને પણ ચેઝ કરી શક્યું ન હતું. આ તબક્કે ગંભીરે એવા સંકેત આપ્યા હતા કે ઇડન ગાર્ડન્સની પિચ ભારતીય ટીમ મેનેજમેન્ટે માગી હતી તેવી જ હતી. ગંભીરનું આ નિવેદન ટીમના કેપ્ટન શુભમન ગિલથી અલગ હતું. ટેસ્ટના થોડા દિવસ અગાઉ ગિલે એમ કહ્યું હતું કે ભારત હવે પોતાની પિચ પર માત્ર સ્પિન લેતી પિચો પર આધારીત નથી અને અમે ઘરઆંગણે પણ સ્પોર્ટિંગ વિકેટો બનાવીશું જે બેટિંગ અને બોલિંગ અને ખાસ કરીને પેસ બોલર્સને મદદરૂપ હોય.

### ખેલાડીઓ અંગે કેમ કોઈ બોલતું નથી

સિતાંશુ કોટકને આશ્ચર્ય એ વાતનું છે કે પરિણામ ગમે તે આવે પણ માત્ર ગૌતમ ગંભીર વિશે જ ચર્ચા થતી રહે છે. કોઈ એમ કહેતું નથી કે આ બેટરે આમ કર્યું કે આ બોલરે તેમ કર્યું. અથવા તો ભારત બેટિંગમાં કાંઈ અલગ કરી શકે છે પરંતુ તેઓ માત્ર અને માત્ર ગંભીરને જ દોષિત ઠેરવે છે અને તેની જ ચર્ચા કરે છે. તેણે ઉમેર્યું હતું કે ખરેખર તો બેટિંગમાં થયેલા ધબડકાને કારણે જ ભારતનો પરાજય થયો હતો. ખરેખર તો ગંભીરે જ અગ્રેસર રહીને તેને જોઈએ તેવી પિચની માગણી કરી હતી અને તે ઇચ્છતો હતો તેવી જ પિચ અમને મળી હતી. ગંભીરે આ વાત સ્વિકારીને કબૂલ્યું પણ હતું કે તે પોતાની ઉપર તમામ દોષો ટોપલો લઈ રહ્યો છે જેથી કોઈ આ મામલે ક્યુરેટરનો વાંક કાઢે નહી.

# અમદાવાદના એક વિસ્તાર કરતાં પણ ઓછી વસતી ધરાવતા દેશની ફિફા વર્લ્ડકપમાં એન્ટ્રી! કુરાકાઓએ રચ્યો ઇતિહાસ

ફૂટબોલની દુનિયામાં મંગળવારનો દિવસ ઐતિહાસિક રહ્યો હતો. અમદાવાદના એક વિસ્તાર કરતાં પણ ઓછી વસતી ધરાવતા દેશ કુરાકાએ ફિફા વર્લ્ડકપમાં એન્ટ્રી મારી લીધી છે. માત્ર ૧.૫૭ લાખની વસતી વાળો આ દેશ હવે વર્લ્ડ કપ રમનારો વિશ્વનો સૌથી ઓછી વસતી ધરાવતો દેશ બની ગયો છે. અગાઉ આ રેકોર્ડ આઈસલૅન્ડના નામે હતો, જેની વસતી ૨૦૧૮માં લગભગ ૩.૩ લાખ હતી. ભારતના મોટા શહેરોની તુલના કરીએ તો આ સિદ્ધિ વધુ ચોંકાવનારી છે. નોઈડાની વસતી લગભગ ૧૦ લાખ છે, જે કુરાકાઓ કરતાં લગભગ ૧૦ ગણી વધારે છે. અહીં સુધી કે, દિલ્હીનો એક મોટો વિસ્તાર લાજપત નગર જેની વસતી લગભગ ૧.૫૦ છે, તે પણ કુરાકાઓની બરાબર છે.



આનો અર્થ એ છે કે આ આખો દેશ દિલ્હીના એક મહોલ્લા જેટલી વસતી ધરાવે છે. તેમ છતાં FIFA રેન્કિંગમાં ૮૨મા ક્રમે રહેલા કુરાકાઓએ વિશ્વના સૌથી મોટા ફૂટબોલ મંચ સુધી પહોંચવાની સિદ્ધિ હાંસલ કરી છે.કુરાકાઓના નાના કેરેબિયન ટાપુએ કિંગ્સ્ટનમાં જમૈકા સામે ૦-૦થી ડ્રો કરીને ૨૦૨૬ ફિફા વર્લ્ડ કપમાં એન્ટ્રી મારી લીધી, જે વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કરનાર ઈતિહાસનો સૌથી નાનો દેશ બન્યો. બીજી ગ્રૂપ મેચોમાં પનામાએ ૩-૦થી એલ સાલ્વાડોરને હરાવીને પોતાની બીજી વર્લ્ડ કપ ટિકિટ હાંસલ કરી લીધી છે. બીજી તરફ સુરિનામને ગ્વાટેમાલા સામે ૩-૧ની હારના કારણે સીધા ક્વોલિફાય કરતા અટકાવ્યા, પરંતુ તેઓ પ્લેઓફમાં પહોંચી ગયા. કુરાકાઓ હવે તેમના ગ્રુપ સ્ટેજના પ્રતિસ્પર્ધીની રાહ જોશે. ડ્રો ૫ ડિસેમ્બરે વોશિંગ્ટન ડીસીમાં થશે.કુરાકાઓની સિદ્ધિ ભારત માટે પણ ઘણા સવાલો ઊભા કરે છે. જ્યારે કુરાકાઓ જેવો નાનો દેશ વર્લ્ડ કપમાં સ્થાન બનાવી રહ્યો છે, ત્યારે ૧૩૫ કરોડની વસતી ધરાવતો ભારત હજુ સુધી ફિફા વર્લ્ડ કપ માટે ક્વોલિફાય નથી થયો.

## ભારતે નવ ગોલ્ડ સહિત ૨૦ મેડલ જીતીને ઇતિહાસ રચ્યો

# વર્લ્ડ બોક્સિંગ કપ ફાઇનલ્સમાં ભારતીય મહિલા બોક્સરોએ સાત મેડલ અને પુરુષોએ બે ગોલ્ડ મેડલ જીત્યા

### નવ બોક્સરોએ ગોલ્ડ મેડલ, Aએ સિલ્વર અને પાંચે બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યા



ગુરુવારે વર્લ્ડ બોક્સિંગ કપ ફાઇનલ્સમાં ભારતીય બોક્સરોએ ઐતિહાસિક પ્રદર્શન કર્યું. તેમણે તમામ ૨૦ વજન વર્ગોમાં મેડલ જીતીને નવો રેકોર્ડ બનાવ્યો. જાસ્મિનએ ઓલિમ્પિક મેડલ વિજેતાને હરાવ્યો, જ્યારે નિખત ઝરીને પણ ગોલ્ડન વાપસી કરી. પુરુષોની શ્રેણીમાં, હિતેશ ગુલિયા અને સચિન સિવાચે ગોલ્ડ મેડલ જીત્યો.

ભારતે કુલ નવ ગોલ્ડ, છ સિલ્વર અને પાંચ બ્રોન્ઝ મેડલ જીત્યા. મહિલા બોક્સરોએ આમાંથી સાત ગોલ્ડ મેડલ જીત્યા. અંતિમ દિવસે, ૧૫ ભારતીયોએ ફાઇનલમાં પ્રવેશ કર્યો. તેમાં વિશ્વ ચેમ્પિયન જાસ્મીન લંબોરિયા (૫૭ કિગ્રા), મીનાક્ષી હુડા (૪૮ કિગ્રા), એશિયન ગેમ્સની બ્રોન્ઝ મેડલ વિજેતા પ્રીતિ પંવાર (૫૪ કિગ્રા), વિશ્વ બ્રોન્ઝ મેડલ વિજેતા પરવીન હુડા (૬૦ કિગ્રા), ભૂતપૂર્વ યુવા વર્લ્ડ ચેમ્પિયન અરુંધતી ચૌધરી (૭૦ કિગ્રા) અને નુપુર શિઓરન (+૮૦ કિગ્રા) એ ગોલ્ડ જીતીને ભારતની મેડલ ટેલીને મજબૂત બનાવી.સિલ્વર મેડલ વિજેતા માં જદુમણિ સિંહ (૫૦ કિગ્રા), અભિનાશ જામવાલ (૬૫ કિગ્રા), પવન વરટવાલ (૫૫ કિગ્રા), અંકુશ પંઘાલ (૮૦ કિગ્રા), નરેન્દ્ર બરવાલ (+૯૦ કિગ્રા) અને પૂજા રાની (૮૦ કિગ્રા) નો સમાવેશ થાય છે. નીરજ ફોગાટ (૬૫ કિગ્રા), સવેતી (૭૫ કિગ્રા); સુમિત કુંડુ (૭૫ કિગ્રા), જુગ્નુ (૮૫ કિગ્રા) અને નવીન (૯૦ કિગ્રા) બ્રોન્ઝ મેડલ સાથે પરત ફર્યા.

જાસ્મીને પેરિસ ઓલિમ્પિક મેડલ વિજેતા વુ શિહ યીને ૪-૧થી હરાવીને ટુર્નામેન્ટની પોતાની સૌથી મોટી જીત નોંધાવી. તેણીએ શરૂઆતથી જ આક્રમક વલણ અપનાવ્યું અને પોતાના ઉત્કૃષ્ટ સંયોજનોથી મેચને નિયંત્રિત કરી.

પ્રીતિએ ઇટાલીની વિશ્વ ચંદ્રક વિજેતા સિરીન ચરાબી પર પ્રભાવશાળી જીત મેળવીને પોતાનો પ્રભાવશાળી પ્રવાસ ચાલુ રાખ્યો. તેઓએ સમગ્રી મુકાબલામાં ઝડપી ફૂટવર્ક અને શક્તિશાળી મુક્કાઓ વડે સતત દબાણ લાવીને મેચમાં એકતરફી લીડ જાળવી રાખી.

બે વખતની વિશ્વ ચેમ્પિયન નિખત ઝરીન (૫૦ કિગ્રા) એ ચાઇનીઝ તાઈપેઈની ગુઓ યી ઝુએનને ૫-૦ થી હરાવીને ૨૦૨૩ ની વિશ્વ ચેમ્પિયનશિપ પછીનો પોતાનો પહેલો ગોલ્ડ મેડલ જીત્યો. આ મેચે ઈજામાંથી તેણીના સફળ પુનરાગમનની પણ પુષ્ટિ કરી. પરવીને જાપાનની અયાકા તાગુચીને ૩-૨ થી હરાવી, જ્યારે અરુંધતીએ ઉઝવેકિસ્તાનની અઝીઝા ઝોકિરોવાને ૫-૦ થી હરાવી. મીનાક્ષીએ એશિયન ચેમ્પિયન ફરઝોના ફોઝિલોવા પર ૫-૦ થી જીત હાંસલ કરી.

પુરુષ વર્ગ મા ભારતને બે ગોલ્ડ મેડલ જીત્યા. સચિન સિવાંચ (૬૦ કિગ્રા) એ કિર્ગિસ્તાનના મુન્નારવેક સૈતવેકને ૫-૦થી હરાવ્યો, ગતિ, નિયંત્રણ અને ક્લીન પંચનું શાનદાર મિશ્રણ દર્શાવ્યું. હિતેશ (૭૦ કિગ્રા) એ કઝાકિસ્તાનના નુર્બેક મુરસલ સામે રોમાંચક મુકાબલામાં ૩-૨થી જીત મેળવી. શરૂઆતના રાઉન્ડમાં પાછળ રહ્યા બાદ તેણે જોરદાર વાપસી કરી.

# પંત પર ત્રેવડી જવાબદારી

## કેરિયરનો પ્રથમ મેચ રમ્યો ત્યાં જ પ્રથમ કપ્તાની કરવાની પંતને તક

ટીમ ઈન્ડિયા સાથે કોલકાતાથી ગુવાહાટી પહોંચેલા કેપ્ટન શુભમન ગિલ ગુરુવારે પ્રેક્ટિસ માટે બારસાપારા સ્ટેડિયમ પહોંચ્યા નહી, ત્યારે તે લગભગ નિશ્ચિત થઈ ગયું હતું કે તે બીજી ટેસ્ટમાં રમશે નહી.

જોકે, ટીમના બેટિંગ કોચ, સિતાંશુ કોટકે, ગિલના પ્રશ્નનો જવાબ આપતા કહ્યું કે હજુ સુધી અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. શુક્રવાર સાંજ સુધીમાં, ફિઝિયો અને ડોક્ટર મૂલ્યાંકન કરશે કે મેચ દરમિયાન તેની ગરદનની જડતા પાછી આવશે કે નહી, ભલે તે ફિટ દેખાય. જો આવી શક્યતા હોય, તો તેને આરામ આપવામાં આવશે.

ગિલની ગેરહાજરીમાં, ઋષભ પંત ટીમનું નેતૃત્વ કરશે. ગુવાહાટીમાં પોતાની વનડે કારકિર્દીની શરૂઆત કરનાર પંત અહીં પહેલીવાર ટેસ્ટ કેપ્ટન તરીકે ટોસ માટે મેદાનમાં ઉતરશે.

ગુવાહાટીમાં, પંત પાસે વિકેટકીપિંગ અને બેટિંગ ઉપરાંત કેપ્ટનશીપની વધારાની જવાબદારી રહેશે. આનો અર્થ એ થયો કે આ ટેસ્ટમાં તેમનો વર્કલોડ અનેકગણો વધી જશે. ગિલનો વધેલો વર્કલોડ તેમની ઈજાનું કારણ માનવામાં આવે છે. હવે, આ જ વર્કલોડ પંત પર વધશે, જે પોતાની ઈજામાંથી સ્વસ્થ થઈને મેદાનમાં પાછા ફરી રહ્યા છે.

વોશિંગ્ટન સુંદરને ત્રીજા નંબર પર બેટિંગ માટે મોકલવાના નિર્ણયથી નયન મોંગિયા ખૂબ નારાજ છે. તેમણે કહ્યું, "મારા મતે, આ નિર્ણય ખોટો છે. સુંદર સાથે રમાઈ રહ્યો છે. પહેલા પણ એવું જોવા મળ્યું છે કે જ્યારે કોઈ ઓલરાઉન્ડરની બેટિંગને ખૂબ મહત્વ આપવામાં આવે છે, ત્યારે તેનું ફોર્મ ગમે તેટલું સારું હોય, તેની બોલિંગ તૂટી જાય છે.

મને સમજાતું નથી કે સુંદરને ત્રીજા નંબર પર મોકલીને તમે શું પ્રાપ્ત કરી રહ્યા છો. ઘરેલુ ક્રિકેટમાં ઘણા રન બનાવનારા બેટ્સમેનોને તમે શું સંકેત આપવાનો પ્રયાસ કરી રહ્યા છો? તમે એવા બેટ્સમેનોને તકો આપી રહ્યા નથી જે ટીમ ઈન્ડિયાનો ભાગ બનવાની આરે છે."



# આવતીકાલથી ભારત દક્ષિણ આફ્રિકાનો બીજો ટેસ્ટ ગિલ ન રમી શકે તો ઋષભ પંત કેપ્ટન બનશે

## ગિલ વિશે સાંજ સુધીમાં અંતિમ નિર્ણય : - તો સાંઈ સુદર્શનને સ્થાન સંભવ

દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટ દરમિયાન ગરદનમાં દુખાવાથી પીડિત ભારતીય કેપ્ટન શુભમન ગિલનો શુક્રવારે ફિટનેસ ટેસ્ટ થશે. જો તે ફિટ નહીં થાય, તો ટીમ ઈન્ડિયા શનિવારે ઋષભ પંતની કેપ્ટનશીપ હેઠળ ગુવાહાટી ટેસ્ટ રમશે.સૂત્રોના જણાવ્યા અનુસાર, તેના રમવાની શક્યતા ઓછી છે. ગિલને એક તબીબી નિષ્ણાત દ્વારા સલાહ આપવામાં આવી છે કે જો તે ફરીથી રમતમાં ઉતાવળ કરશે, તો તેને ફરીથી ગરદનમાં ખેંચાણ થવાનું જોખમ છે.જોકે, BCCI ની રમત વિજ્ઞાન ટીમ અંતિમ નિર્ણય લેતા પહેલા રાહ જોવા માગે છે. "શુભમન ઝડપથી સ્વસ્થ થઈ રહ્યો છે. શુક્રવારે સાંજે નિર્ણય લેવામાં આવશે. જો ખેંચાણની કોઈ શક્યતા હશે, તો તેને વધુ એક મેચ માટે આરામ આપવામાં આવશે. જો તે નહીં રમે, તો અમારી પાસે ઘણા સારા ખેલાડીઓ છે," ભારતના બેટિંગ કોચ સિતાંશુ કોટકે પ્રેક્ટિસ સત્ર પહેલાં કહ્યું.ગિલનું સ્થાન સુદર્શન લેશે! જો ગિલ નહી રમે, તો સાઈ સુદર્શનને તેની જગ્યાએ સામેલ કરી શકાય છે. દેવદત્ત પડિકલને તક મળે તેવી શક્યતા ઓછી છે. દરમિયાન, બીજા સ્થાન માટે અક્ષર પટેલ અને નીતિશ રેડ્ડી વચ્ચે સ્પર્ધા છે. ઋષભ પંત ૩૮મો કેપ્ટન બનશે. મેદાન પરથી ઘાસ દૂર થાય છે કે નહી તે જોવું પણ રસપ્રદ રહેશે.



# પોક્સો કેસમાં ડીંડોલીના યુવકનો અદાલતમાં નિર્દોષ છુટકારો થયો

## પુરાવાનો અભાવ અને આક્ષેપોમાં વિસંગતતાનો આરોપીને લાભ મળ્યો

સુરત, તા.૨૧

સ્થાનિક સેશન્સ કોર્ટમાં ચાલેલા POCSO અધિનિયમના એક નોંધપાત્ર કેસમાં બુધવારે મહત્વપૂર્ણ ચુકાદો આવ્યો હતો, જેમાં આરોપી યુવકને કોર્ટએ તમામ કલમોમાંથી સંપૂર્ણ નિર્દોષ જાહેર કર્યો છે. તપાસ અને સુનાવણી દરમિયાન ફરિયાદી યુવતીએ લગાવેલા આક્ષેપોમાં તથ્યોનો અભાવ અને ગંભીર વિસંગતતાઓ હોવાનું કોર્ટના ધ્યાનમાં આવ્યું.

કેસમાં બચાવ પક્ષ તરફથી હાજર રહેલા સિનિયર એડવોકેટ એમ એમ ગાજીયાની સાથે એડવોકેટ પ્રણય રાજપૂત દ્વારા કોર્ટ સમક્ષ રજૂ કરેલી કાનૂની દલીલો કેસના મુખ્ય વળાંક ગણાયા. પુરાવાઓની નબળાઈ, મેડિકલ આધારનો અભાવ, તથા સાક્ષીઓના વિરોધાભાસને રજુ કરતા જણાવ્યું હતું કે આ આખો કેસ “બનાવટી અને કાનૂની દુરુપયોગના પ્રયાસ” જેટલો જ હતો.

કોર્ટના અવલોકન પ્રમાણે, પ્રસ્તુત પુરાવાઓ આરોપને સ્થિર રાખવા માટે પૂરતા નથી. કોર્ટએ સ્પષ્ટ કહ્યું કે POCSO જેવા ગંભીર કેસોમાં પુરાવાની મજબૂતી ફરજિયાત છે અને શંકાના આધારે કોઈને દોષિત ઠેરવી શકાતું નથી. ચુકાદા બાદ, એડવોકેટ દ્વારા જણાવવામાં આવેલ કે “નિર્દોષ વ્યક્તિને ખોટા કેસમાં ફસાવવું કાયદાનો ગંભીર દુરુપયોગ છે. ન્યાયાલયે નિષ્ઠાપૂર્વકનો નિર્ણય આપીને સત્યને આગળ લાવ્યું છે.” પરિવારજનો અને સ્થાનિક રહેવાસીઓએ આ ચુકાદાનું સ્વાગત કર્યું છે, જ્યારે કાનૂની વર્તુળોમાં પણ આ નિર્ણયને ખોટા POCSO કેસો સામે મહત્વપૂર્ણ દાખલો ગણાવવામાં આવી રહ્યો છે. આખા ઘટનાક્રમને ધ્યાનમાં લેતાં, આ ચુકાદો ભવિષ્યમાં આવા બનાવટી કેસોમાં ન્યાયવ્યવસ્થાને વધુ સતર્કતા અને પુરાવાની ગુણવત્તા પર ભાર આપવા માટે માર્ગદર્શક બની શકે છે.

# બીએલઓની કામગીરીનું દબાણ કોડીનારના શિક્ષકનો આપઘાત

## આપઘાત પૂર્વે શિક્ષક અરવિંદ વાઢેરે સુસાઇડ નોટ લકી

ગીરસોમનાથ, તા.૨૧

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના છારા ગામમાં ફરજ બજાવતા શિક્ષક અને BLO અરવિંદ મૂળજી વાઢેર (ઉંમર ૪૦)એ આજે (૨૧ નવેમ્બર) સવારે આત્મહત્યા કરી લીધી છે. તેમણે પોતાના વતન દેવળી ખાતે માનસિક તણાવ અને ઉપલી કચેરીઓ ના કામના દબાણના લીધે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું.



આ ઘટનાથી શિક્ષણ વિભાગની સતત કામગીરીના ભાર અને તણાવની શિક્ષક વર્ગ પર થતી અસર અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. સુસાઇડ નોટમાં લખ્યું- કેટલાય દિવસથી સતત માનસિક થાક-તણાવ અનુભવું છું પ્રાથમિક માહિતી અનુસાર, મૃતકે આત્મહત્યા કરતાં પહેલાં પોતાની પત્નીને સંબોધીને એક સુસાઇડ નોટ લખી હતી. આ નોટમાં તેમણે ઉપલી કચેરીની SIR કામગીરી અને તેના ભારે દબાણને કારણે થાકી ગયા હોવાનો ઉલ્લેખ કર્યો છે. આ દુઃખદ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં શોક અને ચકચાર વ્યાપી ગઈ છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# સુરત જિલ્લા વકીલ મંડળની તા.૧૯ ડીસેમ્બર ચૂંટણી યોજાશે

## ચૂંટણી કમિશનર તરીકે કમલનયન અસારવાલાની નિમણૂંક

સુરત, તા.૨૧

સુરત જિલ્લા વકીલ મંડળના તમામ સભ્ય વકીલ શ્રીઓને જય ભારતસહ જણાવવાનું કે સુરત જિલ્લા વકીલ મંડળ ની તારીખ ૧૯.૧૧.૨૦૨૫ ના રોજની હોદ્દેદારો અને કારોબારી કમિટીના સભ્યોની સંયુક્ત મિટિંગમાં સર્વાનુમતે ઠરાવ કરી સુરત જિલ્લા વકીલ મંડળની સને વર્ષ ૨૦૨૬ ની ચૂંટણી માટે ચૂંટણી કમિશન તરીકે શ્રી.કમલ નયન પવિનચંદ્ર અસારવાલા નિમણૂક કરેલ છે. સુરત જિલ્લા વકીલ મંડળના હોદ્દેદારો તરફથી ચૂંટણી કમિશનર તરીકે આપવામાં આવેલ ચૂંટણી સંચાલની તમામ જવાબદારીઓ અને સત્તાની રૂએ તેમજ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના રેફરન્સ બી.સી.જી./૮૫૮૪/૨૦૨૫ તારીખ ૧૮.૯.૨૦૨૫ ના પત્ર નિર્દેશ અનુસાર પ્રમુખ, ઉપપ્રમુખ, જનરલ સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરી, ખજાનચી (મહિલા પ્રતિનિધિ અને અનામત પદ) અને લેડીઝ મહિલા પ્રતિનિધિ તથા ૧૧ કારોબારી સભ્યો (નામદાર સુપ્રીમ કોર્ટ તારીખ ૯.૩.૨૦૨૫ ના રોજ રીટ પીટીશન નંબર ૮૧૯/૨૦૨૪માં આવેલ ચુકાદા અન્વયે ચાર મહિલા સભ્યો માટેના મત રાખેલ છે) સહિત તમામ પદો માટેની ચૂંટણી કાર્યક્રમ બાર કાઉન્સિલ ઓફ ગુજરાત તરફથી નીચે મુજબ જાહેર કરવામાં આવેલ છે.

### ચૂંટણીનો કાર્યક્રમ

૧. મતદાર યાદીની નોટિસ બોર્ડ પેપર કાર્યક્રમ ૨૪.૧૧.૨૦૨૫
૨. આખરી મતદારયાદી પ્રકાશન ૨૯.૧૧. ૨૦૨૫
૩. ઉમેદવારી કરવા ફોર્મ લઈ જવા અને ફોર્મ ભરવાની તારીખ ૧.૧૨.૨૦૨૫ થી ૫.૧૨.૨૦૨૫
૪. ઉમેદવારી ફોર્મની ચકાસણી કરવી ૮.૧૨.૨૦૨૫
૫. ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની તારીખ ૯.૧૨.૨૦૨૫
૬. ઉમેદવારોની આખરી યાદી ૧૦.૧૨.૨૦૨૫
૭. ચૂંટણી તારીખ ૧૯.૧૨.૨૦૨૫.

# માગશર મહિનાની પૂનમે પવિત્ર દત્તાત્રેય જયંતિ

અત્રે સુરત મુકામે ભાગળ સ્થિત જૂના અંબાજી રોડ ખાતે આવેલ પ્રાચીન શ્રી અંબાજી માતા મંદિરનાં સોલ ટ્રસ્ટી અને ૧૭ માં ગાદીપતિ તથા લોક લાડીલા મહંતશ્રી

મહર્ષિ વિપુલ અંબાજીવાળાએ માગશર મહિનાની પૂનમે ( તારીખ ૪ ડિસેમ્બર., ગુરુવારે ) પવિત્ર દત્તાત્રેય જયંતિ પર સર્વે ભક્તજનોને હાર્દિક શુભેચ્છા પાઠવતા એક યાદીમાં જણાવ્યું છે તેમ,દત્તા જયંતિ, જેને દત્તાત્રેય જયંતિ તરીકે પણ ઓળખવામાં આવે છે, એ હિંદુ દેવતા દત્તાત્રેય (દત્તા) ના જન્મની યાદમાં એક હિંદુ તહેવાર છે, જે બ્રહ્મા, વિષ્ણુ અને શિવના હિંદુ પુરુષ દૈવી ત્રિમૂર્તિનું સંયુક્ત સ્વરૂપ છે, તે સમગ્ર દેશમાં અને ખાસ કરીને મહારાષ્ટ્રમાં, હિન્દુ કેલેન્ડર અનુસાર માર્ગશીર્ષ (અગ્રહાયણ) મહિનાની પૂર્ણિમાના દિવસે ઉજવવામાં આવે છે!

ખેર,દંતકથા એવી છે કે,દત્તાત્રેય ઋષિ અત્રિ અને તેમની પત્ની અનસૂયાના પુત્ર હતા. એક આદર્શ પત્ની, અનસૂયાએ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ જેવા ગુણો ધરાવતો પુત્ર મેળવવા માટે કઠોર તપસ્યા કરી હતી. દેવીઓ અને પુરુષ ત્રિમૂર્તિઓની પત્નીઓ, સરસ્વતી, લક્ષ્મી અને પાર્વતી, ઈર્ષ્યામાં આવી ગયા અને તેમના પતિઓને તેમના ગુણની પરીક્ષા માટે નિયુક્ત કર્યા અને ત્રણેય દેવતાઓ તપસ્વીઓના વેશમાં અનસૂયા સમક્ષ હાજર થયા અને તેની નગ્ન અવસ્થામાંથી ભિક્ષા માંગવા લાગ્યા. અનસૂયા ક્ષણિક રીતે મૂંઝાઈ ગઈ, પરંતુ ટૂંક સમયમાં જ તેણીની ધીરજ ખૂટી ગઈ. તેણીએ એક મંત્રનો પાઠ કર્યો અને ત્રણે ભિક્ષુકો પર પાણી છાંટ્યું, જેનાથી તેઓ શિશુઓમાં પરિવર્તિત થયા. પછી તેણીએ તેમની ઈચ્છા મુજબ તેમને નગ્ન સ્તનપાન કરાવ્યું. જ્યારે ત્રણેય દેવતાઓ પાછા ન ફર્યા, ત્યારે તેમની પત્નીઓ, ચિંતિત થઈને, અનસૂયા પાસે ગઈ. દેવીઓએ માફી માંગી અને તેમના પતિઓને પરત કરવા વિનંતી કરી. અનસૂયાએ તેમની વિનંતી સ્વીકારી. ત્યારબાદ ત્રિમૂર્તિ અત્રિ અને અનસૂયા સમક્ષ તેમના સાચા સ્વરૂપમાં પ્રગટ થયા અને તેમને દત્તાત્રેય નામના પુત્રનો આશીર્વાદ આપ્યો. જો કે દત્તાત્રેયને ત્રણ દેવતાઓનો અવતાર માનવામાં આવે છે, તેમને ખાસ કરીને વિષ્ણુનો અવતાર માનવામાં આવે છે, જ્યારે તેમના ભાઈ-બહેનો, ચંદ્ર દેવ ચંદ્ર અને ઋષિ દુર્વાસા, અનુક્રમે બ્રહ્મા અને શિવના અવતાર માનવામાં આવે છે.

અલબત, બીજી દંતકથા અનુસાર, અનસૂયાએ શીલવતી નામની સ્ત્રીને સૂર્યોદય પુનઃસ્થાપિત કરવા પ્રેરણા આપી, કારણ કે તેના પતિને બીજા દિવસે મૃત્યુ પામવાનો શ્રાપ આપવામાં આવ્યો હતો. જ્યારે ત્રિમૂર્તિએ તેમને વરદાન આપ્યું, ત્યારે તેમણે તેમને તેમના પુત્રો તરીકે જન્મ લેવા વિનંતી કરી, અને આ રીતે દત્તાત્રેયનો જન્મ થયો.

**પૂજા વિષયક**

દત્ત જયંતિ પર, લોકો વહેલી સવારે પવિત્ર નદીઓ અથવા ઝરણામાં સ્નાન કરે છે અને ઉપવાસ કરે છે. દત્તાત્રેયની પૂજા ફૂલો, ધૂપ, દીવા અને કપૂરથી કરવામાં આવે છે. ભક્તો તેમની છબીનું ધ્યાન કરે છે અને તેમને પ્રાર્થના કરે છે, તેમના પગલે ચાલવાની પ્રતિજ્ઞા લે છે. તેઓ દત્તાત્રેયના કાર્યોને યાદ કરે છે અને ભગવાનના ઉપદેશો ધરાવતા પવિત્ર ગ્રંથો અવધૂત ગીતા અને જીવન્મુક્ત ગીતા વાંચે છે. અન્ય પવિત્ર ગ્રંથો, જેમ કે કાવડી બાબા દ્વારા લખાયેલ દત્ત પ્રબોધ (૧૮૬૦) અને પરમ પૂજ્ય વાસુદેવાનંદ સરસ્વતી (ટેમ્બે સ્વામી મહારાજ) દ્વારા લખાયેલ દત્ત માહાત્મ્ય, જે બંને દત્તાત્રેયના જીવન પર આધારિત છે, તેમજ ગુરુ-ચરિત્ર, નરસિંહ સરસ્વતી (૧૩૭૮–૧૪૫૮) ના જીવન પર આધારિત છે, જેને દત્તાત્રેયનો અવતાર માનવામાં આવે છે. આ શુભ દિવસે ભજનો (ભક્તિગીતો) પણ ગવાય છે અને દત્તાત્રેયના મંદિરોમાં દત્ત જયંતિ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. દત્તાત્રેયને સમર્પિત મંદિરો સમગ્ર ભારતમાં સ્થિત છે, જેમાં સૌથી મહત્વપૂર્ણ પૂજા સ્થાનો કર્ણાટક, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને ગુજરાતમાં છે, જેમ કે કર્ણાટકમાં ગુલબર્ગ નજીક ગંગપુર, કર્ણાટકમાં ચિત્રદુર્ગ નજીક શ્રીક્ષેત્ર દોડેરી, કોલ્હાપુર જિલ્લામાં નરસિંહ વાડી, આંધ્રપ્રદેશમાં કાકીનાડા નજીક પીઠાપુરમ, સાંગલી જિલ્લામાં ઔદુમ્બર, ઉસ્માનાબાદ જિલ્લામાં રૂઇભાર અને સૌરાષ્ટ્રમાં ગિરનાર,માણિક નગરમાં માણિક પ્રભુ મંદિર જેવા કેટલાક મંદિરો આ સમયગાળા દરમિયાન દેવતાના માનમાં સાત દિવસનો વાર્ષિક ઉત્સવ યોજે છે. આ મંદિરમાં, એકાદશીથી પૂર્ણિમા સુધી પાંચ દિવસ માટે દત્ત જયંતિ ઉજવવામાં આવે છે. મહારાષ્ટ્ર, કર્ણાટક અને તેલંગાણાના લોકો અહીં દેવતાના દર્શન કરવા આવે છે.ચસંદર્ભ આપો઼ સંત માણિક પ્રભુ, જેમને દત્ત સંપ્રદાય દ્વારા દત્તાત્રેયનો અવતાર પણ માનવામાં આવે છે, તેમનો જન્મ દત્ત જયંતિ પર થયો હતો. અંતે પવિત્ર દત્તાત્રેય જયંતિ નિમિતે સર્વે ભક્તોજનોને હાર્દિક શુભેચ્છા!

**મહર્ષિ વિપુલ અંબાજીવાળા - શ્રી અંબાજી માતા મંદિર, ૯/૧૧૩૨,અંબાજી રોડ, સુરત ૭૯૯૦૮૧૦૧૨૪**

# નરેન્દ્ર ગાંધી મિત્રમંડળ દ્વારા રક્તદાન શિબિર

સુરત, તા.૨૧

વર્ષોથી દિવાળી બાદ રક્તની અછત અવિરત વર્તાઈ રહી હોય ત્યારે સુરતમાં સ્વૈચ્છિક રક્તદાનનાં પ્રણેતા સ્વ. નરેન્દ્ર ગાંધીના જન્મદિન નિમિત્તે કોરોના કાળથી એટલે કે ૨૦૨૦ થી નરેન્દ્ર ગાંધી મિત્ર મંડળ દ્વારા “બ્લડ કેમ્પ” નું આયોજન કરવામાં આવી રહ્યું છે. તા. ૨૬-૧૧-૨૦૨૫ બુધવારના રોજ નરેન્દ્ર ગાંધી મિત્ર મંડળ દ્વારા આયોજિત બ્લડ કેમ્પ ધી સુરત પીપલ્સ કો. ઓ. બેંક લી., ટીમલીયાવાડ, નાનપુરા, સુરત સમય : સવારે ૮.૦૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી યોજાશે.

# શ્રી સુરતી મોઢ વણિક મહિલા મંડળ સ્નેહ મિલન ધમાલ મસ્તી કાર્યક્રમ

સુરત, તા.૨૧

સુ મો વણિક મહિલા મંડળ નો મોઢ વણિક ભવન પાલ વાડી ખાતે સ્નેહ મિલન સાથે ધમાલ મસ્તી નો પોગ્રામમાં સુ મો વણિક સમસ્ત પંચ ના પ્રમુખ ધમેશ તમાકુંવાલા સાથે અતિથી વિશેષ અમેરિકા નિવાસી ડો. અરવિંદ લાપસીવાલા( કેન્સર સર્જેન) ધર્મપત્ની ભારતી લાપસીવાલા મુખ્ય મહેમાન એડવોકેટ નોટરી. ફેમીલી કોર્ટ ના પ્રીતિબેન જોષી. તેમજ પૂર્ણિમાબેન દેસાઈ સરગમ ગૃપ કલાકારો ના સથવારે આયોજન કરવામાં આવ્યું હતું.તમામ મહેમાનો નું ઉમળકાભેર રૂમાલ-રોઝ બુકે થી સ્વાગત કરવામાં આવ્યું.

પ્રમુખ ધર્મેશ એ પ્રતિભાવ આપતા મહિલા મંડળ ની પ્રવૃત્તિઓ ને બિરદાવી અને વધારે સેવા ના કાર્ય કરવા પ્રોત્સાહન આપ્યું હતું . ડો. અરવિંદ લાપસીવાલા એ પ્રતિભાવ મા જણાવ્યું કેન્સર ગંભીર પ્રકાર ની બિમારી છે. માટે કેન્સર ની બિમારી પહેલા હવે નહીં થાય એની વેકસીન ની રસી આવી છે. મને આનંદ થાય છે આપના મહિલા મંડળ ના સંગઠનો એ સર્વાઈકલ વેકસીન ના કેમ્પ થી ખુશી વ્યક્ત કરી આ વેક્સિન સેવા માં સહયોગ ની અને ભારતીબેન ની બર્થ ડે નિમિત્તે ડોનેશન આપવા ની વધુ આનંદ સાથે જાહેરાત કરી. ભારતીબેન ની જન્મદિન ની ઉજવણી સંગીત ના સથવારે કરવામા આવી છે. અરવિંદભાઈ એ સરસ મજાનું ગીત ગાયું. એડવોકેટ પ્રીતિબેને જોશીએ પ્રતિભાવ આપતા કહ્યું આ મંડળ દ્વારા કરવામાં આવતી સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં શહેર માં આગવી ભુમિકા ભજવે છે. એનો મને ઘણો જ આનંદ થાય છે. આપના બહેનો ને આત્મનિર્ભર બનાવવા ક્લાસ તેમજ જરુરી સહાય આપો છો. એમાં હરહંમેશ સહયોગ આપુ છું તેમજ આપતી રહીશ.તમામ બેનો ના સાથ સહકાર થી બર્થ ડે ભવ્ય ઉજવણી કરવામાં આવી તમામ બહેનોને પ્રમુખ મીનાક્ષી બોડાવાલા એ સ્વાગત પ્રવચન કર્યું માસ્ટર ઓફ સેરેમની ની કામાક્ષીબેન ફિટર સુંદર કામગીરી બજાવી અને રીટાબેન ખાટીવાલા એ આભારવિધી કરી. મહિલા મંડળ તમામ બહેનોએ પોગ્રામ ની મજા માણી હતી. અંત મા શિયાળાની વાનગી ઘનહર મસાલા માંથી બનાવી તેમજ સુંદર ગીફટ દરેક બહેનો ને મળી અને મોજ મસ્તી કરતાં છૂટા પડ્યા.

### જી-૨૦
પહેલા પાનાનું ચાલુ

"હું દક્ષિણ આફ્રિકાના અધ્યક્ષતામાં જોહાનિસબર્ગમાં ૨૧-૨૩ નવેમ્બર દરમિયાન ૨૦મા G૨૦ સમિટમાં ભાગ લેવા માટે પ્રવાસ કરી રહ્યો છું. આ મુલાકાત દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસાના આમંત્રણ પર થઈ રહી છે."મોદીએ વધુમાં જણાવ્યું હતું કે આ સમિટ ખાસ રહેશે કારણ કે તે આફ્રિકામાં યોજાનારી પ્રથમ G૨૦ સમિટ હશે. ૨૦૨૩માં ભારતના G૨૦ની અધ્યક્ષતા દરમિયાન, આફ્રિકન યુનિયન G૨૦નું સભ્ય બન્યું હતું.મોદીએ કહ્યું કે આ સમિટ મુખ્ય વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરવાની તક હશે. આ વર્ષના G૨૦ની થીમ "એકતા, સમાનતા અને સ્થિરતા" છે, જેના દ્વારા દક્ષિણ આફ્રિકાએ નવી દિલ્હી, ભારત અને રિયો ડી જાનેરો, બ્રાઝિલમાં યોજાયેલી અગાઉની સમિટના પરિણામોને આગળ ધપાવ્યા છે.તેમણે કહ્યું કે તેઓ આ સમિટમાં ભારતના "વસુધૈવ કુટુંબકમ" ના વિઝનને ફરીથી સમર્થન આપશે, જેનો અર્થ "એક પરિવાર અને એક ભવિષ્ય" થાય છે. મોદીએ IBSA સમિટમાં હાજરી આપવા વિશે પણ વાત કરી. આ મુલાકાત દરમિયાન, મોદી દક્ષિણ આફ્રિકામાં રહેતા ભારતીય પ્રવાસીઓ સાથે પણ મુલાકાત કરશે.દક્ષિણ આફ્રિકામાં માનવાધિકાર ઉલ્લંઘનનો હવાલો આપીને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તેઓ G૨૦ સમિટમાં હાજરી આપશે નહીં.ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી કે દક્ષિણ આફ્રિકામાં શ્વેત ખેડૂતો પર અત્યાચાર થઈ રહ્યો છે, અને તેથી કોઈ પણ યુએસ અધિકારી ત્યાં જશે નહીં.અમેરિકાના વિદેશ સચિવ માર્કો રુબિયોએ પણ સમિટમાંથી પોતાની ગેરહાજરીની જાહેરાત કરી. તેના જવાબમાં, ભારતમાં દક્ષિણ આફ્રિકાના હાઈ કમિશનર અનિલ સૂકલાલે કહ્યું કે G૨૦ એટલું મોટું પ્લેટફોર્મ બની ગયું છે કે એક દેશની ગેરહાજરી તેનું કાર્ય રોકી શકતું નથી.

### કોલકાતાથી
પહેલા પાનાનું ચાલુ

મુખ્યત્વે ૭ મોટી અને ઘણી નાની ટેક્ટોનિક પ્લેટોથી બનેલી છે. આ પ્લેટ્સ સતત ફરતી રહે છે અને ક્યારેક એકબીજા સાથે અથડાય છે. ઘણી વખત, અથડાવાને કારણે, પ્લેટોના ખૂણાઓ વળે છે અને જ્યારે ખૂબ દબાણ હોય છે, ત્યારે આ પ્લેટો તૂટવા લાગે છે. આવી સ્થિતિમાં, નીચેથી નીકળતી ઉર્જા બહાર નીકળવાનો માર્ગ શોધે છે અને આ ડિસ્ટર્બન્સ પછી ભૂકંપ આવે છે.

આ રીતે ભૂકંપની તીવ્રતાનો અંદાજ આવે છેધરતીકંપની તીવ્રતાનો અંદાજ તેના કેન્દ્ર (એપીસેન્ટર)માંથી નીકળતી ઊર્જાના તરંગો દ્વારા માપવામાં આવે છે. સેંકડો કિલોમીટરમાં ફેલાયેલી આ તરંગથી આંચકા આવો છે. ધરતીમાં તિરાડો પણ પડે છે. જો ધરતીકંપનું કેન્દ્ર ઓછી ઊંડાઈએ હોય તો તેમાંથી નીકળતી ઉર્જા સપાટીની ખૂબ જ નજીક હોય છે, જેના કારણે ભારે વિનાશ કરી શકે છે.

### લાંચના
પહેલા પાનાનું ચાલુ

કરે છે.જો કે ખાસ સીબીઆઈ કોર્ટના ન્યાયમૂર્તિ ડી.જી.રાણાએ આ અરજી ફગાવતા કહ્યું કે ટ્રેપમાં જે સોનું કબ્જે થયું છે તે આ ભ્રષ્ટ વ્યવહારનો એક ભાગ છે. લાંચના નાણા સોનામાં રૂપાંતર થયા છે. ઉપરાંત તેણે સોનુ વેચી દીધુ છે તેથી તે તેના પર દાવો કરી શકે નહી અને જે સોનું કબ્જે થયુ છે તે કોર્ટ કસ્ટડીમાં સલામત છે.કોર્ટ એ પણ નોંધ્યું કે સોનાના ભાવમાં જે મોટો વધારો થયો છે તેથી જપ્ત થયેલા સોનાની કિંમત પણ અનેકગણી વધી ગઈ છે તેથી સોનું એ અરજદારને પરત આપી શકાય નહી. કારણ કે તે તેણે અગાઉ જ વેચી દીધું છે.

### મેક્સિકોની ફાતિમા
પહેલા પાનાનું ચાલુ

તેણીને સખત ઠપકો આપવામાં આવ્યો હતો, અને અન્ય સ્પર્ધકોએ વિરોધ કર્યો હતો. વિરોધ છતાં, ફાતિમા બોશે ઈતિહાસ રચ્યો હતો. ૭૪મી મિસ યુનિવર્સ સ્પર્ધાના ફાઈનલમાં, બધા દેશોની બ્યુટી ક્વીન્સ અલગ અલગ ગાઉન પહેરીને સ્ટેજ પર ઉતરી હતી. ફર્સ્ટ રનર-અપ થાઈલેન્ડની પ્રવીણ સિંહ, સેકન્ડ રનર-અપ મિસ વેનેઝુએલા અને થર્ડ રનર-અપ મિસ ફિલિપાઈન્સ રહી હતી. ભારતની રાજસ્થાનની મણિકા વિશ્વકર્મા પણ સ્પર્ધામાં ભાગ લીધો હતો, પરંતુ તે ટોપ ૧૨ માં પહોંચવામાં નિષ્ફળ રહી હતી, સ્પર્ધાના ફક્ત ૩૦મા રાઉન્ડ સુધી પહોંચી હતી.

ટોચના ૧૨ માં ગ્વાડેલુપ, મેક્સિકો, પ્યુઅર્ટો રિકો, ચિલી, કોલંબિયા, ક્યુબા, કોટ ડી’આઈવોર, વેનેઝુએલા, ચીન, ફિલિપાઈન્સ, થાઈલેન્ડ અને માલ્ટાની સુંદરીઓનું પ્રભુત્વ હતું.

મેક્સિકોની ફાતિમા બોશ સ્પર્ધાની શરૂઆતથી જ વિવાદમાં ફસાઈ ગઈ હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મિસ થાઈલેન્ડના ડિરેક્ટર નાવત ઈત્સાગ્રીસિલે સ્ટેજ પર તેના પર તીખા સવાલો ઉઠાવ્યા હતા અને તેની બુદ્ધિમત્તા પર પણ સવાલ ઉઠાવ્યા હતા. જોકે, ફાતિમા બોશે ડિરેક્ટરની ટિપ્પણીનો વિરોધ કર્યો અને સ્ટેજ છોડીને ચાલી ગઈ. સ્ટેજ પરના અન્ય સ્પર્ધકો પણ ફાતિમા બોશના સમર્થનમાં ચાલ્યા ગયા. જોકે, તેણીએ તેની સુંદરતા અને બુદ્ધિમત્તાથી ફાઈનલમાં શો જીત્યો.

આ વર્ષની સ્પર્ધામાં ઈન્ટરવ્યૂ રાઉન્ડ, સ્વિમસ્યુટ સેગમેન્ટ રાઉન્ડ અને ઈવનિંગ ગાઉન રાઉન્ડ સહિત વિવિધ રસપ્રદ રાઉન્ડ હતા. આ બધી સ્પર્ધાઓમાં સારું પ્રદર્શન કર્યા પછી, જ્યુરીએ થાઈલેન્ડ, ફિલિપાઈન્સ, વેનેઝુએલા, મેક્સિકો અને કોટ ડી’આઈવોરની સુંદર સ્પર્ધકોને ટોચના પાંચ માટે પસંદ કર્યા, અને અંતે, તેની સુંદરતા અને બુદ્ધિમત્તાથી, ફાતિમા બોશે મિસ યુનિવર્સનો ખિતાબ જીત્યો.

### બોરિસ જોનસનની
પહેલા પાનાનું ચાલુ

કોવિડ પ્રતિબંધો દરમિયાન વડાપ્રધાનના આવાસ પર થયેલી પાર્ટીઓ અને ખુદ જોન્સન દ્વારા નિયમો તોડીને લંડનની બહાર જવા જેવી ઘટનાઓએ જનતામાં ખોટો સંદેશો મોકલ્યો હતો. વિડંબણા એ છે કે આ તપાસનો આદેશ ખુદ બોરિસ જોન્સને જ મે ૨૦૨૧માં આપ્યો હતો. આ રિપોર્ટના તારણોએ તેમના નેતૃત્વ હેઠળ લેવાયેલા નિર્ણયોની ગંભીર નિષ્ફળતાને ઉજાગર કરી છે.

### મધ્ય પ્રદેશમાં જોરદાર
પહેલા પાનાનું ચાલુ

ગુરુવારે લાઈવ રેન્કિંગમાં, દિલ્હીને વિશ્વના સૌથી પ્રદૂષિત શહેર તરીકે સ્થાન આપવામાં આવ્યું હતું.પહાડી રાજ્યોમાં બરફવર્ષાને કારણે મધ્યપ્રદેશમાં ઠંડીમાં વધારો થયો છે. છેલ્લા ૧૫ દિવસથી રાજ્યમાં ભારે ઠંડી પડી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં ભોપાલ અને ઈન્દોર સહિત ૧૨ શહેરોમાં તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે ગયું છે. રાજગઢમાં સૌથી ઓછું તાપમાન ૭.૫ ડિગ્રી નોંધાયું છે. જબલપુરના ભેડાઘાટમાં ગાઢ ધુમ્મસ છવાયું છે.

### ગોધરાના ઘરમાં આગ
પહેલા પાનાનું ચાલુ

અને ઝેરી ધુમાડામાં શ્વાસ રૂંધાવાથી ચારેય સભ્યનાં ઘટનાસ્થળે જ ગૂંગળાઈને કરુણ મોત નીપજ્યાં.

સવારે જ્યારે આસપાસના લોકોને ઘટનાની જાણ થઈ અને ફાયર વિભાગને બોલાવાવો ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ચૂક્યું હતું. ફાયરબ્રિગેડ દ્વારા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી, પરંતુ અંદર ગયેલા તમામ સભ્યના મૃતદેહ જ બહાર કાઢી શકાયા.

આજે જે ઘરમાંથી દીકરાએ વરરાજા બનીને સગાઈ માટે નીકળવાનું હતું એ જ ઘરમાંથી એકસાથે ચાર-ચાર લોકો જીવતા હોમાતા જોઈને પથ્થર દિલ માણસ પણ રડી પડ્યા હતા. આ બનાવના કારણે માત્ર ગંગોત્રીનગર જ નહીં, પરંતુ સમગ્ર વેપારી આલમમાં ઘેરો શોક છવાઈ ગયો છે. વાપીમાં જ્યાં સગાઈની તૈયારીઓ ચાલી રહી હતી ત્યાં વેવાઈ પક્ષ પર પણ આ સમાચાર વજ્રઘાત સમાન સાબિત થયા છે.

નિયતિ જ્યારે રૂઠે છે ત્યારે એ સમય કે સંજોગ કઈ જ જોતી નથી, એનું આ ગોધરામાં જોવા મળેલું ઉદાહરણ ખરેખર હૃદય કંપાવી દે એવું છે. હસતા-રમતા આખા પરિવારના સભ્યોનાં આ રીતે અણધાર્યા મૃત્યુ થતાં શહેરમાં સન્નાટો છવાઈ ગયો છે.

### બ્રાઝિલમાં જળ
પહેલા પાનાનું ચાલુ

મળ્યા હતા. એ જ સમયે મંડપમાંથી જ્વાળાઓ અને કાળો ધુમાડો નીકળતો જોવા મળ્યો. આ ધુમાડો ઘણા કિલોમીટર દૂરથી પણ જોઈ શકાતો હતો.

ઘટનાસ્થળે ડઝનબંધ એમ્બ્યુલન્સ અને ફાયર એન્જિન દોડી ગયાં હતાં. બાદમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો, એમ કાર્યક્રમના આયોજકો, UN COP૩૦ પ્રેસિડેન્સી અને ૈંદ્બઝ્રઝ્ર એ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું. આગ લાગ્યાના થોડીવાર પછી આ વિસ્તારમાં ભારે વરસાદ શરૂ થયો, જેના કારણે સ્થળની બહાર આવેલા હજારો લોકો વરસાદમાં પલળી ગયા હતા.

### પૂર્વ વિધાનસભા
પેજ-૨ પાનાનું ચાલુ

પ્રોત્સાહન અને રાષ્ટ્રનિર્માણનાં સંકલ્પો સાથે “એક ભારત – આત્મનિર્ભર ભારત” ની સપથ લઈ સર્વે ઉપસ્થિતોએ આત્મનિર્ભર ભારત અને સામુહિક પ્રગતિ તરફ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. ત્યારબાદ મંચ પર ઉપસ્થિત મહાનુભાગો દ્વારા એકતા પદયાત્રાને ફ્લેગઓફ આપવામાં આવેલ.

પદયાત્રા સુરત રેલ્વે સ્ટેશનથી શરૂ થઈ દિલ્હી ગેટ, ગલેમંડી, ભવાનીવડ, ચોકસી બજાર થી રાજમાર્ગ ના રસ્તે ભાગળ ચાર રસ્તા, લાલગેટ, મોટા મંદિર થઈ ચોક બજાર સ્થિત સુરતના ઐતિહાસિક કિલ્લા ખાતે પૂર્ણ થઈ હતી.આ પદયાત્રામાં વિવિધ સંસ્થાઓના મહાનુભાવો–પ્રતિનિધિઓ ,મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, અધિકારીઓ-કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં રાષ્ટ્રપ્રેમી નગરજનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. સૌની સક્રિય ભાગીદારી અને સહયોગથી પદયાત્રા સફળતાપૂર્વક આયોજન પામી હતી અને રાષ્ટ્રની એકતા, અખંડિતતા તથા સાંસ્કૃતિક સૌહાર્દ પ્રત્યેની સૌની ઊંડી પ્રતિબદ્ધતાનો દૃઢ સંદેશ પ્રસ્થાપિત થયો હતો.

### આવતીકાલથી
પેજ-૨ પાનાનું ચાલુ

એકઝીબીશનમાં વેલ્વેટ એરજેટ મશીનરીનું પ્રદર્શન કરાશે. આ મશીનરી પર હાઈ કવોલિટી વેલ્વેટનું પ્રોડકશન લઈ શકાશે. આ ઉપરાંત સીટેક્ષ એકઝીબીશનમાં ઈન્ટરેકટીવ સોફટવેરની પણ વિઝીટર્સને માહિતી આપવામાં આવશે. રેપિયર જેકાર્ડ મશીન માટે આ સોફટવેરનો ઉપયોગ કરવામાં આવે છે. આ સોફટવેરની મદદથી મોબાઈલ, લેપટોપ તથા ઓન સ્ક્રીન પર પ્રોડકશનને લાઈવ જોઈ શકાય છે.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, સીટેક્ષ પ્રદર્શનમાં ભારતમાં બનેલા એરજેટ, વોટરજેટ અને રેપિયરના લેટેસ્ટ મોડેલ મશીનરીનું પ્રદર્શન કરવામાં આવશે. મોટા ભાગે એરજેટ મશીન કોટન બેઈઝ હોય છે, પરંતુ આ એકઝીબીશનમાં વિસ્કોસ તેમજ પોલિએસ્ટરનું પ્રોડકશન કરનારા એરજેટ મશીનો પણ પ્રદર્શિત કરાશે. આ મશીનરી પર અલગ અલગ યાર્નનો પણ ઉપયોગ કરી શકાય છે, જે પ્રોડકશનમાં ૯૫થી ૯૬ ટકા સુધીની એફિશીયન્સી આપે છે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા અને માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ જણાવ્યું હતું કે, સુરત સહિત દક્ષિણ ગુજરાત ઉપરાંત આખા ભારતના વિવર્સ એસોસીએશનોને સીટેક્ષ એકઝીબીશનની મુલાકાત માટે આમંત્રણ પાઠવવામાં આવ્યા છે. ૧૫,૦૦૦થી વધુ વિઝીટર્સનું ઓનલાઈન રજિસ્ટ્રેશન પણ આવી ગયું છે. ભારતભરમાં ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલા ૨૫,૦૦૦થી વધુ લોકો ૧૫૦ કરતા પણ વધારે શહેરોમાંથી સીટેક્ષ એકઝીબીશનની વિઝીટ કરશે. સીટેક્ષ એકઝીબીશનની મુલાકાત માટે વિના મૂલ્યે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી શકાય છે.

ચેમ્બરના ઓલ એકઝીબીશન્સ ચેરમેન શ્રી કિરણ ઠુંમર અને કો–ચેરમેન શ્રી નિરવ માંડલેવાલાએ જણાવ્યું હતું કે, સરસાણા સ્થિત એકઝીબીશન સેન્ટરમાં ટેક્ષ્ટાઈલ મશીનરી અને ટેકનિકલ ટેક્ષ્ટાઈલ સંબંધિત મશીનરીનું પ્રદર્શન થશે. તદ્દુપરાંત, પ્લેટીનમ હોલમાં ટેક્ષ્ટાઈલ એસેસરીઝ અને એન્સીલરીનું પ્રદર્શન કરવામાં આવશે, આથી જ અમને ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીના તમામ સેકટર્સના એકઝીબીટર્સ તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે.

સીટેક્ષ એક્ષ્પો–૨૦૨૫ના ચેરમેન શ્રી સુરેશ પટેલે જણાવ્યું હતું કે, સીટેક્ષ એકઝીબીશનમાં સુરતના ૭૧ એકઝીબીટર્સે ભાગ લીધો છે. ટેક્ષ્ટાઈલ મશીનરી અને એસેસરીઝ મેન્યુફેકચરર્સ તેમની વિશ્વની સૌથી અદ્યતન ટેકનોલોજી ધરાવતી મશીનરીનું પ્રદર્શન કરશે.

સીટેક્ષ એક્ષ્પો–૨૦૨૫ના કો–ચેરમેનો શ્રી મયુર ગોળવાલા, શ્રી રિતેશ બોડાવાલા, વિપુલ સિંહ દેસાઇ તથા સુરત ટેક્ષમેક ફેડરેશનના ઉપ પ્રમુખ શ્રી પ્રણવ મહેતા, સેક્રેટરી શ્રી જિતેન્દ્ર મિસ્ત્રી, જોઈન્ટ સેક્રેટરી શ્રી ભાવેશ વઘાસિયા અને ટ્રેઝરર શ્રી મહેન્દ્ર કુકડીયાએ એકઝીબીશનના આયોજનમાં ભારે જહેમત ઉઠાવી હતી.

ટેક્ષ્ટાઈલ મશીનરી અને એન્સીલરીનું વિશાળ પ્રદર્શન હોવાથી આ એકઝીબીશનમાં ૧૬ વર્ષથી નાના બાળકોનો પ્રવેશ પ્રતિબંધિત છે, જેની નોંધ લેવા વિનંતી છે.

### સુરત શહેરમાં
પેજ-૨ પાનાનું ચાલુ

અધિકારીઓએ સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું. સેન્ટ્રલ ઝોનના એડી.સીટી (સિવિલ) ઈજનેરે ગોટાલાવાડીથી લાલ દરવાજા સુધીના માર્ગનું નિરીક્ષણ કર્યું. સાઉથ ઝોન-બી (ઉધના) ના ડેપ્યુટી કમિશ્નરે સનાબીલ મસ્જિદથી આશીષ હોટેલ પશ્ચિમ બાજુના સર્વિસ રોડનો મુલાકાત લીધી. ઈસ્ટ ઝોન-એના ડેપ્યુટી કમિશ્નરે ફૂલપાડા વિસ્તારમાં ધરમનગર ચાર રસ્તા ઝડફિયા સ્કૂલ પાસેની કામગીરીની સમીક્ષા કરી. ઈસ્ટ ઝોન-બીના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર (ડેપ્યુ.) એ અબ્રામા–ગોપીન સર્કલ નજીકની કામગીરીનું નિરીક્ષણ કર્યું. તે ઉપરાંત સાઉથ ઝોન-એના ડેપ્યુટી કમિશ્નરે સબજેલ પાસેના માર્ગની કામગીરીને પણ નિરીક્ષણ હેઠળ લીધી.અધિકારીઓએ સ્થળ પર જ જરૂરી સૂચનાઓ આપી અને માર્ગ સુધારણા કાર્ય વધુ સુચારૂ, ગુણવત્તાસભર અને સમયપત્રક મુજબ પૂર્ણ થાય તેની તકેદારી રાખી રહ્યા છે.

### વરાછામાં સરદાર
પેજ-૨ પાનાનું ચાલુ

બાદ ૫૬૨ રજવાડાંને એકત્રીત કરીને અખંડ ભારતનું નિર્માણ કરવાનું કાર્ય જો કોઈએ ભગીરથ પ્રયત્નોથી સફળ બનાવ્યું હોય તો તે લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ જ છે. રાષ્ટ્રની એકતા માટે કરેલું તેમનું અવિરત પરાક્રમ આજે પણ દરેક ભારતીય માટે ગૌરવનો વિષય છે.”

તેમણે ઉમેર્યું કે, “સરકાર દ્વારા નિર્મિત ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ સરદાર સાહેબના મહાન જીવનચરિત્ર અને રાષ્ટ્રને આપેલા અપરંપાર યોગદાનનું શાશ્વત પ્રતીક છે. દેશમાં જ નહીં પરંતુ વિશ્વભરના લોકો સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આવી સરદાર સાહેબને નમન કરે છે, જે આપણી રાષ્ટ્રીય ગૌરવગાથાનો અવિભાજ્ય ભાગ બની ગયું છે.”

આ પ્રસંગે અગ્રણી કાનજી ભાલાળા, અગ્રણી માધુભાઈ, કોપોરેટરશ્રીઓ, હિરા ઉદ્યોગના અગ્રણીઓ, ડે.મ્યુ.કમિશનર તથા પાલિકા અધિકારીઓ પદાધિકારી સહિત શહેરજનો યાત્રામાં જોડાયા હતા.

### રંગ ઇન્ટરનેશનલ
પેજ-૨ પાનાનું ચાલુ

અભિગમ અપનાવી રહ્યા છે. આ ત્રણ કૃતિઓ હવે જીલ્લા કક્ષાએ પહોંચી છે, જે દર્શાવે છે કે આપણા બાળકોમાં અદભૂત સંભાવનાઓ રહેલી છે. હું આશા રાખું છું કે તેઓ ભવિષ્યમાં પણ વિજ્ઞાનના ક્ષેત્રમાં આવા જ ઉમદા કાર્યો કરીને શાળા અને સમાજનું નામ રોશન કરે." આવી સિદ્ધિઓ ભવિષ્યના વૈજ્ઞાનિકો અને સંશોધકોને પ્રેરણા આપશે.

### એઆઈથી
પેજ-૨ પાનાનું ચાલુ

દિશા આપતું પુસ્તક YOU + AI નું વિમોચન સુરત શહેર સ્પેશીયલ બ્રાંચના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ જુલીબેન કોઠીયાએ કર્યું હતું. આ પ્રસંગે તેમણે AI નું મહત્વ સમજાવી લોકોને વધુ સજાગ રહેવા માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે મિત દેસાઈના પિતા કલ્પેશભાઈ તથા માતા કૈલાસબેન અને પત્ની કાજલબેનનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

શ્રી સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટ સુરતના પ્રમુખ અને સંગીની ગ્રુપના શ્રી વેલજીભાઈ શેટા એ જણાવ્યું હતું કે, મોબાઈલ હવે માત્ર વાત-ચિતનું સાધન નથી તે AI નું ટુલ્સ છે. AI જીવનના દરેક ક્ષેત્રે પ્રવેશી રહ્યું છે. તેથી તેને વધુમાં વધુ સમજવાની જરૂર છે. મિત દેસાઈ એ તૈયાર કરેલ YOU + AI બુક ખુબ ઉપયોગી થશે તે બદલ લેખકને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે તેમના ધર્મપત્ની પુષ્પાબેન ઉપસ્થિત રહ્યા હતા.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શુક્રવાર, તા.૨૧ નવેમ્બર ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

## ૧૪૪ દિવસ બાદ આજે કોઝવેના દરવાજા ખુલતાં લોકોનો હાશકારો

**ચોમાસાને પગલે કોઝવે પરથી પાણી વહેતા વાહન-વ્યવહાર માટે કોઝવે બંધ કરવો પડતો હોય છે**



(તસવીર : હનીફ મલેક)

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**

વેડ કતારગામ અને રાંદેરને જોડતો કોઝવેને આજે ખુલ્લો મુકાતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

કતારગામ અને રાંદેરને જોડતો વિયર કમ કોઝવે આજે ૧૪૪ બાદ ખુલ્લો કરાયો છે ત્યારે હજારો વાહન ચાલકો હાંશકારો અનુભવી રહ્યા છે. સિંગણપોર, ડભોલી, વેડ તેમજ કતારગામ વિસ્તારનાં લોકો ચંદ્રશેખર આઝાદ બ્રિજ થઇ તેમજ જહાંગીરપુરા ડભોલી બ્રીજનો ઉપયોગ કરીને રાંદેર, અડાજણ તેમજ સિટીના અન્ય વિસ્તારમાં જતા હતા ત્યારે કોઝવે ૧૪૪ દિવસ બાદ ખુલ્લો મુકાતા વાહન ચાલકો રાહત અનુભવી રહ્યા છે.

સમયની બચતની સાથે સાથે પેટ્રોલની પણ બચત થતી હોય કોઝવે શરૂ થતા જ વહેલી સવારથી જ લોકોની અવર-જવર વધી હતી. જુન મહિનામાં વરસાદની ધબધબાટીને પગલે કોઝવે ઓવરફ્લો થતા બંધ કરી દેવાયો હતો. સતત ચાર મહિના ઉપરાંતના સમયથી બંધ રહેલો કોઝવે આજે ખુલ્લો મુકાતા જ વાહન ચાલકોને લાંબા ઘેરાવામાંથી મુક્તિ મળી છે.

## સુરત રેલવેના પાર્સલ વિભાગમાં વિજિલન્સના દરોડા : મહિલા ચીફ પાર્સલ કલાર્ક ઝડપાયા

**રેલવે પાર્સલ વિભાગમાં ચાલતી ગેરરીતિને પગલે વિજિલન્સ તપાસ, સીએલએસ હેમલતાબેન પાસેથી વધારાના રૂા.૨૭૦૦ મળી આવતા તપાસ**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**

સુરત રેલવે સ્ટેશનના પાર્સલ વિભાગમાં આજે વહેલી સવારથી પશ્ચિમ રેલવેને મુંબઈની વિજિલન્સ ટીમે દરોડા પાડતા ખળભળાટ વ્યાપી ગયો હતો. મુંબઈથી આવેલી આ વિજિલન્સ ટીમે સતત ત્રણ કલાક સુધી પાર્સલ વિભાગમાં તપાસ કરી હતી. સુરત રેલવે પાર્સલ વિભાગમાં ચાલતી ગેરરીતિને કારણે વિજિલન્સ તપાસ આવી હોવાનું જાણવા મળ્યું છે.

સુરત રેલવે સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગત મુજબ વિજિલન્સના દરોડા દરમિયાન મહિલા સીએલએસ ગેરરીતિ આચરતા રંગે હાથ ઝડપાઈ જતા વિજિલન્સ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

સુરત રેલવે સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આજે વહેલી સવારે પશ્ચિમ રેલવે મુંબઈથી એક વિજિલન્સ ટીમે પાર્સલ ઓફિસમાં ધસી આવી હતી. વિજિલન્સ તપાસને પગલે પાર્સલ વિભાગના અધિકારી-કર્મચારીઓ દોડતા થયાં હતા. સુરત રેલવેમાં વિજિલન્સ તપાસના સમાચાર વાયુવેગે ફેલાતા રેલવે અધિકારી-કર્મચારીઓમાં ખળભળાટ વ્યાપી ગયો હતો.

સુરત રેલવેના પાર્સલ વિભાગમાંથી જાણવા મળતી વિગત મુજબ રેલવે પાર્સલ વિભાગમાં ચાલતી ગેરરીતિને પગલે આ વિજિલન્સ તપાસ આવી હતી. વિજિલન્સ ટીમના દરોડા દરમિયાન ચીફ પાર્સલ કલાક હેમલતાબેન પાસેથી વધારાની રૂપિયા ૨૭૦૦ મળી આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. જેને પગલે વિજિલન્સ ટીમે આગળની કાર્યવાહી કરી હોવાનું જાણવા મળ્યું છે.

## સગાઈ પ્રસંગે રાજકોટથી આવેલી મહિલાનું પર્સ ગાયબ થયું

**પર્સમાં રૂા.૧.૯૮ લાખની મત્તા હતી**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**

રાજકોટથી ઉધના વિસ્તારમાં સગાઇના પ્રસંગમાં આવેલી ૫૨ વર્ષિય મહિલાના પર્સમાંથી મંગળસુત્ર અને સોનાની ચેઈન તેમજ રોકડ મળી રૂ.૧.૯૮ લાખની મત્તા ચોરી થઇ ગઇ હતી. આ મામલે મહિલાએ ઉધના પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

ઉધના પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ રાજકોટના વાવડી સિંગરોડ જય ગોપાલ માધવ વાટીકા ખાતે રહેતા હિનાબેન પ્રફુલભાઇ નરશીભાઇ મારડીયા ઉ.વ.૫૨ ઉધના ગામ મહાદેવ ફળીયા કાશીબા કોમ્પલેક્ષમાં રહેતી તેમની નાની બહેનને ત્યાં આવ્યા હતા. સગાઇના પ્રસંગમાં આવેલા હીનાબેન મારડીયચએ તેમી સોનાની ચેઈન, મંગળસુત્ર અને રોકડા રૂ.૧૪૦૦ એક પર્સમાં મુકીને બહેનને ત્યાં કબાટમાં મુક્યું હતું. ત્યારબાદ બીજા દિવસે પર્સ ચેક કરતા તેમાંથી દાગીના અને રોકડ ગાયબ હતી આજુ બાજુ તપાસ કરતા દાગીના મળી આવ્યા ન હતા. આ મામલે ઉધના પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીની ફરીયાદ નોંધાવાઇ હતી.



દવાનો દુરૂપયોગ નહીં કરવા માટે લોકજાગૃતિ અર્થે આજે સિવિલ કેમ્પસમાં એન્ટી માયક્રોલીયલ વિભાગ દ્વારા એન્ટી માયક્રોલીયન અવરનેસ વીકની ઉજવણી કરવામાં આવી હતી. લોકજાગૃતિ અર્થે યોજાયેલા આ કાર્યક્રમમાં હેડ ઓફ ડિપાર્ટમેન્ટના સુમૈયા મુલ્લા, પ્રો.ડો.સંગીતા રાજદેવ, ડો. તનવી સુખારામવાલા સહિતના ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : હનીફ મલેક)

## ઓઇલ-રાસાયણિક આપત્તિ વ્યવસ્થાપન માટે અડાજણની IOCLમાં મોકડ્રિલ યોજાઈ

**રાજ્યના કુલ પાંચ સંવેદનશીલ જિલ્લાઓમાં મોકડ્રિલ યોજવામાં આવી હતી**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**

ભારત સરકારની સૂચનાના પગલે, ગુજરાત રાજ્યમાં આજે ઓઈલ અને રાસાયણિક આપત્તિ વ્યવસ્થાપન માટે એક વિશાળ સ્તરનું મોકડ્રિલ યોજવામાં આવી હતી. આ મોકડ્રિલનો મુખ્ય હેતુ ઓઈલ અને રસાયણો સંબંધિત આપત્તિની સ્થિતિમાં રાજ્યના તંત્રની સજ્જતા અને પ્રતિભાવ સમયની ચકાસણી કરવાનો હતો.

આ મોકડ્રિલ રાજ્યના કુલ પાંચ સંવેદનશીલ જિલ્લાઓમાં યોજવામાં આવી હતી. આ મોકડ્રિલ દહેજ અને વાગરાના ઔદ્યોગિક ઝોન, અડાજણ વિસ્તારમાં આવેલ IOCL (ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ) ખાતે, નાયરા એનર્જી અને IOCL વાડીનાર ખાતે. રિલાયન્સ રિફાઈનરી ખાતે.કંડલા પોર્ટ ખાતે કરવામા આવી હતી અને આ સમગ્ર મોકડ્રિલનું મોનિટરિંગ ગાંધીનગર સ્થિત સ્ટેટ ડિઝાસ્ટર સેન્ટર ખાતેથી કરવામાં આવ્યું હતું.

અધિકારીઓની એક વિશેષ ટીમે દરેક સ્થળ પરના પ્રતિભાવ અને સંકલનની ઝીણવટપૂર્વક તપાસ કરી હતી. આ મોકડ્રિલ દ્વારા સંબંધિત ઉદ્યોગો, સ્થાનિક વહીવટી તંત્ર, પોલીસ, ફાયર અને આરોગ્ય વિભાગ વચ્ચેનું સંકલન કેટલું અસરકારક છે તે ચકાસવામાં આવ્યું હતું.

## બોગસ દસ્તાવેજો પર ભારતીય પાસપોર્ટ બનાવનાર અફઘાનિસ્તાનીની ધરપકડ

**બોગસ દસ્તાવેજ બનાવી દેનાર મહારાષ્ટ્રના અગજાનને વોન્ટેડ જાહેર કરતી ક્રાઈમ બ્રાંચ**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**

યુનાઈટેડ નેશન ખાતે આવેલી રેફયુજી એજન્સીમાંથી ભારતમાં રહેવા માટેનું યુએનએચસીઆર કાર્ડ મેળવી તેને આધારે છેલ્લા એક વર્ષથી ભારતમાં રહેતા અફઘાનિસ્તાનના કાબુલ ખાતે રહેતા મો.આમીર જાવીદખાન (અફઘાન)ને મહારાષ્ટ્રના જાલના પાલિકાની કચેરીમાંથી ત્યાંના એક રહેવાસીની મદદગારીથી પોતાનું ખોટુ જન્મપ્રમાણ પત્ર બનાવી તેને આધારે ઈન્ડીયન પાસપોર્ટ સહિતના પુરાવા બનાવી લીધા હતા. આ મામલે બાતમી મળતા ક્રાઈમ બ્રાંચે મુળ અફઘાનિસ્તાનના મોહમદ આમીર અફઘાનને ચોકબજાર હોપ પુલ પાસેથી ઝડપી પાડ્યો હતો. તેની સામે ખોટા દસ્તાવેજ બનાવવા બદલ ગુનો નોંધવામાં આવ્યો છે.

દિલ્હી બોમ્બ બ્લાસ્ટને પગલે સમગ્ર દેશમાં એલર્ટ છે ત્યારે સુરત શહેર પોલીસ દ્વારા અન્ય દેશમાંથી આવતા નાગરીકો ઉપર પણ વોચ રાખવામાં આવી છે. દરમિયાન ક્રાઈમ બ્રાંચે ચોક્કસ બાતમીને આધારે એક અફઘાનિસ્તાની મુળના નાગરીકની ધરપકડ કરી હોવાનું જાણવા મળ્યું છે. આ અફઘાનીસ્તાની એક વર્ષથી સુરતમાં હતો અને તે રેફયુજી એજન્સીમાંથી ભારત આવવાની પરવાનગી લઈને આવ્યા બાદ તેણે બોગસ પુરાવા ઉભા કર્યા હતા.

ક્રાઈમ બ્રાંચમાં નોંધાયેલી ફરીયાદમાં જણાવ્યા અનુસાર મુળ કાબુલસીટી અરઝાન ક્યુમત વિસ્તાર દોલતઝઈ સ્ટ્રીટ અફઘાનીસ્તાનનો વતની મોહમદ આમીર જાવીદ ખાન (ઉ.વ.૪૨) હાલ રામનગર મલાબાર પ્લસ બિલ્ડીંગના દશમાં માળે ફ્લેટ નં.ડી-૧૦૦૩માં સને ૨૦૨૪થી રહેતો હતો. દરમિયન તેણે મહારાષ્ટ્ર રાજયનાં જાલના જિલ્લાના વતની અગજાન નામના કોઈ વ્યક્તિનો સંપર્ક કરી જાલના મહાનગર પાલિકા કચેરીમાંથી ખોટુ જન્મનું પ્રમાણ પત્ર બનાવડાવી તેને આધારે ભારતીય પાસપોર્ટ બનાવડાવી તેમજ ભારત સરકારનું આધારકાર્ડ, પાનકાર્ડ તેમજ ચુંટણીકાર્ડ સહિતના ડોક્યુમેન્ટ બનાવ્યા હતા.

મુળ અફઘાનીસ્તાનના આશંકાસ્પદ ઈસમની માહિતી મળતા તેને ગઈકાલે ક્રાઈમ બ્રાંચે ચોકબજાર હોપ બ્રીજ પાસેથી દબોચી લીધો હતો. હાલ તેની સખતાઈ પુર્વક પુછપરછ કરવામાં આવી રહી છે.

## સુરતમાં શનિ અને રવિવારે ખાસ મતદારયાદી સુધારણા કેમ્પ યોજાશે

**મતદારો નજીકના મતદાન મથકની મુલાકાત લઈને ગણતરી ફોર્મ ભરીને આપી શકશે**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**

ભારતના ચૂંટણી પંચના તા.૦૧ લી જાન્યુઆરી ૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદીનો ખાસ સઘન સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ તા.૪/૧૧/૨૦૨૫ થી તા.૦૪/૧૨/૨૦૨૫ નક્કી કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન બી.એલ.ઓ. દ્વારા ઘરે-ઘરે જઈ મતદારોને ગણતરી ફોર્મ વિતરણ કરી પરત મેળવવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

આ દરમિયાન મુખ્યનિર્વાચિન અધિકારી, ગાંધીનગરની સુચના મુજબ તા.૨૨/૧૧/૨૫ (શનિવાર) અને તા.૨૩/૧૧/૨૦૨૫ (રવિવાર)ના રોજ ખાસ કેમ્પનું આયોજન કરાયું છે. આ બન્ને દિવસોએ સુરત જિલ્લાના તમામ બી.એલ.ઓ. સંબંધિત બુથ પર સવારે ૯.૦૦ કલાકથી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી હાજર રહેશે. આ દિવસોએ જે મતદારોએ તેમનું ગણતરી ફોર્મ મેળવવા કે પરત આપવાનું બાકી હોય તેઓએ સત્વરે સંબંધિત મતદાન મથકની મુલાકાત લઈ બી.એલ.ઓ પાસે પોતાના ગણતરી ફોર્મની વિગતો ભરી પરત કરી શકશે. મતદારો આ સમય દરમિયાન BLOની મદદથી મેપિંગ-લિન્કીગ કરાવી શકશે તથા જે મતદારોનું નામ અથવા માતા-પિતા/દાદા-દાદીનું નામ વર્ષ ૨૦૦૨ની મતદારયાદીમાં ન હોય તેવા કિસ્સામાં ક્યાં પુરાવા રજૂ કરવા તે અંગે ર્મ્ પાસેથી માર્ગદર્શન પણ મેળવી શકશે. જેથી મતદારોએ બન્ને દિવસોમાં ખાસ ઝુંબેશનો લાભ લેવા સુરત જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરની યાદીમાં જણાવાયું છે.

## બગુમરા રેલવે ટ્રેક પર ફેંકાયેલો ગાંજાનો જથ્થો લેવા આવેલા બે યુવકો ઝડપાયા

**સુરત ગ્રામ્ય એસઓજી પોલીસે બેને વોન્ટેડ જાહેર કર્યા**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**

ઓરિસ્સાથી ટ્રેન મારફતે આવેલો ગાંજાનો જથ્થો પલસાણાના બગુમરા રેલવે પટરી પાસે ફેંકવામાં આવ્યો હતો. આ ગાંજાનો જથ્થો લેવા ગયેલા પલસાણાના બે યુવકોને સુરત ગ્રામ્ય એસઓજીએ પકડી પાડ્યો હતો.

સુરત ગ્રામ્ય એસઓજી પોલીસને મળેલી બાતમીના આધારે પલસાણા તાલુકાના બગુમરા ગામની સીમમાં, બગુમરા રેલ્વે પટરી પાસે નહેર નજીક એસઓજી પોલીસે તપાસ હાથ ધરી હતી.અહીથી એસઓજીએ ગાંજાના જથ્થા સાથે ઈબાદતઅલી ઉર્ફે બાગબાન ઉર્ફે ભગવાન મુનાવરઅલી સૈયદ (મકાન નંબર-એફ/૯, ક્રિષ્ના હેર સલુન દુકાનમાં, ક્રિષ્ના પેલેસ એપાર્ટમેન્ટ, તાંતીથૈયા, તા-પલસાણા, જી-સુરત ) અને કિશનકુમાર લલ્લન ઠાકુર (મકાન નંબર-એફ/૯, ક્રિષ્ના હેર સલુન દુકાનમાં, ક્રિષ્ના પેલેસ એપાર્ટમેન્ટ, તાંતીથૈયા, તા-પલસાણા, જી-સુરત) ને પકડવામાં આવ્યા હતા.

પોલીસે વધુ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે ઈબાદતઅલી, કિશનકુમાર ઠાકુર તથા વોન્ટેડ આરોપીઓ અર્પિત તથા રાહલ સુખલાલ ભાગીદારીમાં છૂટકમાં ગાંજાનો જથ્થો વેચાણ કરે છે. અને આરોપી રાહુલ સુખલાલએ ઓરીસ્સાથી તેના માણસ મારફતે ટ્રેનમાં ગાંજાનો જથ્થો મંગાવ્યો હતો. જે ગાંજાનો જથ્થો બગુમરા ગામે રેલ્વે પટરી પાસે નહેર નજીક ફેકેલ હોય જે જથ્થો લેવા જતા ઈબાદતઅલી અને કિશનકુમારને પકડી પાડવામાં આવ્યા હતા.

## સત્તાથી જોજનો દૂર સુરત કોંગ્રેસ જુથવાદમાં જ ખતમ થઈ જશે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**

સત્તાથી જોજનો દૂર કોંગ્રેસ આજે પણ જૂથવાદમાં વધુને વધુ ખતમ થઈ રહી છે. એકબીજા જૂથના કોંગ્રેસી કાર્યકરોનું કોંગ્રેસના રાજકારણમાંથી ખતમ કરવા કાવાદાવા રચીપચી રહેતી કોંગ્રેસ આપોઆપ જનાધાર ગુમાવી રહી છે. સુરત કોંગ્રેસ પક્ષમાં ગણતરીના કાર્યકરો જ સરકાર કે તંત્ર સામે બાય ભાડતા હોય છે. ત્યારે આવા કોંગ્રેસના પ્રખર સૈનિકને જુથવાદના નામે પક્ષપ્રમુખ દ્વારા યેનકેન પ્રકારે કોંગ્રેસ અને પ્રજાનો અવાજ બનતા અટકાવવાના પ્રયાસો પક્ષ વિરોધી પ્રવૃતિના નામે કરવામાં આવી રહ્યા હોવાનો સૂર ખૂદ કોંગ્રેસ કાર્યકરોમાં ચર્ચાઈ રહ્યો છે. સુરત કોંગ્રેસને આજે પણ જીવંત રાખવામાં સુરત જિલ્લાના ખેડૂત આગેવાન દર્શન નાયક, સુરત શહેરમાં અસલમ સાયકલવાળા, કલ્પેશ બારોટ જેવા ગણતરીના કોંગ્રેસના કાર્યકરો આજે પણ પ્રજાના પ્રશ્નો માટે લડતા રહ્યા છે. કોંગ્રેસના કપરા સમયમાં પ્રજાનો અવાજ બનતા કોંગ્રેસના પ્રવક્તા કલ્પેશ બારોટને પક્ષપ્રમુખ વિપુલ ઉધનાવાળાએ શિષ્ટભંગની નોટિસ ફટકારી છે. આ નોટિસ સંદર્ભે કલ્પેશ બારોટે જણાવ્યું હતું કે, મેં ક્યારે પક્ષ વિરોધી પ્રવૃતિ કરી નથી. કોંગ્રેસ પક્ષના કાર્યકર તરીકે આજે ૪૦ વર્ષ થયા છે. અને કોંગ્રેસ પક્ષના સૈનિક તરીકે આજે પણ લોકપ્રશ્નો અંગે મારી લડત ચાલુ જ રહેશે.

## વેબ સિરિઝમાં કામ અપાવવાના બહાને ઠગાઈ કરનાર બેની ધરપકડ

**આ અંગે રાહુલ રાઠોડે અલથાણ પોલીસમાં ફરિયાદ આપી હતી**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**

વેસુ ખાતે રહેતા વેપારી રાહુલ રાઠોડને સીરીયલ અને વેબ સીરીઝમાં કામ અપાવવાના બહાને રૂપિયા ૧.૭૧ કરોડ પડાવવાના કેસમાં દિલ્હીની ઠગ ગેંગના વિવેક ઉર્ફે રાહુલ રોય અને અલકા બરૌનીયની અલથાણ પોલીસે દિલ્હીથી ધરપકડ કરી આગળની તપાસ શરૂ કરી છે.

વેસુ ખાતે સેલીબ્રીટી ગ્રીનમાં રહેતા રાહુલ માગીલાલ રાઠોડ વ્યવસાયે વેપારી છે. રાહુલ રાઠોડે દીલ્હીના અલ્કા ઠાકુર બરોનિયા, અરમાન ખાન ઉર્ફે વકાર આલમ, શિ વા ઠાકુર ઉર્ફે મોહિત, અને વિવેક રાજપુત ઉર્ફે રાહુલ રોય સામે વેસુ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓ સાથે રાહુલ રાઠોડનો સંપર્ક થયો હતો. આરોપીઓએ ખોટા નામ ધારણ કરી રાહુલ રાઠોડને સીરીયલ કે વેબ સીરીઝમાં કામ અપાવવાના બહાને સને-૨૦૨૨ ના ઓક્ટોમ્બર માસથી ફેબ્રુઆરી ૨૦૨૪ દરમ્યાન યુ.પી.આઈ. થી ,ઓનલાઈન, ચેકથી, આંગણીયા મારફતે, તથા રોકડા રૂપિયા છુટક છુટક અલગ અલગ તારીખોએ તથા અલગ અલગ જગ્યાએ કુલ્લે રૂપિયા- ૧.૭૧ કરોડ ખંખેરી લઈ પોતાની ઓફીસનું સરનામું પણ બદલી નાખી ફરીયાદીને સીરીયલ કે વેબ સીરીઝમાં કામ નહી અપાવી વિશ્વાસઘાત કર્યો હતો. આ મામલે ઓગસ્ટ મહિનામાં અલથાણ પોલીસે ઠગાઈનો ગુનો નોંધ્યો હતો.

ગઈકાલે પોલીસે દિલ્હી ખાતેથી આરોપી વિવેક ઉર્ફે રાહુલ રોય ઈન્દર પાલ રાજપુત સિંગ(ઉ.વ-૨૩,રહે મહરોલી જહાજમહાલ ની સામે દિલ્હી) અને અલકા વિજયસિંગ બરૌનીયા( ઉ.વ- ૨૮,રહે રાજાપુરી ગલી નંબર એક ઉત્તમ નગર દિલ્હી) પોલીસે ધરપકડ કરી હતી. આજે બપોરે કોર્ટમાં રજુ કરાશે. આજ રીતે આ ઠગ ટોળકીએ અન્ય રાજયના બિઝનેસમેનો સાથે પણ કરોડોની ઠગાઈ કરી છે.

## મિત્સુ ચાવડાની યુ.એસ.એ.માં નોટરી કમિશન તરીકે નિમણૂક

સુરત:એડવોકેટ દિપીકાબેન ચાવડા અને પ્રેમજી ચાવડાની દિકરી મિત્સુ ચાવડાને લોસએન્જલસ (યુ.એસ.એ.) માં નોટરી કમિશન તરીકે નિમણૂક થતાં પરિવારમાં ખુશી વ્યાપી ગઈ હતી.



હાલમાં પ્રથમ ગુજરાતી દીકરી મિત્સુ ચાવડા કેલીફોર્નીયા યુનિવર્સિટી માંથી ડબલ એલ.એલ. એમ ઈમિગ્રેશન લો, મેટ્રી મેન્યુઅલ લો, ક્રિમીનલ લો, પોલીટીક્સ માં પ્રથમ ક્રમાંક મેળવી કેલીફોર્નીયા યુનિવર્સિટી માં ટોપ કરતા પોસ્ટ ગ્રેજ્યુએટ થયાને ૩ દિવસમાં લોસ એન્જલસ સીટી એટૅની, લોસએન્જલસ (યુ.એસ.એ.) માં એટર્ની સરકારી ઉચ્ચ હોદ્દા તરીકે જોબ મેળવેલ છે તા. ૨૭/૧૦/૨૦૨૫ નિમાતા કમિશન માટે નોટરી કમિશન તરીકે નિમણૂક પામેલ છે

## ભેસ્તાનના ગુમ યુવકની ઝાડ પર લટકતી લાશ મળી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**

સુરતના ભેસ્તાન વિસ્તારમાં એક યુવકે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈને આપઘાત કરી લેતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. વધુમાં જાણવા મળતી વિગતો અનુસાર મૃતક ગયા મહિને ૨૮ ઓક્ટોબરે ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયા હતા, ગઈકાલે તેમની લટકતી લાશ મળી આવી હતી.

મળતી માહિતી મુજબ, મૂળ ઓડિશાના ગંજામ જિલ્લાના વતની અને હાલ શ્યામધન કાલુચરન ગૌડા(૨૫ વર્ષ) ભેસ્તાન ગણેશનગર રૂમ નં-૦૬, પ્લોટ નં-૧૯માં રહેતા હતા.શ્યામધન ગૌડા તારીખ ૨૮/૧૦/૨૦૨૫ ના રોજ કોઈને જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગયા હતા. તેમના પત્ની ગાયત્રીએ આજે, ૨૦/૧૧/૨૦૨૫ ના રોજ પોલીસ સ્ટેશનમાં તેમની ગુમ થયાની નોંધ (મીસીગ) લખાવી હતી. જોકે, ગુમ થયાની નોંધ લખાવ્યાના ગણતરીના કલાકોમાં જ આજે બપોરના આશરે ત્રણેક વાગ્યા પહેલા શ્યામધન ગૌડાનો મૃતદેહ ભેસ્તાન ખાતે ઓમ ઈન્ડસ્ટ્રીઝની બાજુમાં બાલ-ક્રુષ્ણા રોહાઉસની સોસાયટીની સામેના ખુલ્લા મેદાનમાં બાવળના ઝાડની ડાળી પર રસ્સા વડે લટકતી હાલતમાં મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં તેમણે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી હોવાનું માલુમ પડ્યું છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. આ મામલે એ.એસ.આઈ. અજયભાઇ ગોવિંદભાઇ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## લિંબાયતમાં કરંટ લાગવાથી યુવકનું મોત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**

સુરતના લિંબાયત વિસ્તારમાં આસાપુરી સોસાયટી ખાતે રહેતા એક યુવકનું ગઈકાલે સાંજે પાણીની ટાંકી ભરતી વખતે કરંટ લાગવાથી કરૂણ મોત થયું હતું.

મળતી માહિતી મુજબ, પ્લોટ નં. ૩૧૪માં રહેતા વાસુ નરસૈયા સિંદમ (ઉ.વ. ૪૦) નામના યુવક ગઈકાલે સાંજે ૭:૩૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે પાણીની ટાંકીમાં પાણી ભરી રહ્યા હતા, તે દરમિયાન અચાનક તેમને ઈલેક્ટ્રિક કરંટ લાગ્યો હતો.

ગંભીર રીતે ઘાયલ થયેલા વાસુને તેમના ભાઈ ગણેશ તાત્કાલિક ગોડાદરા સ્થિત નવજીવન હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જોકે, ફરજ પરના ડો. સુનીલભાઈએ તપાસ બાદ રાત્રે તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાને પગલે લિંબાયત વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.